SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

Rs. 5/-

December '06

પ.પૂ.મોટા મહારાજશ્રીના દિવ્ય
સંકલ્પ એવા શ્રી સ્વામિનારાયણ
મ્યુઝિયમનું કામ ધમધોકાર ચાલી
રહ્યું છે. તેનું નિરીક્ષણ કરી
એન્જીનીયર સાથે ચર્ચા કરતાં
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૯ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad-1



છપૈયામાં પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરતા મુખ્ય યજમાનશ્રી
તથા પૂ.બ્રહ્મચારી સ્વામી રામકૃષ્ણાનંદજી



છપૈયામાં ઉત્સવ દરમ્યાન ઉમટેલ ભક્તોની ભારે ભીડ વચ્ચે
દર્શન આપતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



વયોવૃધ્ધ બ્રહ્મચારી સ્વામી રામકૃષ્ણાનંદજીનું સન્માન
પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી દ્વારા કરવામાં આવ્યું



શ્રી નરનારાયણદેવ સ્કીમ કમિટિના સભ્યોની સાથે છપૈયામાં
પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી



પ્રાકટયભૂમિમાં ૨૨૫ મા જન્મોત્સવ પ્રસંગે પ્રસાદનું વિતરણ કરતા
પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી




છપૈયામાં વિશાળ સભામંડપમાં કથા શ્રવણ કરતા શ્રોતાઓ.

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૮ ડિસેંબર - ૨૦૦૬



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ની મોરેશ્યસ - સિસલ્સ ધર્મયાત્રા	૬
૪.	ભક્તવર્મા શ્રીહરિ	૯
૫.	અનોખી ટેક	૧૧
૬.	માનરૂપ મોટો દોષ	૧૩
૭.	શ્રી ઘનશ્યામ મહારાજનો રજત દ્વિશતાબ્દી મહામહોત્સવ "જન્મભૂમિમાં જન્મ જયંતી"	૧૫
૮.	अन्य संप्रदायेषु स्वामिनारायण संप्रदायस्य वैदिकत्वं भगवतः स्वामिनारायणस्य भगवत्ताच ॥	૧૭
૯.	સત્સંગ સુરભિ : હરિચરણમાં સ્નેહ તે જ સાચો મોક્ષ	૨૦
૧૦.	સત્સંગ બાલવાટિકા (૧) માળા કેવી રીતે ફેરવવી ? (૨) સેવાનો મહામંત્ર	૨૨
૧૧.	પ્રશ્નપેટી	૨૪
૧૨.	ભક્તિસુધા (૧) ઘનશ્યામ ક્યાં છે ? (૨) વનવિચરણ (૩) આવો જ્ઞાનયજ્ઞમાં	૨૫
૧૩.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૯

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

अस्मदीयम्

તંત્રીશ્રીની કલમે....

આપણા શાસ્ત્રોમાં મનુષ્યદેહની દુર્લભતા માટે કહેવામાં આવ્યું છે કે દુર્લભો માનુષ્યોદેહો દેહીનાં ક્ષણભંગુરઃ । દેહધારી માત્રમાં મનુષ્યનો દેહ અતિ દુર્લભ છે. કારણ કે બીજા બધા જ દેહધારીઓથી પંચવિષયના સુખો તો સર્વ પ્રકારે ભોગવી શકાય છે. પરંતુ તેમાં પોતાના જ આત્માના સુખ માટેનો વિચાર કરવાની કે વિચારવાળા સાધન કરવાની બિલકુલ અશક્તિ છે. જ્યારે મનુષ્ય નામધારી શરીરથી આત્મશ્રેયનું સાધન સારી રીતે કરી શકાય છે. તેથી દેવતાના અમર શરીરધારીઓને પણ આ ક્ષણભંગુર માનવ શરીર હોવા છતાં તે મેળવવાની લાલચ રહે છે. આ અતિ મહત્વનું શરીર છે જ. તો પણ તેનો ક્યારે અને ક્યાં, કેવી રીતે અંત આવી જશે તેની કોઈપણ પ્રકારની જાણકારી જીવ મેળવી શક્યો નથી. માટે જેના માટે આ માનવ શરીરની દુર્લભતા કહી છે તે આત્મશ્રેયનું સાધન સાધી લેવું જોઈએ. ઈશ્વર ભક્તિ એજ આત્મશ્રેયનું અતિ સરળ અને મુખ્ય સાધન સર્વ ધર્મના રહસ્યમય શાસ્ત્રોમાં કહેલ છે.

પોતાના ઈષ્ટદેવ પરમેશ્વરની સર્વોપરિ ભક્તિ કરવી એજ એક આત્મશ્રેય અર્થાત મોક્ષનું સાધન છે. તે સાધનરૂપ નવધા ભક્તિ દ્વારા સાધ્ય એવી પ્રેમલક્ષણા પ્રપન્ન (શરણાગત) ભક્તિને પ્રાપ્ત કરી લેવાની છે. ૧૬ ડિસેમ્બરથી પવિત્ર ધનુર્માસનો પ્રારંભ થઈ રહ્યો છે. જે જગતના જીવો માટે કમુરતા અને ભગવાનના ભક્ત માટે ભગવાનને ભજવા માટે શુભ મુહૂર્ત! તો શ્રીહરિના સર્વે આશ્રિતજનોએ પ્રાતઃ કાળમાં વહેલા જાગીને પરમેશ્વરના મંગળમય સ્મરણમાં જોડાઈ જવું. સ્વામિનારાયણ ભગવાનની પણ એજ આજ્ઞા છે. પવિત્ર ધનુર્માસમાં શ્રીહરિએ બાથમાં લઈને સ્થાપન કરેલ સ્વસ્વરૂપશ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં નામ સંકીર્તનમાં ભાવથી પ્રાતઃ કાળમાં સભામંડપમાં જોડાઈને ભગવાનની કૃપા મેળવી લઈએ એજ શ્રીહરિના આશ્રિતો માટે આ મનુષ્ય જન્મનું સફળ ભાથું છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(નવેમ્બર - ૨૦૦૬)

૨. થી ૧૨-૧૧-૨૦૦૬
મોરેશ્યસ અને સિસલ્સ ટાપુ માં સત્સંગ પ્રચારાર્થે વિચરણ.

૧૩-૧૪. ભુજ (કચ્છ) પધરામણી.

૧૬. પ.ભ. ભરતભાઈ શીવાભાઈ પટેલને ત્યાં કલોલ ગામે મહાપૂજા પ્રસંગે પધરામણી.

૧૭. ચલોડા (જીતબાનું - ધોળકાદેશ) ગામે પ.ભ. સંદિપકુમાર ચંદ્રકાન્તભાઈ અમીનને ત્યાં પધરામણી.

૨૦. પ.ભ. નવિનચંદ્ર મગનલાલ ચોકસીને ત્યાં પધરામણી, નારણપુરા.
પ.ભ. રજનીકાંત વનમાળીદાસ પરમારને ત્યાં પધરામણી, નવાવાડજ.

૨૧. વિરમગામ પ.ભ. બાબુલાલ ત્રિકમભાઈ ઠક્કરને ત્યાં તુલસી વિવાહ - યજ્ઞોપવિત પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી.

૨૩. પ.ભ. ભરતસિંહ હાલુભા વાઘેલાને ત્યાં પધરામણી, ઈયાવા (સાણંદ)
પ.ભ. કાંતિલાલ ચિમનલાલ પંડ્યાને ત્યાં પધરામણી, સાબરમતી.

૨૫. શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેકટર-૨) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
બાલવા ગામે પ.ભ. વિક્રમભાઈ ગોબરજી ભાટીને ત્યાં પધરામણી.
પ.ભ. નટવરભાઈ બેચરદાસ પટેલને ત્યાં પધરામણી, સોલા રોડ.

૨૬. ભાઉપુરા ગામે પ.ભ. મહેન્દ્રભાઈ શિવદાસ પટેલને ત્યાં પધરામણી.
શ્રીનિલકંઠ મહાદેવ પધરામણી, ઘાટલોડીયા.
પ.ભ. રમેશભાઈ બળદેવભાઈ ઠક્કરને ત્યાં પધરામણી, વેજલપુર.
પ.ભ. પરસોત્તમભાઈ ધનજીભાઈ ખોલીયાને ત્યાં પધરામણી, જીવરાજપાર્ક.

૨૭. વડુ શ્રી સ્વામિનારાયણ મંદિર - શ્રી હનુમાનજી મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૮. પ.ભ. ત્રિભોવનભાઈ પરસોત્તમભાઈ મીસ્ત્રીને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી, લખતર (મૂળીદેશ).

૨૯. પ.ભ. કમલેશભાઈ હિંમતલાલ ટાંકને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી, અસારવા.
પ.ભ. અજીતસિંહ રામાજી ડાભીને ત્યાં પધરામણી, અસારવા.

૩૦. શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મોરેશ્યસ અને સિસલ્સની ધર્મયાત્રા પ્રસંગે ત્યાંના રાજકિય ધાર્મિક અને વિવિધક્ષેત્રના ઉદ્યોગપતિઓએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ખૂબજ નિકટતાથી દર્શન મુલાકાત અને પોતાના નિવાસ સ્થાને પધરામણી કરાવીને ખૂબજ પ્રભાવિત થયા હતા. જે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સ્વદેશ પધાર્યા બાદ તેઓ સૌએ ખૂબજ લાગણી આત્મીયતાથી પ્રેરાઈને કોઈએ પત્ર ઈ-મેઈલ દ્વારા પૂ. મહારાજશ્રીને પોતાની ભાવના શુભેચ્છા જણાવી તે દરેક પત્રોનો સારાંશ-અંશ.

ALLIED BUILDERS (SEYCHELLES) LIMITED

www.alliedbuilders-seychelles.com

P. O. Box 215, Les Mamelles, Mahe, Seychelles.

Your message through Seychelles Broadcasting Corporation and the local daily has reached a wide cross section of society including Christen Brethren.

There was a deluge of letters and telephone calls from dignitaries and other people who had the God sent opportunity to have your Dharshan and glimpse of your presence. Few of such letters received from devotees are enclosed for your kind perusal.

All of us feel rejuvenated, motivated and spiritually enriched and are swayed by your Holiness' politeness grace and composure. Your message of "God is one and we are all trying to reach Him" is still reverberating in our ears.

National Assembly of Seychelles

The Speaker

It was interesting for us Seychellois present and particularly people of leadership to experience the Indo Hindu spirituality and culture at first hand in an authentic environment.

For me and my wife, if was an honour and a welcome insight both culturally and spiritually.

Hon. F. MacGregor
SPEAKER

Republic of Seychelles

Ministry of Community Development and Youth

His Holiness' presence was truly remarkable drawing devotees to him and I personally witnessed the cheerful faces of people who were blessed by His Holiness.

Yours sincerely

Vincent Meriton

CHIEF JUSTICE'S CHAMBERS
SUPREME COURT
VICTORIA, MAHE
SEYCHELLES

I was struck with the divinity of his Holiness, I noticed an aura of peace, tranquility which his Holiness was able to permeate to all those who were able to have his darshan.

I consider myself very forrunate to have been able not only to have a glimpse of his Holiness but to have been permitted to have a short conversation with Him.

His Holiness' pleasant personality is a pulling force which draws people to Him without any effort on his part. I felt myself being drawn to Him and could lay at his feet and forget about all worldly cares.

Yours Sincerely
V. Alleear
Chief Justice

High Commission of India
P.O. Box No.488, Le Chantier

People of Seychelles – especially the Indian immigrant labour – found immense relief and solace in the holy presence of Acharyaji.

(Arun Kumar Goel)
High Commissioner

Justice D. Karunakaran
JUDGE
SUPREME COURT

Your dicourse fine-tuned our spiritual station.

For me personally, it was a great honour and a very special privilege to have been asked to sit at the left of His Holiness. We had the opportunity to exchange in fraternal conversations. Unforgettable ! I am very thankful.

Father Gustave Lafortune,
Good Shepherd Church,
Mont Fleuri, 28-11-2006.

SEYCHELLES HINDU KOVIL SANGAM

On behalf of the Sangam I wish to thank you for the opportunity given to us to honour His Holiness and receive his blessings.

T. SHANMUGAM PILLAY
CHAIRMAN

RAMANI & COMPANY
CHARTERED ACCOUNTANTS

We saw the Heavenly Light in His eyes, Godly Politencess, Charm and Calmness of a silent stream in His face and over powering strength in His Discourse.

N. Ramani
Chartered Accountant

MINISTRY OF HEALTH
P.O. Box 52, Mont Fleuri, Republic of Seychelles
Seychelles Telephone (248) 388000. Fax: (248) 224792
Email: dgpri@moh.gov.sc

H.H. Acharya Maharajshri blessings with the divine light in his eyes with calmness gave much to us the spiritual renaissance and the experience of it's memory will last forever as long as we live.

Dr. V. M. Reddy
ACCIDENT & EMERGENCY UNIT
VICTORIA HOSPITAL MAHE SEYCHELLES

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ની

મોરેશ્યસ - સિસલ્સ ધર્મયાત્રા

- શાસ્ત્રી શ્રીજીપ્રકાશદાસ (હાથીજણ ગુરૂકુળ)

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું નામ પાંદડે પાંદડે લેવાશે તે યુક્તિ ખરેખર સાકાર થતી જાય છે. દેશ-વિદેશમાં મૂળ સંપ્રદાયના આશ્રિતો કોઈ ધંધાર્થે, કોઈ નોકરી અર્થે અને કોઈ એન્જીનીયર કોઈ ડોકટર એવા ઘણા બુદ્ધિજીવી અને શ્રમજીવી લોકો વિદેશ સ્થાયી થયા છે. પરંતુ ભૌતિકવાદી દેશોમાં તેઓ ધર્મ-સંપ્રદાયને ભૂલ્યા નથી તે ગૌરવની વાત છે. શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ શ્રીહરિના ૬ઠ્ઠા વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ વિશ્વના ધનાઢ્ય અને સમૃદ્ધ એવા અમેરિકા ખંડમાં આજથી ૩૪ વરસ પહેલા I.S.S.O. ની સ્થાપના કરી ત્યારે કોઈને કલ્પના નહતી કે ત્યાં આટલી મોટી સંખ્યામાં વિશાળ મંદિરો નિર્માણ થશે. અને લાખોની સંખ્યામાં શ્રી નરનારાયણદેવના આશ્રિતો હશે.આ બધુંજ શ્રેય આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી અને વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સંકલ્પના બળે સિધ્ધ થયું છે. કારણ તેમનો સંકલ્પ સર્વોપરિ શ્રીજી મહારાજ નો જ સંકલ્પ હોય છે.

અમેરિકા ઉપરાંત ઈંગ્લેન્ડ, ઈસ્ટ આફ્રિકા, (કેનિયા) મિડલ ઈસ્ટ, ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ અને સ્વીડન વગેરે દેશોમાં આપણા અનેક મંદિરો નિર્માણ થયા છે. અને હાલ અનેક મંદિર નિર્માણ થઈ રહ્યાં છે. આટલા બધા મંદિરો થવાથી કોઈને કોઈ દેશમાં પાટોત્સવ-પ્રતિષ્ઠા-પારાયણો જેવા અનેક ઉત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી વરસમાં અનેકવાર નાની-મોટી વિદેશ ધર્મયાત્રાએ વિચરણ કરવા પધારે છે.

મોરેશ્યસ અને સિસલ્સ ટાપુમાં આપણા કચ્છ અને ગુજરાતના હજારો સત્સંગીઓ નોકરી ધંધાર્થે સ્થાયી થયા છે. તેમને દર્શન-આશીર્વાદ અને કથા વાર્તાનું સુખ આપવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને સાથે સંતોમાં શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી(હાથીજણ ગુરુકુળ), સ્વામી નારાયણસ્વરૂપદાસજી (પ્રયાગ મંદિર, મહંતશ્રી), કોઠારી સ્વામી આનંદપ્રસાદદાસજી (મથુરા મહંતશ્રી) આદિ સંત મંડળ સાથે તા. ૨-૧૧-૦૬ના રોજ અમદાવાદથી મોરેશ્યસ જવા પ્રયાણ કર્યું.

આપણી જે પરંપરાની સંસ્કૃતિ છે તેને વળગી આપણા સત્સંગી ભાઈ-બહેન, કુટુંબ તથા સગા સંબંધીને પ્રત્યે પ્રેમના સાચા તાંતણે જોડાઈ આ જીવને સાર્થક કરવાને માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલો રાહ તથા પ્રર્વતાવેલી રીતિને અપનાવી સત્સંગના પિયુષનું પાન કરાવવા તથા સર્વોપરિ શ્રીનરનારાયણદેવની મૂર્તિ અખંડ અંતરમાં ઉતારી ભગવાનનું સુખ પ્રાપ્ત કરી લઈએ. આવો શુભ સંદેશ વિદેશમાં વસતા એક-એક હરિભક્તને મળી સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણ ની ઓળખાણ કરાવવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સંતો મોરેશ્યસ, સિસલ્સ અને પ્રાલે ટાપુ વગેરે ઘણા સ્થળોએ તા. ૨-૧૧-૦૬ થી તા. ૧૧-૧૧-૦૬ પર્યન્ત સત્સંગ પ્રચાર અર્થે પધાર્યા હતા.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતોએ મોરેશ્યસ ઉતરાણ કર્યું ત્યારે મોરેશ્યસના હરિભક્તોએ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા સંતોનું એરપોર્ટ પર ભવ્ય-સ્વાગત કર્યું. ત્યાંથી આપણા મોરેશ્યસ શ્રી સ્વામિનારાયણ મંદિર પ.પૂ. મહારાજશ્રી તથા સંતો પધાર્યા. ત્યાં સવારમાં પૂજાપાઠ કરી ભક્તજનોના પ્રેમનેવશ બની પૂજ્યપાદ મહારાજશ્રીએ સભામાં બિરાજમાન થઈ ચરણ સ્પર્શ તથા દર્શનનો લ્હાવો આપ્યો.

મધ્યાહન પછી મોરેશ્યસમાં રહેતા પ.ભ. કે. કે. પટેલની સાઈટ ઉપર પ.પૂ. મહારાજશ્રી પધાર્યા. સાંજે મંદિરમાં સંધ્યાઆરતી પરમ પૂજ્ય મહારાજશ્રીએ સ્વયં ઉતારી અને સંધ્યા-વંદના કરી હરિભક્તોની વિશાળ સભામાં પૂજ્ય મહારાજશ્રીએ આસન ગ્રહણ કર્યું. સભામાં હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારીને ફુલહારથી સ્વાગત કર્યું તથા સંતોનું પણ ફુલહારથી સ્વાગત કર્યું. વિશાળ સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રીએ જણાવ્યું કે

આપણને મળેલું ભગવાનનું સ્વરૂપ તે ચિંતામણી તૂલ્ય છે. આપણા વડવાઓએ આ મૂર્તિનું ચિંતવન કરી આલોક પરલોકમાં સુખી થયા છે. તથા સાચો વારસો મહારાજનું સ્વરૂપ જીવનમાં રાખવું એ જ છે. તા. ૪-૧૧-૦૬ ના રોજ સવારમાં શ્રીમદ્ સત્સંગિજીવન કથાનો શુભ પ્રારંભ પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે થયો. કથાના વકતા શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી એ પોતાની સુમધુર શૈલીમાં કથામૃત પાન કરાવ્યું. મધ્યાહ્ન પછી પ.પૂ. મહારાજશ્રી સંત હરિભકતો સાથે અત્રેના જોવા લાયક સ્થળો પૈકી શિવજીની વિશાળ અને નયનરમ્ય ૧૦૮ ફૂટ ઊંચી મૂર્તિ જોવા પધાર્યા હતા. બાજુમાં પ્રાચીન કહેવાતું "ગંગા" તળાવ ત્યાં પધારી પ.પૂ. મહારાજશ્રીએ સરોવરનું જળ લઈ તમામ હરિભકતો ઉપર છંટકાવ કરી ભક્તોના જીવનને ધૂન્ય બનાવી દીધું. એજ સરોવરના કાંઠે આવેલા એક જ્યોતિર્લિંગના દર્શન કરવા જઈ રહ્યા હતા ત્યારે પ.પૂ. મહારાજશ્રીએ રુદ્રાક્ષની ઉત્પતિ તથા તેના માહાત્મયની સુંદર વાત કરી. ત્યાં પધાર્યા ત્યારે મંદિરના પૂજારીએ પ.પૂ. મહારાજશ્રીના દર્શન કરી ખૂબજ ભાવવિભોર થઈને પૂ. મહારાજશ્રીનું રુદ્રાક્ષની માળાથી પૂજન કર્યું.

શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ. મહારાજશ્રી જે સંકલ્પ કરે એજ વસ્તુ સામે હાજર થાય એજ અપર સ્વરૂપનો મહિમા છે. પૂજારીએ ભાવવિભોર બની જ્યોતિર્લિંગનો અભિષેક કરવા પ.પૂ. મહારાજશ્રીને પ્રાર્થના કરી. પ.પૂ. મહારાજશ્રીએ જ્યોતિર્લિંગ નો મહાભિષેક વેદ વિધિસર ષોડશોપચાર પૂર્વક કરી આરતી ઉતારી. મંદિરના પૂજારીએ પ.પૂ. મહારાજશ્રીના ચરણ સ્પર્શ કરી ધન્યતા અનુભવી. ત્યાંથી પ.પૂ. મહારાજશ્રી સંતો સાથે પ.ભ. મહેશભાઈ અને પ.ભ. કે. કે. પટેલ પરિવારના ઘેર પધરામણી કરી. ત્યાંથી સાંજે સંધ્યા આરતી તથા નિત્ય-નિયમ કરી ઉતારે પધાર્યા. ત્યાં થોડો વિરામ કરી મોરેશ્યસના સમુદ્ર કિનારે સમુદ્રસ્નાન કરવા પધાર્યા. સંતો તથા હરિભકતો સાથે સમુદ્ર સ્નાન કરી અલૌકિક મહા દિવ્ય સુખ આપ્યું. ત્યાં બાજુમાં વસતા પ.ભ. લાલજીભાઈ પટેલના વિશાળ બંગલામાં પધરામણી કરી તેમનો સંકલ્પ પરિપૂર્ણ કર્યો અને ત્યાં પૂ. મહારાજશ્રીના સાનિધ્યમાં સંત-હરિભકતોએ બે કલાક નંદ સંતો રચિત કીર્તનો ગાઈને ભજન ભક્તિ કરી.

તા. ૬-૧૧-૦૬ ના રોજ સવારમાં ઠાકોરજીની આરતી બાદ. પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ થઈ. ત્યારબાદ સ્વામી નારાયણસ્વરૂપદાસજી એ વચનામૃતની કથા સાથે શ્રી નરનારાયણદેવ તથા ધર્મકુળના મહિમાની કથા કરી. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ આશીર્વાદ આપતા પોતાની બાલ્યાવસ્થામાં અહીં પધાર્યા હતા તે દિવ્ય અલૌકિક ચરિત્ર યાદ કરી રૂડા આશીર્વાદ આપ્યા. અને ત્યાં વસતા અનેક હરિભકતોના ઘરે પધરામણી કરીને ઘરને તીર્થરૂપ બનાવી હરિભકતો ને ખૂબજ રાજી કરી આશીર્વાદ આપ્યા. પછી મોરેશ્યસના હરિભક્તોની વિદાય લઈ પ.પૂ. મહારાજશ્રી તથા સંતોએ સિસલ્સ જવા પ્રયાણ કર્યું.

સિસલ્સના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ત્યાં વસતા આપણા હરિભકતોએ પ.પૂ. મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું. હરિભકતોના વિશાળ સમૂહ સાથે પ.પૂ. મહારાજશ્રી આપણા મંદિર પધાર્યા. ત્યાં પણ બેન્ડ-પાર્ટી સાથે હરિભકતોએ પ.પૂ. મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત સામૈયુ કર્યું. પ.પૂ. મહારાજશ્રીએ મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજની આરતી ઉતારીને સૌને દર્શનનું અલૌકિક સુખ આપ્યું. હરિભકતો દ્વારા વિશાળ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાં પૂ. મહારાજશ્રી પધાર્યા. ત્યાં સભામાં હરિભકતોએ સમૂહમાં પ.પૂ. મહારાજશ્રીની આરતી ઉતારી પૂજન કરી ફુલહારથી સ્વાગત કર્યું. હરિભકતો ઉપર અતિ રાજી અને પ્રસન્ન થઈને અંતરથી આશીર્વાદ આપ્યા.

તા. ૭-૧૧-૦૬ના રોજ સવારે કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ.પૂ. મહારાજશ્રીએ વ્યાસપીઠની આરતી ઉતારી ત્યારબાદ કથાનો પ્રારંભ થયો. ત્યાં વસતાં દરેક હરિભકતોના ઘેર પધરામણી કરી ઘરને પાવન કરી તીર્થરૂપ બનાવ્યા. અહીં ઘણા નાના-મોટા ટાપુ આવેલા છે. તેમાંના માહે ટાપુ ઉપર આપણા હરિભકતોની સાઈટ તથા કંપની પર પ.પૂ. મહારાજશ્રીએ પધરામણી કરી. સાંજે આપણા મંદિરમાં પધાર્યા. ત્યાં સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજની આરતી ઉતારીને સૌને દર્શનનું સુખ આપ્યું.

તા. ૮-૧૧-૦૬ના રોજ સવારમાં કથાવાર્તા તથા મહાપૂજામાં પૂજ્ય મહારાજશ્રીએ પધારી તમામ હરિભકતોને અલૌકિક દર્શનનું સુખ આપ્યું. હરિભકતોને વિશેષ સુખી કરવા તેમના નિવાસ અને સાઈટો પર પ.પૂ. મહારાજશ્રીએ પધરામણી કરી અને હરિભકતોને ખૂબજ રાજી કર્યા. ત્યાંથી પ.પૂ. મહારાજશ્રી શૈલ્વી ટાપુ પર પધાર્યા. ત્યાંના આપણા હરિભકતોએ પ.પૂ.

મહારાજશ્રીનું ફૂલહારથી સ્વાગત કર્યું. તે સૌ ભક્તોને પૂ. મહારાજશ્રીએ રાજી થઈને ખૂબ-ખૂબ આશીર્વાદ આપ્યા. ત્યાંના હરિભક્તોને વિશેષ દર્શનનું સુખ આપવા ઠાકર થાળીના ભવ્ય ઉત્સવમાં પધાર્યા. પ.પૂ. મહારાજશ્રીએ ઉત્સવમાં રાસ ગરબા અને કીર્તનની રમઝટમાં તન્મય થયેલા હરિભક્તોને જોઈ ખૂબજ રાજી થયા અને સૌ ભક્તોને અંતરના આશીર્વાદ આપ્યા.

તા. ૯-૧૧-૦૬ના રોજ મંદિરમાં પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે આરતી તથા કથાની પૂર્ણાહુતિ ધામધુમથી સંપન્ન થઈ. સભામાં સમસ્ત હરિભક્તોને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા. અત્રે વસતા હરિભક્તોના ઘેર ઘેર પધરામણી કરીને ઘરને પાવન કર્યા. ત્યાંથી પ.પૂ. મહારાજશ્રી ચાર્ટરપ્લેનમાં હરિભક્તોના અતિ આગ્રહથી પ્રાલેટાપુ પર પધાર્યા. ત્યાં એરપોર્ટ પર એલાઈડ બિલ્ડર્સ તથા પ્રાલે સ્ટાફ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ત્યાં હરિભક્તોને દર્શનનો દિવ્ય લાભ આપીને ખૂબજ રાજી કર્યા. ત્યાંથી પ.પૂ. મહારાજશ્રીએ ગ્રાન્ટાસ પધરામણી કરી. ત્યાં આપણા નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની પ્રાણ-પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે વેદવિધિસર કરીને સભામાં પધાર્યા. સભામાં સંત હરિભક્તોના પ્રવચન બાદ સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા. ત્યાં પ.પૂ.મહારાજશ્રીની નિશ્રામાં હરિભક્તો દ્વારા ઠાકર થાળી તથા કીર્તન ભક્તિનો સુંદર કાર્યક્રમ થયો. ત્યાં સૌ ભક્તો માટે પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૦-૧૧-૦૬ના મંદિરમાં મહાપૂજામાં બિરાજીને હરિભક્તોને અલૌકિક દિવ્ય દર્શનનું સુખ આપ્યું. ત્યાંથી સિસલ્સના જોવાલાયક સ્થળો અને અશલાઝીયા સમુદ્ર કિનારે સ્નાન કરી હરિભક્તોને રાજી કર્યા. ત્યાંથી પ.પૂ. મહારાજશ્રી ચાર્ટર પ્લેન તથા ચાર્ટર બોટ મારફતે લાડીંગ ટાપુ ઉપર પધાર્યા. ત્યાં લાડીંગ જે ટી પર આપણા હરિભક્તો અને ધર્મપ્રેમીજનોએ પ.પૂ. મહારાજશ્રીનું આરતી ઉતારી સ્વાગત પૂજન કર્યું. ત્યાંના એલાઈડ બિલ્ડર્સના સ્ટાફ ક્વાટર્સની પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે ખાત વિધિ કરવામાં આવી. ત્યાંથી લાડીક ટાપુ સાઈટ સીન અને કંપનીની વિવિધ સાઈટો પર તથા રેસિડન્ટ એન્જીનિયરના નિવાસ સ્થાને પધરામણી કરી. ત્યાં પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે રિલેક્ષ (લક્ષરી) લોજનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું. ત્યાંથી પ.પૂ. મહારાજશ્રી સિસલ્સના પ્રાલે, માહે અને લાડીંગ જેવા અનેક ટાપુ પર હેલિકોપ્ટર તથા ચાર્ટર બોટ દ્વારા પધરામણી કરીને ત્યાં વસતા તમામ હરિભક્તો ઉપર ખૂબ ખૂબ પ્રસન્ન અને રાજી થઈ આશીર્વાદ આપ્યા. ત્યાંના આપણા અગ્રગણ્ય હરિભક્તો શ્રી હરેશભાઈ, શ્રી પ્રવિણભાઈ દશર, શ્રી મહેશભાઈ તથા શ્રી કે. કે. પટેલ અને મોરેશ્યસ તથા સિસલ્સમાં વસતા આગેવાન હરિભક્તોએ સતત આ ધર્મ પ્રવાસમાં સાથે રહીને પ.પૂ. મહારાજશ્રીની સેવા કરીને ખૂબ ખૂબ રાજીપો મેળવ્યો. ખાસ ત્યાંના લીવી નામના ફોટોગ્રાફર કે જેમણે સતત પાંચ દિવસ સુધી પ.પૂ. મહારાજશ્રીની સાથે પ્રવાસમાં રહીને ઘણીજ તસવીરો લઈને પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા. છેલ્લે જ્યારે પૂ. મહારાજશ્રી સ્વદેશ અમદાવાદ પધારવાના હતા ત્યારે તેમણે પ.પૂ. મહારાજશ્રી સાથેના પ્રવાસમાં પાંચ દિવસ દરમ્યાન જે દિવ્ય અનુભૂતિ તેમને થઈ તે પ.પૂ. મહારાજશ્રીની સાનિધ્યમાં સભામાં જણાવતા કહ્યું કે મારા મોટા ભાગ્ય માનું કે મારું સદ્ નસીબ માનું મને રાત્રિએ સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાનના દર્શન થયા. એમ કહીને ખૂબજ પ્રભાવિત થઈને પ.પૂ. મહારાજશ્રીના ચરણોમાં આળોટીને દંડવત્ કરીને ખૂબજ ભાવવિભોર બની ગયા. ખરેખર આવા બિન સત્સંગીને જે દિવ્ય અનુભવ થયો તેજ આવી ધર્મ યાત્રાની ફલશ્રુતિ છે. મોરેશ્યસના નાયબ વડાપ્રધાનને જ્યારે સમાચાર મળ્યા કે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડા પ.પૂ. મહારાજશ્રી પધાર્યા છે તે જાણીને તેમણે પૂ. મહારાજશ્રીને પોતાના નિવાસસ્થાને પધારવા પ્રાર્થના કરી. પૂ. મહારાજશ્રી તેમના આમંત્રણનો સ્વીકાર કરી નાયબ વડાપ્રધાનના નિવાસે પધાર્યા અને ત્યાં નાયબ વડાપ્રધાન અને તેમના પરિવારે પ.પૂ. મહારાજશ્રીની આરતી ઉતારીને ફુલહારથી સ્વાગત પૂજન કરી દિવ્ય લાભ લીધો. પૂ. મહારાજશ્રીના અલૌકિક દર્શન કરીને ખૂબજ ભાવ વિભોર બનીને કહેવા લાગ્યા કે "આપના જેવા ભગવાનના ૭માં વંશજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડા આ ધરતી ઉપર વિચરણ કરીને લાખો કરોડો જીવોનું કલ્યાણ કરો છો તે મોટા ભાગ્યની વાત છે. આવી અનેક ગહન વાતો કરી પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદ મેળવી નાયબ વડાપ્રધાને ધન્યતા અનુભવી.

તમામ કાર્યક્રમ પૂર્ણ કરી હરિભક્તોને ખૂબ ખૂબ રાજી કરીને ચાર્ટર પ્લેન દ્વારા સિસલ્સ થી મોરેશ્યસ થઈ તા. ૧૨-૧૧-૦૬ના રોજ સ્વદેશ-અમદાવાદ આગમન કર્યું.

ભ્રષ્ટનગર્મા શ્રીહરિ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

રાત્રિ આગળ વધી રહી છે. ગામની શેરીઓ મૌન થઈ ગઈ છે. લોકો પોતપોતાના ઘરમાં નિદ્રાધીન થયા છે. પ્રાણીમાત્ર દૈનિક પ્રવૃતિઓ સંકેલીને વિરામ કરી રહ્યા છે. આખું ગઢપુર ગામ શાંતિની ગોદમાં વિશ્રાંતિ કરે છે ત્યારે અક્ષર ઓરડીમાં સુખ શય્યામાં સૂતેલા શ્રીહરિ બેચેની અનુભવી રહ્યા છે. ઊંઘ નથી આવતી. પડખા ફેરવે છે. બેઠા થાય છે. પાણી પીવે છે. સૂવે છે. વળી પાછા બેઠા થાય છે. ઢોલિયા પાસે આંટા મારે છે.

મહારાજ ! શરીરમાં કંઈ કસર છે કે શું ? આપ હજુ સુધી સૂતા નથી. શુકમુનિ અને મૂળજી બ્રહ્મચારી સમીપમાં જ સૂતા હતા. તેમાં શુકમુનિએ પૂછ્યું.

ના શુકમુનિ એવું કંઈ નથી. પણ ઊંઘ નથી આવતી.

આપ બપોર પછીના ઉદાસ જણાઓ છો. મનમાં કોઈ ચિંતા સતાવતી હોય તેવું લાગે છે.

સાંજે વાળુ પણ બરાબર નથી કર્યું. મૂળજી બ્રહ્મચારી બેઠા થઈ બોલ્યા. શુકમુનિ ! તમે સાચા છો. મારું મન બહુ બેચેન છે.

મહા પ્રભુ ! શા કારણે આપ બેચેની અનુભવો છો ?

આપણે શુકમુનિ, કોઈ ધર્મની, સંપ્રદાયની કે તેના વડાની નિંદા કરીએ છીએ ?

ના, મહારાજ !

તો પછી બીજા આપણી નિંદા કેમ કરે છે ? તમે જાણો છો કે આપણે લોકજીવનમાં ધર્મનું સ્થાપન કરીએ છીએ. ધર્મ એટલે સત્ય. સત્ય કદી છૂપાતું નથી. સત્ય કદી દબાતુ નથી. સત્ય અવ્યય છે. સત્ય શાશ્વત છે. ભગવાન બાદરાયણે ધર્મના જે સિધ્ધાંતો સ્થાપિત કર્યા છે તેને જ આપણે સ્વીકારીએ છીએ. તેનું જ પ્રતિપાદન કરીએ છીએ. તેની જ પુષ્ટિ કરીએ છીએ. લોક સમૂહને ધર્માભિમુખ કરીએ છીએ.

હે મહારાજ ! આ વાત અહીં કેવી રીતે પ્રસ્તુત છે ?

સ્વામી ! બુરાનપુરમાં હજુ સુધી વરસાદ નથી થયો. ખેડૂત મુશ્કેલીમાં છે. વરસાદ નહિ થાય તો અનાજ નહિ પાકે. પાણીની અછત થશે. લોકજીવનને માઠી અસર પડશે. અબોલ પશુ પંખીઓ પણ દુઃખી થશે. આથી ચિંતિત બનેલા રાજાએ શૃંગેરી પીઠના શંકરાચાર્યની પધરામણી કરાવી. વરસાદનું પૂછયું. શંકરાચાર્યે શું કહ્યું ખબર છે ?

તમારા રાજ્યમાં સ્વામિનારાયણના અનુયાયીઓ રહે છે. તે બધા અનિષ્ટોનું મૂળ છે. સ્વામિનારાયણનો ધર્મ વૈદિક ધર્મ નથી. ઉપજાવી કાઢેલો છે. ધર્મના નામે નવા સિધ્ધાંતો દાખલ કર્યા છે. આ એક પોતાનો સંપ્રદાય વિસ્તારવાનું છળ કપટ છે. ધર્મ વિરૂદ્ધ વર્તનાર અધર્મી છે. અધર્મીથી ધર્મ પીડાય છે. ધર્મ પીડાય ત્યારે પૃથ્વી દુઃખી થાય છે. પૃથ્વી દુઃખી થાય ત્યારે ઈન્દ્ર પણ કોપે છે. એટલે વરસાદ નથી થતો.

ગુરુદેવ ! કેમ કરું તો વરસાદ આવે ? રાજાએ પૂછ્યું.

મૂળ કારણ હોય તે દૂર કરવું. શંકરાચાર્યે કહ્યું. સત્સંગી માત્રને બોલાવો. કહો કે વરસાદ વરસાવો. ન વરસાવો તો કંઠીઓ તોડી નાખો. વરસાદ એમનાથી થવાનો નથી. એટલે કંઠીઓ આપી આપ તોડી નાખશે. ન તોડે તો નાખો જેલમાં. ભલે તેમનો ભગવાન અહીં સુધી લાંબો થાય.

રાજાએ એમ જ કર્યું. સત્સંગી માત્રને બોલાવ્યા. અને કહ્યું, તમે સૌ ધર્મને ભ્રષ્ટ કરનાર સ્વામિનારાયણના શિષ્ય થયા છો તેથી મારા રાજ્યમાં વરસાદ નથી પડતો. અઠવાડિયામાં વરસાદ કરો. ન કરી શકો તો કંઠીઓ તોડી નાખો. મારા રાજમાં અધર્મીઓ ન જોઈએ. ગુરુનું ફરમાન છે.

સત્સંગીઓ મક્કમતાથી બોલ્યા. રાજાજી ! ધર્મ અને ભક્તિનાં તેજ રાજતેજથી હમેંશા ચડિયાતા છે. તે કદી વિલાતાં નથી. વરસાદ કરવો ન કરવો તે અમારા હાથમાં નથી. પરંતુ સ્વામિનારાયણ ભગવાને પહેરાવેલી કંઠીનું રક્ષણ કરવું અમારા હાથમાં છે. શરીરમાં પ્રાણ હશે ત્યાં સુધી ગળામાં કંઠી હશે. ધર્મના આધારને ભ્રષ્ટ કહેનારના કૂળ નિર્મૂળ થઈ ગયા છે એ ઈતિહાસ બોધ નથી જાણતા કે શું ?

ભ્રમિત રાજાએ ગુસ્સાથી કહ્યું, સિપાઈઓ ! નાખો બધાને જેલમાં. અઠવાડિયામાં વરસાદ આવે તો છોડજો. ન આવે તો કપાળમાં ડામ દઈ રાજની હદ બહાર કાઢી મૂકજો.

શુકમુનિ ! મને આ જ મોટી ચિંતા છે. મારા ભક્તો ખાધાપીધા વિના જેલમાં બેઠા છે. મારે તેમને છોડાવવા છે. શ્રીહરિએ આંટા મારતા મારતા કહ્યું. મને થાય છે કે આપણે તેમને એક ધીરજનો કાગળ લખીએ.

ભલે મહારાજ ! આપ શાંતિથી પોઢી જાઓ. સવારે જેમ કહેશો તેમ કાગળ લખશું. શુકમુનિએ કહ્યું.

ના સ્વામી ! કાગળ તો આપણે અત્યારે જ લખવો છે. મને શાંતિ થાય. શુકમુનિએ દીવો પ્રગટાવ્યો. કાગળ અને કલમ લાવ્યા. થોડો પત્ર લખ્યો ત્યાં દીવો પવનથી હોલવાઈ ગયો. મુનિએ કહ્યું, મહારાજ, બાકીનો પત્ર સવારે પૂરો કરશું.

આપ પોઢી જાઓ. શ્રીહરિ કહે છે મુનિવર, પત્ર પૂરો કરીને જ સુવું છે. તમારે અજવાળાનું કામ છે ને ? અજવાળું હું કરું છું. મહારાજે પોતાનો જમણો પગ ઢોલિયાની બહાર નીચે ઝૂલતો રાખ્યો. પગના અંગુઠામાંથી દીવાના પ્રકાશ કરતાંયે અધિક પ્રકાશ પડવા લાગ્યો. મહારાજ બોલતા ગયા. શુકમુનિ લખતા ગયા. ધીરજતાના કેટલાક આખ્યાનો લખાવ્યા. છેલ્લે લખ્યું કે હે ભક્તો ! તમે કોઈ ચિંતા ન કરશો. મુંઝાશો મા, ઉદાસ થાશો મા. હૈયે હિંમત રાખજો. આજથી ત્રીજે દિવસ સમગ્ર દેશમાં વરસાદ થશે. અને અઠવાડિયા સુધી ચાલુ રહેશે. પત્ર પુરો કરી બીડાવી દીધો. ઉપર સરનામું લખાવ્યું.

હવે આ કાગળ આપણે બુરાનપુર પહોંચાડવો છે. હાલ જ કોઈને સાબદા કરો.

હજુ તો મધરાત છે મહારાજ !

એની ફકર નહિ. કોણ જાય એવું છે ?

માણાવદરથી ગોવિંદ ભટ્ટ આજે આવ્યા છે. એ બહુ ઝડપી ચાલવાળા છે. એને મોકલો. મુકુંદ બ્રહ્મચારીએ કહ્યું, રતનજી બાપુ ગોવિંદ ભટ્ટને બોલાવી લાવ્યા.

ભટ્ટજી, તમે આ કાગળ લઈ બુરાનપુર જાઓ. ત્યાં વરસાદ વરસાવી આવો. શ્રીહરિએ કહ્યું.

ભલે મહારાજ જઈશ.

લ્યો આ કવર, અત્યારે જ ઉપડો.

ખમો મહારાજ, હું લુગડાં પહેરી ખડિયો લઈને આવું. થોડી જ વારમાં તૈયાર થઈ આવ્યા. મહારાજને દંડવત પ્રણામ કર્યા. તેમના હાથમાંથી કાગળ લઈ ખડિયામાં નાખ્યો. જવા લાગ્યા ત્યારે મહારાજે કહ્યું, ભટ્ટજી, આડે અવળે ક્યાંય રોકાશો નહિ. જલદી જાઓ. કાગળ આપી તરત પાછા વળી નીકળજો.

ભટ્ટજી ચાલતા થયા. ઘેલાને સામે કાંઠે પહોંચ્યા. મનમાં વિચાર્યું કે હજી તો મધરાત છે. અંધારુ છે. લાવ સોમનાથદાદાને ઓટલે એક ઊંઘ ખેંચી કાઢું. ચારેક વાગશે એટલે ચાલતો થઈશ. આવું ધારી સૂઈ ગયા. વહેલી સવારે જાગ્યા ત્યારે ઝાંખુ ઝાંખું મોં સુજણુ થયું હતું. વાતાવરણ કંઈક જુદું જણાયું. આંખો ચોળી ચારેબાજુ નિહાળવા લાગ્યા. વિશાળ નદી વહેતી જોઈ. સામે એક દરવાજો જોયો. આ ગઢડું તો નથી જ ! અચંબામાં પડી ગયા. પાસેથી કોઈ આદમી પસાર થયો તેને પૂછયું, ભાઈ આ ક્યું ગામ છે ?

આ બુરાનપુર છે. તમે તાપી માતાને ખોળે બેઠા છો. તીર્થયાત્રી લાગો છો ? ભટ્ટજીએ કહ્યું, હા ભાઈ, અજાણ્યો પ્રવાસી છું. મને જેલનો રસ્તો બતાવશો ? તમારે કોને મળવું છે ? કોના ઘેર જાવું છે ?

અહીં સ્વામિનારાયણના ભક્તોને જેલમાં પૂરેલા છે તેમને મળવું છે.

ત્યાં જશો તો તમનેય જેલમાં પૂરી દેશે. જવું હોય તો જાઓ. એમ કહી તેણે રસ્તો બતાવ્યો.

જેલના સિપાઈએ પૂછ્યું. તમે કોણ છો ? કેમ આવ્યા છો ? ભટ્ટજીએ વિનયથી કહ્યું, હું સૌરાષ્ટ્રમાંથી આવું છું મારે બે ઘડી માટે અહીં સ્વામિનારાયણના ભક્તો છે તેમને મળવું છે. મહારાજે સિપાઈના હૃદયમાં દયા પ્રેરી તેથી તેણે જવા દીધા.

સત્સંગીઓ તો સર્વ ભગવાનની ધૂન્ય કરતા હતા. ત્યાં પહોંચી ભટ્ટજીએ સૌને જય સ્વામિનારાયણ કહ્યા ખડિયામાંથી પત્ર કાઢી જાળીમાંથી આપતા બોલ્યા, મહારાજે કહેવડાવ્યું છે કે કોઈ ચિંતા ન કરશો. પરમ દિવસે જ વરસાદ થશે. મારે જલદી પાછા વળવાનું છે. હજુ સ્નાન પૂજા સંધ્યા બાકી છે. માટે રજા આપો.

ભટ્ટજી ગયા તાપી કિનારે. ખડિયો નીચે મૂક્યો. કપડા ઉતાર્યા. એક પોતિયા ભર નદીમાં નહાવા લાગ્યા. પાણીમાં ડૂબકી મારી જેવું માથું બહાર કાઢ્યું ત્યાં તો આંખ સામે ધેલો નદી ! સામે જ શિવજીનું મંદિર. કાંઠે ખડિયો અને કપડાં પડેલા. શ્રીજી મહારાજે જેવી રીતે પોતાને બુરાનપુર મૂકી દીધા હતા એવી જ રીતે પાછા ગઢપુરમાં મૂકી દીધા. ભક્તધીન ભગવાન કર્તુમ કર્તુમન્યથા કર્તુમ છે.

પત્રથી ખુશ થયેલા હરિભક્તોએ સિપાઈ સાથે રાજાને સમાચાર મોકલ્યા કે અમારા સ્વામિનારાયણ ભગવાનનો કાગળ આવ્યો છે. ત્રણ દિવસમાં વરસાદ થશે. પણ રાજાએ વિશ્વાસ ન કર્યો. કહ્યું કે કાગળની વાત મનાય નહીં. વરસાદ થશે ત્યારે જ છોડશું. ત્રીજે દિવસે દેશમાં સર્વત્ર ઘણો જ વરસાદ થયો. અને પૃથ્વી જેમ પલળી તેમ રાજાનું હૃદય પણ પલળ્યું. સત્સંગીઓ પ્રત્યે દિલગીરી વ્યક્ત કરી. સન્માન પૂર્વક રજા આપી. મહારાજના વચન પ્રમાણે અઠવાડિયું વરસાદની હેલી થઈ. તાપીમાં મોટું પુર આવ્યું. શંકરાચાર્યના મઠમાં પાણી પેસી ગયા. ચીજવસ્તુઓ તણાઈ ગઈ. એ એને લાભ થયો. સત્યને ભલે ગ્રહણ લાગે. પણ ગ્રહણ મુક્ત થતાં જ વધુ તેજસ્વી બને છે. અસત્યના અજવાળાં સત્યના ઉદય સુધી જ રહે છે.

શ્રીજી મહારાજ અક્ષર ઓરડીમાં સંતો સાથે બેઠા હતા. ગોવિંદભટ્ટને આવતા દેખી સ્મિત કર્યું. દંડવત્ કરવા લાગ્યા ત્યારે મહારાજે કહ્યું, ભટજી ! તમે તો આજે તાપીમાં પણ નાહ્યા અને ઉન્મત ગંગામાં પણ નાહ્યા ! સરળ હૃદયના ગોવિંદ ભટ્ટે બુરાનપુર યાત્રાની પોતાની સઘળી હકીકત મહારાજને કહી સંભળાવી.

સંતો હરિભક્તો સૌ આ અસાધારણ પ્રસંગ સાંભળી રાજી થયા.

અનોખી ટેક

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

ભગવાન સહજાનંદ સ્વામીની તત્કાલીન સમાજમાં વ્યૂહરચના અનેરી, અનોખી અને અદ્‌ભુત હતી. એ અરસામાં સહજ-આનંદના-સંદેશક શ્રી સહજાનંદ સ્વામીનો સેવાનો નિષ્કામ કર્મયોગ સારાય ગુજરાતની ધરતી પર સોળે કળાએ પ્રકાશ્યો હતો. આશ્ચર્યની વાત તો એ છે કે, એક પળનોય વિસામો લીધા સિવાય શ્રી સહજાનંદ સ્વામી કચ્છ-સૌરાષ્ટ્રમાં તેમજ સમગ્ર ગુજરાતમાં ગામેગામ અવિશ્રાન્ત ઘૂમે છે, વિચરણ કરે છે, મુકામ કરે છે. "ગામેગામ શ્રી સહજાનંદ, ઘેર ઘેર શ્રી સહજાનંદ!" જ્યાં જ્યાં અવનત માનવતા જુએ ત્યાં સત્વરે પહોંચી જઈ આ કરુણાનિધાન જ્યારે અનુકંપાના, દયાના, માયાના બે બોલ કહે પછી જ એમના જીવને જંપ વળે છે. વળી સેવાના સીમાડા સર કરવા, વિસ્તૃત કરવા, ચોકસાઈપૂર્વક ચકાસી નિયત કરેલું પરમહંસોનું એક નાનું દળ પણ સાથે રાખે છે.

ગામેગામ વિચરણ કરીને સદુપદેશ દ્વારા દારૂ, માંસ, જુગાર, લૂંટ, ધાડ, ખૂન વગેરે જેવી વસ્તુઓ સ્વાભાવિક રીતે નિર્મૂળ કરતા જાય છે અને લોક લાગણી જીતતા જાય છે. લોકોની શ્રધ્ધાને વધુને વધુ પાત્ર થતા જાય છે અને અનુયાયીઓની સંખ્યા પણ દિનપ્રતિદિન વિસ્તૃત કરતા જાય છે.

અત્રે વાત છે એક અસીમ શ્રધ્ધાની અને પૂર્ણ વિશ્વાસની, પૂર્ણ ભક્તિની! અનુયાયીઓના દળમાં 'રાજાભાઈ' નામે એક અનન્ય ખેડૂત ભક્ત. શ્રી સહજાનંદ સ્વામીના અને શિક્ષાપત્રીના સર્વ આદેશો તેમણે જીવનમાં ઉતારેલા. આટલું જ નહિ, પણ જેના જેના સંપર્કમાં આવે તેનામાં પણ તે રાજાભાઈ નીતિ, દયા, સત્ય, પવિત્રતા, વિવેક, ક્ષમા, ભક્તિ, વૈરાગ્ય વગેરે ગુણો ભરતા જાય ને જ્ઞાન કથતા જાય.

આ ખેડૂત ભક્ત રાજાભાઈએ સંસારથી લગભગ વિમુખ બની જઈ એકવાર એવી 'ટેક' લીધી કે "શ્રી સહજાનંદ સ્વામીના મુખારવિંદના દર્શન કર્યા પછી જ ભોજન કરવું." એ વેળા સૌરાષ્ટ્રના જન સમુદાયની અવનત અવસ્થા અને જાણે માનવતા મરી પરવારી હોય એવું જોઈ ખૂબજ વ્યથિત બનેલા શ્રીજી મહારાજ અવિરત એક ગામથી બીજે ગામે સતત ઘૂમ્યા કરતા હતા.

ઉપર્યુક્ત 'પણ' લીધા પછી રાજાભાઈ મહારાજનાં દર્શન કરવા માટે કટિબધ્ધ થયા. મહારાજનું મુખ નિહાળવા ઉપડ્યા તો ખરા, પણ જે ગામે (જેતલપુર) સહજાનંદ સ્વામીનો મુકામ તેમણે ધારેલો તે ગામથી તેઓ ઊપડી ચૂકેલા. ભૂંડામાં ભૂંડી ભૂખ! આથી રાજાભાઈ વળી બીજે ગામ, સમાચાર મળ્યા ત્યાં જઈને મહારાજના દર્શન કરી પછી જ ભોજન લેવું એવું વિચારી રવાના થયા.

ત્યાંથી પણ રાજાભાઈના ગયા પહેલાં જ મહારાજ બીજે ગામ ઉપડી ચૂક્યા હતા.

આમને આમ પૂરા પંદર દિવસ દડમજલમાં નીકળી ગયા. ભક્તરાજને સમજાઈ ગયું કે મહારાજ મારી આકરી કસોટી કરવા જ કટિબધ્ધ થયા લાગે છે.

સોળમાં દિવસે તેમને મહારાજનો મેળાપ થયો. તે વખતે મહારાજ પાસે એક ગરીબ વિધવા બાઈ આંસુ સારતી ઉભી હતી અને મહારાજ તેમને આશ્વાસન આપી રહ્યા હતા. રાજાભાઈ ત્યાં સત્વરે પહોંચી ગયા.

સહજાનંદ સ્વામીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પંદર દિવસના ઉપવાસની વાત કરી ત્યારે અંતર્યામીને પણ અસીમ આનંદ થયો. મહારાજે મરક મરક હસતાં કહ્યું : "રાજાભાઈ! ગમે તેવી 'ટેક' કે 'પ્રતિજ્ઞા'નું પાલન કરવું, ટેકને અંત સુધી જાળવવી માણસ માટે આજે મુશ્કેલ છે. તમારી ટેક તો ખરેખર અનેરી, અનોખી, અદ્‌ભુત અને અદ્વિતીય છે! તમે આવડી મોટી 'ટેક' જાળવી એ ખરેખર આનંદનો વિષય છે."

ત્યાર પછી રાજાભાઈ મહારાજના કહેવાથી જમવા ગયા. જમીને મહારાજનાં ચરણ પકડી બોલ્યા. "પ્રભુ! કાયમ આપની સેવાનો લાભ મળે એ માટે મને દીક્ષા આપો."

સહજાનંદ સ્વામી એક પળ થંભ્યા અને બીજી પળે બોલ્યા : "જુઓ રાજાભાઈ! દીક્ષા લઈ ભગવાં વસ્ત્રો પરિધાન કરી તમારે સેવાનું કાર્ય તો કરવાનું છે. એ સેવાનાં કામ, ભગવાં લૂગડા પહેર્યા વિના પણ થઈ શકે છે. સાચી દીક્ષા વીતરાગપણું, સંન્યસ્ત તો વૃત્તિનાં છે. પ્રથમ વૃત્તિ સેવારત બને તો ભગવાં વસ્ત્રોની ટાપટીપની કોઈ જરૂર નથી. માટે હું કહું તે તે સેવા ઉઠાવો ને ગીતાકારે કથેલો 'વૃત્તિનો સંન્યાસ' ધારણ કરો....."

"મહારાજ! આજ્ઞા આપો."

"જુઓ, તમે ખેતીકામમાં નિપુણ છો. આ ખેડૂત વિધવાબાઈની પાસે જમીન ઘણી છે, પણ સંજોગોવશાત્ કોઈ ખેડી ખવડાવે તેવું નથી. આ બાઈ ખૂબ જ દુઃખી છે, ગરીબ છે, માટે મારી આજ્ઞા માની દીક્ષા ગ્રહણ કરવાનો વિચાર માંડી વાળીને આ બાઈની જમીન-ખેડી-વાવવા તમે તેમને ત્યાં રહો. ને જુઓ. એમાં પણ મારી એક શરત છે."

"મહારાજ! આપ કહો તે શરત મને કબૂલ છે."

"જ્યાં સુધી તમે જમીન ખેડવા રહો ત્યાં સુધી હું આ બાઈ પર ઉપકાર કરું છું." તે ભાવના સમૂળગી કાઢી નાખજો, ને તેમની પાસેથી બદલા પેટે કશું જ સ્વીકારશો નહિ. એટલું જ નહિ, પણ તમારે આ બાઈ પાસેથી ભોજન પેટે દરરોજ ફક્ત એક શેર લોટ જોખીને લેવાનો અને તમારા હાથે રોટલો બનાવી ખાવાનો આથી વિશેષ કંઈ સ્વીકારવું નહિ."મહારાજની આ આજ્ઞા માથે ચડાવી મનથી પોતાને દીક્ષીત થયેલા માની, રાજાભાઈ પેલી બાઈને ત્યાં આવ્યા અને નિષ્ઠાપૂર્વક નિષ્કામ ભાવે ખેતીનું તમામ કામકાજ સંભાળી લીધું, અને મહારાજનું અહોનિશ સ્મરણ કરતા કરતાં, એમના આદેશો અનુસાર ખેડ કરવા લાગ્યા.

બાઈ લૂખો રોટલો ન ખાવા ને રોટલા પર પાળવું ઘી કે મરચાનું અથાણું લઈ જવા કહેતા ત્યારે રાજાભાઈ નતમસ્તકે ના કહેતા. તેમણે નમ્રતાપૂર્વક કહ્યું કે, "સહજાનંદ સ્વામીની આજ્ઞા ફક્ત એક શેર લોટ લેવાની જ છે. એટલે તમારા તરફથી બીજું કશું સ્વીકારું કે સ્વીકારવાની ભાવના મનમાં ઉગાડું તો હું ગુરુદ્રોહી ગણાઉં."

ટૂંકમાં, અત્રે કહેવાનું તાત્પર્ય એ છે કે, પરિશ્રમ એ તો પારસમણી છે. પરિશ્રમથી જ પ્રભુતા જન્મે છે. પરિશ્રમ પોતે જ પુરસ્કાર સ્વરૂપ (પરમાનંદ સ્વરૂપ) છે. પરિશ્રમ દ્વારા જ સાચી પ્રસન્નતા અને આનંદ મેળવાય છે. પરોપકારની પ્રવૃત્તિમાં જેટલા શ્વાસ ખરચ્યા એટલી જ જીવન વ્યાપારની ખરી કમાણી છે. પરોપકાર કરવો એમાં "પર" ઉપર ઉપકાર કરતા નથી, પરંતુ તેથી પોતાના જ આત્માની ઉન્નતિ થાય છે; એટલે પરોપકાર ખરેખર તો પોતા પરનો જ ઉપકાર છે. પરોપકારે ઘસાઈ છૂટવું તેનું નામ જ યજ્ઞ. પરમાર્થે જીવન જીવવામાં જ સ્વર્ગીય આનંદનો અનુભવ થાય છે. પરમાર્થ માટે કરેલી પ્રવૃત્તિ જ જીવનમુક્તિ માટેની સાચી નિવૃત્તિ છે. આવા અનન્ય ખેડૂત ભક્ત રાજાભાઈને આપણા કોટિ કોટિ પ્રણામ!

શ્રદ્ધાંજલિ માતુશ્રીને

(છંદ-શાર્દુલવિક્રીડિત)

આ સંસાર ત્યજી જવું હરિ કને નિર્માણ એ શાશ્વત,
યુગોથી ન ટળી શક્યું જન થકી, જાતસ્ય મૃત્યુ ધ્રુવ.
ધન્તેરસ્ય દિને વળી શુભ પળે ધામે સિધાવ્યાં તમો,
માતુશ્રી પરિવારને પરહરિ અક્ષરનિવાસી બન્યા.

હર્ષોલ્લાસ ભરી અનેક ઉજવી દીપોત્સવી મા સદા,
સંસારી સુખ માણિયાં કમલવત્, જોવા મળ્યાં દુઃખ ના,
ભાગ્યશ્રી, ધનલક્ષ્મીશાં જનનીઓ ! આનંદમૂર્તિ સમાં,
પામ્યાં શ્રીહરિની કૃપા, સ્વજનનાં સન્માન પામ્યાં ઘણાં.

જેણે ધર્મધુરંધરઃ અવતર્યા માતા સુપૂજ્યા અહા !
શિક્ષાપત્રી પઢાવી બાળવયમાં સંસ્કાર સિંચ્યા મહા,
જેણે જીવન ધર્મ-નિષ્ઠ બનીને વિતાવ્યું સત્સંગમાં,
તે માના ઋણ મુક્ત આ જીવનમાં થાવું કદિ શક્ય ના.

શ્રી નરનારાયણદેવને વિનવું હું સાષ્ટાંગ પાયે પડી,
એ આત્મા ચિર શાંતિ પ્રાપ્ત કરજો, વૈકુંઠમાં વાસ હો !

- વિજયકુમાર પુરોહિત
(ડાયરેક્ટર, ટર્ફ હાઈસ્કુલ)

આદેશ

આથી સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓને જણાવવાનું કે અમેરિકામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કોલોનીયા (એડિસન) મંદિરમાં કથાવાર્તા માટે મોકલેલ સાધુ ઈશ્વરજીવનદાસ ગુરુ શા. પુરુષોત્તમપ્રકાશદાસ સ્વામી મનસ્વી રીતે તે સ્થાન છોડી ગુમ થયેલ છે. તેમને આપણાં સંપ્રદાયમાંથી બહિષ્કૃત જાહેર કરવામાં આવે છે. આ અંગે પોલીસ ફરિયાદ-ઈમિગ્રેશન ફરિયાદ વગેરે કાર્યવાહી થયેલ છે. માટે તેમને આશ્રય આપવો નહિ.

આજ્ઞાથી,
મહંત સ્વામી : શા. નિર્ગુણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ નીચેના મંદિરોમાં નવા મહંત સ્વામીની નિયુક્તિ કરી તેની યાદી

નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર
સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (સ્કીમ કમિટી સભ્ય)
ગુરુ સ.ગુ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી (કાકા સ્વામી)

અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિર
સ.ગુ. મહંત સ્વામી દેવપ્રસાદદાસજી
ગુરુ સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી (દિલ્હી મંદિર મહંતશ્રી)

મથુરા શ્રી સ્વામિનારાયણ મંદિર
સ.ગુ. મહંત સ્વામી આનંદપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નારાયણસેવાદાસજી (કાંકરિયા મંદિરના કોઠારી) અને સ.ગુ.મહંત સ્વામી ભાનુપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી (મૂળી)

ઉનાવા શ્રી સ્વામિનારાયણ મંદિર
સ.ગુ. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી
ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી

માનરૂપ મોટો દોષ

-અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા

નિર્માનીપણું એ સત્સંગીનું પ્રથમ લક્ષણ છે, હોવું જોઈએ.

"જે પોતાને વખાણે તેમાં સો અવગુણ હોય તે સર્વને પડ્યા મૂકીને તેમાં એક ગુણ હોય તેને બહુ માને, અને જે પોતાને વખાણતો ન હોય ને તેમાં સો ગુણ હોય તે સર્વને પડ્યા મૂકીને તેમાં કોઈક જેવો તેવો એક અવગુણ હોય તેને બહુ માનીને તેનો પ્રથમતો મન તથા વચન તેણે કરીને દ્રોહ કરે ને પછી દેહે કરીને પણ દ્રોહ કરે. માટે એ માનરૂપ મોટો દોષ છે. (લોયા ૧૬)

શ્રીહરિ એ માનને મોટો દોષ ગણ્યો છે. સત્સંગ કરી કરીને થાકી જઈએ તોય અંતરમાં સુખ ન આવે, મન દગ્ધ વર્તે અને હૈયામાં સત્સંગની દિવ્યતાનો અહેસાસ ન થાય તો સમજી લેવું કે આપણો સ્વભાવ - ઉપર બતાવ્યો છે તેમ "માનીપણા"નો છે.

માન ના તો અનેક પ્રકારો છે. ભગવાનની કૃપાથી થોડાંક સદ્‌ગુણો આવે, કાંઈક વિશેષતા આવે કે કોઈ કામમાં પારંગત થવાય એટલે એનું માન જાણે અજાણે આવી જાય છે. મનુષ્ય સ્વભાવનું આ એક સામાન્ય લક્ષણ છે.

કોઈને લખાણનું માન તો કોઈને વખાણનું માન, કોઈને ભણતરનું માન તો કોઈને ભક્તિનું માન, કોઈને સેવાનું માન તો કોઈને ઉપાસનાનું માન - મનના ખૂણામાં ક્યાંકને ક્યાંક છૂપાયેલું રહ્યું હોય છે !

અને જો થોડું ઘણું શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત થયું તો પછી એ જ્ઞાનનું તો અભિમાન આવી જાય છે. શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુને આ સર્વે માનરૂપ મોટા દોષો સાથે જરાય બનતું નથી.

"અને તે માન સમજુમાં હોય ને ભોળામાં ન હોય એમ જાણવું નહીં, ભોળામાં તો સમજુ કરતાંય ઝાઝુ માન હોય છે." (લોય-૧૬)

જગત વ્યવહારે પોતાની પ્રતિષ્ઠાને ચકચકિત રાખવા માટે ભલે પદ કે પૈસાનું માન રાખીને ફરતાં હોઈએ, પરંતુ પરમેશ્વરના વ્યવહારે કે સત્સંગના ઓટલે તો હરહંમેશ નિર્માની થઈને બેસીએ તો જ એ ઓટલે 'હાશ' વર્તાય છે.

કોઈ મોટા સંત કે પૂ. આચાર્યશ્રી જેવા મોટા પુરુષની સંગાથે હરહંમેશ હરતાં ફરતાં રહીએ છીએ છતાંય એવા પરમસંત કે એવા પરમપુરુષ ના નીજ વ્યવહાર અને વર્તન ઓળખી શકતાં નથી ! અંતરમાં પડેલો માનરૂપી શત્રુ એમનાં સર્વે વ્યવહારને મનુષ્ય ભાવથી જુએ છે એટલે જ એમનાં સાનિધ્યનું સુખ આવતું નથી.

પાંચ માણસ પૂછવા આવે કે પચાસ પુરુષો સલામ ભરતા થાય એટલે આ જગતનો જીવ ફુલાઈને ફાળકો થઈ ફરે છે ! પરંતુ આવા સત્‌પુરુષોને તો જગતનાં માનની કશી જ તમા હોતી નથી. જ્યારે પણ ચાન્સ કે તક મળે ત્યારે પૂ. આચાર્યશ્રી કે એવાં મોટા સંતની દિનચર્યા ને નજીકથી નિહાળીને સમજવી જોઈએ. અને તો જ ખ્યાલ આવશે કે, "આહાહા ! શું એમનું વ્યક્તિત્વ છે !" દિવસભર અનેક સત્સંગીઓ, હરિભક્તો કે પરોક્ષની વ્યક્તિઓ એમને દંડવત્ કરતી હોય છે. છતાંય એમના મુખ ઉપર એ માન-મોભાનો નાનકડો ઓછાયો ક્ષણ માત્ર પણ જોવા મળશે નહિ. હરહંમેશ નિર્દોષ હાસ્યથી જ સર્વને આવકારતા હોય છે. એમનાં નિર્માની વર્તનને જોઈને આપણે પણ એવાં થઈએ એ શીખવું એ જ માનરૂપ મોટા દોષને ટાળવાનો સરળ ઉપાય છે.

આપણા જેવો અબુધ સત્સંગી, જગત વ્યવહારનું નાનું અમથું દુઃખ લઈને એમની પાસે જાય અને વિનંતી કરીએ એટલે કહે, "અમે મહારાજને પ્રાર્થના કરીશું, શ્રી નરનારાયણદેવને પ્રાર્થના કરીશું. બસ આટલી માળા કરજો. મહારાજ સૌ સારું કરશે." આજ એમની પ્રાર્થના અને એવા પુરુષનાં વચન એ જ આપણો ધર્મ. બધી લિપ્સાને ત્યજીને એ કહે એમ કરીએ એટલે ગમે તેવું દુઃખ, પળભરમાં જાણે ચાલ્યું જાય છે. અનેક સત્સંગીઓનો આ પર્સનલ-અનુભવ છે.

શ્રીહરિ સાથે કે શ્રી નરનારાયણદેવ સાથે અખંડ જોડાણ રહેતું હોવા છતાં એ સંત એમ કહે કે, હું તો બહુ નાનો સાધુ છે. જે કાંઈ સારું થયું છે તે તો શ્રી નરનારાયણદેવની કૃપા અને પૂ. આચાર્ય મહારાજશ્રીનાં આશીર્વાદથી જ થયું છે." એમનો પ્રત્યેક વ્યવહાર પરમેશ્વરની સાક્ષીએ જ હોય છે. અને તેથી જ એમની પ્રત્યેક ક્રિયા નિર્ગુણ બની જાય છે. માયાનું બંધન લાગતું નથી !

"પણ જીવનો તો એવા સ્વભાવ છે જે, જેમાં પોતાને માન જડે તે જ કરવું સારું લાગે પણ માન વિના એકલી તો ભગવાનની ભક્તિ કરવી પણ સારી લાગે નહિ. અને જેમ શ્વાન હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે, પછી તેણે કરીને પોતાનું મોઢું છોલાય ને તે હાડકું લોહી વાળું થાય તેને, ચાટીને રાજી થાય છે, પણ મૂર્ખ એમ નથી જાણતો જે, મારા

જ મોઢાનું લોહી છે તેમાં હું સ્વાદ માનું છું. તેમ ભગવાનનો ભક્ત હોય તો પણ માનરૂપી હાડકાને મૂકી શકતો નથી અને જે જે સાધન- કરે છે તે માનને વશ થઈને કરે છે, પણ ભગવાનની ભક્તિ જાણીને ભગવાનની પ્રસન્નતાને અર્થે કરતો નથી અને ભગવાનની ભક્તિ કરે છે તેમાં પણ માનનો સ્વાદ આવે છે ત્યારે કરે છે.'' (ગ.મ. ૪૧)

શ્રીહરિએ અહીં માનના સ્વાદનું કેવું અદ્‌ભુત નિરૂપણ કર્યું છે ! જગતનાં કોઈપણ પદાર્થ કરતાં માનમાંથી જે સ્વાદ આવે છે તેવો બીજા કોઈ પદાર્થમાંથી આ જીવને આવતો નથી અને તેથી જ માનને તજીને જે ભગવાનને ભજે છે તેને તો સર્વે હરિભક્તોમાં અતિશે મોટો કહ્યો છે.

સત્સંગમાં રહીને શેની પ્રાપ્તિ કરવાની છે ? રાત દિવસ જગત વ્યવહાર તો છૂટી શકતો નથી એટલે જ જ્યારે જ્યારે સત્સંગ કરવાનો સમય મળે ત્યારે માનને ખીંટીએ ભરાવીને જ સત્સંગ કરવો.

માન રાખીને ફરવું એ જ આસુરી વૃત્તિનું લક્ષણ છે અને આવી આસુરી વૃત્તિમાંથી નિવૃત થવું હોય તો ''એક ક્રોધ, બીજું માન, ત્રીજી ઈર્ષ્યા અને ચોથું કપટ એ ચારવાનાં પરમેશ્વર સાથે તથા સંત સાથે રાખે નહિ તો કોઈ દિવસ આસુરી બુદ્ધિ થાય નહિ.'' (ગ.પ્ર. ૩૫)

દીપોત્સવીની રાત્રિએ કારિયાણી મધ્યે શ્રીહરિએ સર્વે હરિભક્તોને મત્સર વિષે ખૂબ સુંદર સમજણ આપી છે. મહારાજ કહે છે કે ''મત્સર છે તે સર્વે વિકાર માત્રનો આધાર છે અને સર્વ વિકારથી ઝીણો છે અને મત્સર ટાળવો તે પણ ઘણો કઠણ છે.''

''કોઈક લે ને કોઈક દે તો પણ મત્સર વાળો હોય તે ઠાલો ઠાલો વચમાં બળી મરે છે.'' (કા. ૬)

કદાચ આપણો દેશ આટલી બધી કુદરતી સમૃદ્ધિથી હર્યો ભર્યો હોવા છતાં હાડમારી ભર્યું જીવન લોકો વિતાવે છે તેનાં અનેક કારણો પૈકી એક તે એ છે કે પ્રત્યેક ભારતીયના હૃદયમાં સુક્ષ્મ સ્વાભાવિક ઈર્ષા રહેલી છે. અમેરિકા આટલો સમૃદ્ધ સશક્ત અને વિકસિત દેશ કેમ ગણાય છે ? તેમાનું એક અતિ પ્રબળ કારણ એ છે કે ત્યાંનો પ્રત્યેક અમેરિકન પોતાના પાડોશીની ઈર્ષા કે સહકર્મચારી પ્રત્યેની ઈર્ષા રાખ્યા વિના નીજમગ્ન બનીને ખૂબ સ્વાભાવિક પણે પોતે જેવો છે તેમ વાણી વ્યવહાર રાખીને જીવન વિતાવતો હોય છે. જ્યારે આપણે અહીં આપણો પાડોશી બે પૈસે સુખી થયો કે એની પ્રગતિ થઈ એ જાણીને દુઃખી થઈને ફરીએ છીએ !

આપણા પ્રત્યેક વ્યવહારમાં છૂપું માન રહેલું છે. જ્યારે અમેરિકામાં, લોકોના પ્રત્યેક વ્યવહારમાં કાર્યનિષ્ઠા અને ખંત રહેલો છે. આપણે બધા જ માનરૂપ દોષ થી વીંટળાયેલા રહીએ છીએ જ્યારે ત્યાં અરસ પરસ મન ખુલ્લા રાખીને સૌ વર્તતા હોય છે. મનમાં માન રાખીને ફરીએ છીએ એટલે જ આપણી પ્રગતિ રૂંધાય છે. આ એક કડવું સત્ય છે.

મહારાજે આ બધી જ પીડા નિર્મૂળ કરવા માટેનો અત્યંત સરળ ઉપાય દર્શાવ્યો છે. શ્રીહરિ કહે છે કે ''સંત કે મોટા પુરુષના માર્ગે ચાલવું તે જ મત્સર ટાળવાનો ઉપાય છે.'' ''આકાશનું તો કોઈ બળ જણાતું નથી પણ આકાશ સર્વેથી બળવાન છે તેમ માન, રહિત જે એ ભક્તનાં જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિ તે આકાશ સરખાં બળવાન છે. માટે ઉપરથી તો જણાય નહિ પણ નિર્માની ભક્ત તે જ સર્વથી શ્રેષ્ઠ છે.'' (ગ.પ્ર. ૫૬).

શ્રીજી મહારાજ સાથે પાંચસો પરમહંસો હતા એ બધા જ એક એકથી ચઢિયાતા હતા. સંકલ્પ માત્રથી સમગ્ર બ્રહ્માંડનો વિનાશ કે પ્રલય કરી શકે એવા સમર્થ હતા છતાંય મહારાજ સન્મુખ હરહંમેશ દીનવદને, દાસ બનીને રહેતા હતા.

આપણે પણ જ્યારે જ્યારે મંદિરે દર્શન કરવા જઈએ મોટા પુરુષ કે સંતના દર્શને જઈએ કે સત્સંગ સભામાં જઈએ, માનને મૂકીને મન હળવું રાખીને જઈશું. તો એ દર્શનનો એ ભક્તિનો અદ્‌ભુત આનંદ આવશે.

શ્રીજી મહારાજે બધે જ માન રહિત બનીને ભક્તિ કરાવનો આદેશ આપ્યો છે પરંતુ એક જગ્યાએ માન રાખીને વર્તવું એમ કહ્યું છે.

'જે સત્સંગનો દ્રોહી હોય ને પરમેશ્વરનું ને મોટા સંતનું ઘસાતું બોલતો હોય તેની આગળ તો માન રાખવું તે જ સારું છે અને તે ઘસાતું બોલે ત્યારે તેને તીખા બાણ જેવું વચન મારવું પણ વિમુખની આગળ નિર્માની થવું નહિ તે જ રૂડું છે અને ભગવાન ને ભગવાનના સંતની આગળ તો જે માન રાખવું તે સારું નથી ને તેની આગળ તો માનને મૂકીને દાસાનુદાસ થઈને નિર્માનીપણે વર્તવું તે જ રૂડું છે.'' (શ્રી પંચાળા ૫)

જીવના રૂડા થવાની અને કલ્યાણની આવી ''નિર્માની વાત'' જગતમાં બીજા કોઈ શાસ્ત્રમાંથી મળી હોય તેવું ક્યાંય સાંભળ્યું નથી.''

સર્વોપરિનો સત્સંગ અને સર્વોપરિની આજ્ઞાને નેવે મૂકીને માન રાખી મન માની રીતે વર્તશું પછી તો મહારાજ કહે છે તેમ તમારે ને અમારે કોઈ લેણાં દેણાં નથી.

નિર્ણય આપણે કરવાનો છે, કેમ કે,

''જેના નિર્માની ભગવાન
તેના ભક્ત ને કેમ જોઈએ માન''

શ્રી ઘનશ્યામ મહારાજનો

રજત-દ્વિ શતાબ્દી જન્મ જયંતી મહોત્સવ

"જન્મભૂમિમાં જન્મ જયંતી"

- બ્રહ્મચારી પવિત્રાનંદજી તથા બ્રહ્મચારી અવિનાશાનંદજી (છપિયા)

પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા સર્વોપરિ સર્વકારણ સર્વનિયંતા ઈષ્ટદેવ ભગવાનશ્રી સ્વામિનારાયણનો ૨૨૫ મો પ્રાગટ્ય મહોત્સવ જન્મભૂમિમાં જન્મજયંતીની ભવ્ય દિવ્ય અલૌકિક અદ્વિતીય ઉજવણી પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સંકલ્પને પૂર્ણ કરવા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાગટ્યભૂમિ સર્વોપરિ સ્થાન છપૈયાધામે સંવત ૨૦૬૩ના શુભ મંગળ પ્રારંભમાં કાતરક સુદ-૩ થી ૫ તારીખ ૨૬, ૨૬, ૨૭ ઓકટોમ્બર ૨૦૦૬ પર્યન્ત ધામધુમથી સંપન્ન થયો. સર્વોપરિશ્રી ઘનશ્યામ મહારાજના અત્યંત વ્હાલા ભક્તોને જન્મભૂમિ છપિયાના દર્શન કરાવવાની મોટી મહેર-લહેર કરાવનાર શ્રીહરિના ૭ માં વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય અને સફળ નેતૃત્વથી ઉત્સવોના વિવિધ આયોજનો કરવામાં આવ્યા. આ લોકમાં પરલોકની અનુભૂતિ કરાવનારની અને ગામમાં ધામનો આનંદ મેળવનાર અસંખ્ય ભક્તોએ રજત દ્વિશતાબ્દી જન્મ જયંતી મહોત્સવને અંતરથી મનથી અને જીવથી માણ્યો. જ્યાં પ્રગટ સાક્ષાત્ બાળ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ બિરાજમાન હોય તેવા ઉત્તમ સ્થાનમાં ઓછા ભાગ્યવાળા ને આવવાનો મોકો પણ ન મળે તથા પેઢીઓ વીતી જાય તો પણ છપિયા પહોંચી ન શક્યા હોય તેવા સંજોગોમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ની અસીમ કૃપાથી અસંખ્ય અગણિત ભક્તોએ દિવ્યાનંદનો લ્હાવો લીધો. જે વાત ભક્તોને ભૂલાતી નથી. તે રજત-દ્વિશતાબ્દી મહોત્સવના પ્રારંભ પહેલા તા. ૧૯ મીએ ભયંકર પ્રચંડ વાવાઝોડું, વરસાદ અને આંધી એ આયોજકોને ઘડીભર ચિંતામાં મૂકી દીધા. મંડપો ઉડી ગયા ! પાણી ભરાઈ ગયું ! ત્યારે "સબદર્દ કી એક જ દવા" જે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની બે કલાક ધૂન્ય ભક્તોએ મચાવી એટલે જાણે સ્વીચ બંધ થાય તેમ તમામ વિઘ્નો શાંત થયા ! જાણે કાલીદત્તની આસુરી માયાનો ભૂતકાળ યાદ કરાવ્યો. છપિયામાં સેવા આપતા તપોનિષ્ઠ વયોવૃદ્ધ બ્રહ્મચારી ગવૈયા સ્વામી રામકૃષ્ણાનંદજીના સાનિધ્યમાં છપિયા મંદિરના વ્યવહાર કુશળ મહંત બ્રહ્મચારી સ્વામી વાસુદેવાનંદજીની રાહબરી હેઠળ મહોત્સવના પ્લાનિંગની સેવા કરનાર પ.ભ. પ્રવિણભાઈ નસીત તથા આયોજનમાં કાર્યકરોનું સફળ સુપરવિઝન કરનાર પ.ભ. ઉદયનભાઈ મહારાજાની સેવાઓથી જન્મસ્થાનને સુંદર શણગારવામાં આવ્યું. નારાયણ સરોવરના જળને શુદ્ધ કરીને સ્નાન કરવા માટે સલામતી માટે ચેઈન લગાવી રંગરોગાન કરવામાં આવ્યું. નારાયણ સરોવરના કાંઠે ભવ્ય વિશાળ ડોમ કથા મંડપ બનાવ્યો. નિજ મંદિરમાં ઉત્તર પ્રદેશના રિતરિવાજ પ્રમાણે ઘાસ વાસથી સભામંડપ બનાવ્યો. અખંડ ધૂન મંડપ, ભાગવત કથા મંડપ, વિવિધ પ્રકારના માર્ગ પર ના ભવ્ય દરવાજાઓ, બેનરો, લાઈટ રોશની, ધજા પતાકાઓ, રંગબેરંગી કૃત્રિમ-કુદરતી ફૂલઝાડથી સુશોભન કરવાથી મહોત્સવનું વાતાવરણ જીવંત બન્યું. ધર્મ-ભક્તિ ભુવન, વ્રજેન્દ્રભુવન, રામપ્રતાપ ભુવન, ઈચ્છારામ ભુવન, અયોધ્યાપ્રસાદજી ભુવન, હરિભક્તો માટે ભવ્ય પાકા આવાસમાં ૫૦૦ રૂમોની વ્યવસ્થા ઉભી કરી. જેમાં પલંગ, ગાદલા, પંખા વગેરે લગાવીને ઘર યાદ ન આવે એવી સુંદર સુવિધા કરવા માટે શ્રી નરનારાયણદેવની સ્કીમ કમિટીના સેવાભાવી નિષ્ઠાવાન આપણા સભ્યો શ્રી પ.ભ. દશરથભાઈ પટેલ, પ.ભ. રતીભાઈ પટેલ, પ.ભ. જી. કે. પટેલ, પ.ભ. રમણભાઈ પટેલ અને પ.ભ. અમૃતભાઈ ચૌધરી એમ સૌએ સાથે મળીને અગાઉથી છપિયાની મુલાકાત લઈને ભક્તોની સુવિધા માટે કોઈપણ પ્રકારની કચાસ ન રહે તે માટે ખૂબ જ

અંગત રસ લીધો હતો. ભક્તિમાતા ભોજનાલય અને પ્રેમવતી ભોજનલાય દ્વારા યજમાનો અને સમસ્ત હરિભક્તો ને પ્રસાદની સુંદર વ્યવસ્થા માટે મહંત કે.પી. સ્વામી, નારાયણ સ્વામી (સાયલા), નારાયણ સ્વામી (પ્રયાગ) વગેરે સંતોએ ભાવથી ભક્તોને જમાડ્યા હતા. યજ્ઞ મંડપમાં યજ્ઞવિધિ તથા પૂજાવિધિના આયોજનમાં નારાયણપુરા ના મહંત શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસ-જીએ સુંદર સેવા આપી, શ્રી ઘનશ્યામ બાળ ચરિત્ર કથાના વક્તા પી.પી. સ્વામી (જેતલપુર ધામ)એ ભાવવાહી શૈલીમાં કથામૃતનું પાન કરાવ્યું હતું.

૨૫ ઓકટોબર-૦૬ના રોજ મહાવિષ્ણુયાગનો પ્રારંભ થયો. શ્રીહરિના દિવ્ય અલૌકિક લીલા ચરિત્રોના ચિત્રોનું ભવ્ય પ્રદર્શન દર્શનાર્થીઓ માટે ખુલ્લું મુકાયુ, અખંડ ધૂન, શ્રીમદ્‌ભાગવત કથા અને ઘનશ્યામ બાળ ચરિત્રની કથાનો પ્રારંભ અયોધ્યા છોટી છાવણીના મહંત શ્રી નિત્યગોપાલદાસજીના વરદ્‌ હસ્તે થયો. છપિયાના પ્રસાદીના સ્થળોની સમૂહ પરિક્રમામાં હજારો ભક્તો જોડાયા. બે કિલોમીટર લાંબી લાઈનમાં બહેનો-ભાઈઓ ધૂન-કીર્તન ગાતા-ગાતા બે કલાકે પરિક્રમા પૂર્ણ કરી. બપોરની કથા બાદ રાત્રે કવિ સંમેલન રાખવામાં આવ્યું હતું.

૨૬ ઓકટોબરની સવારે સમૂહ મહાપૂજા, કથા પારાયણ અને મધ્યાન્હે પોતાના દાદાના ઉત્સવમાં પોતાના ભક્તજનોને અલૌકિક દિવ્ય સુખ આપવા માટે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી છપિયા પધાર્યા. શ્રી સ્વામિનારાયણ ભગવાનના અપર સ્વરૂપનું રૂડું આગમન થતા સંત-હરિભક્તોને નવીન ચેતના ઉર્જા મળી. ઉત્તર પ્રદેશના સુપ્રસિધ્ધ દૈનિક પેપરોએ આપણા મહોત્સવના ન્યુઝને વિશેષ અગ્રિમતા આપતા ગોંડા અને બસ્તી જિલ્લાના ભાવિક ભક્તોની ભીડ ઉત્તરોત્તર વધવા લાગી. શ્રી ઘનશ્યામ મહારાજનું જેઓને ઘેલું લાગેલુ છે તેવાં ઉત્તરપ્રદેશના ભક્તોને છપિયા છોડીને ઘેર જવાનું મન ન થતા વારંવાર વળી-વળીને દર્શન કરવા આવતા હતા. રાત્રે ૧૦-૦૦ કલાકે જન્મોત્સવની ભવ્ય ઉજવણીમાં ૨૨૫ કિલોની કેક તૈયાર કરીને મંડપમાં રાખવામાં આવી. ભૂદેવોએ વૈદિક મંત્રોચાર કર્યો. બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજનું ષોડશોપચારપૂર્વક પૂજન કર્યું. સમૂહમાં સાત હજાર દીવાઓની મહા આરતી કરીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ૨૨૫ કિલોની કેક કાપીને હેપ્પી-બર્થ-ડે ટુ યુ ઘનશ્યામ મહારાજ તથા "ધર્મ ઘેર આનંદ ભયોનું સંકીર્તન કર્યું. અને ભૂદેવોને દાન આપ્યું. તથા પ્રસાદ વહેંચીને ધર્મદેવે જન્મના પ્રસંગે કરેલી વિધિઓની પ્રત્યક્ષ દર્શનની આબેહૂબ ઝાંખી થઈ. જન્મોત્સવની ઉજવણી ભવ્ય-દિવ્યાતિ દિવ્ય ન ભૂતો ન ભવિષ્યતિ હતી. વાચા વર્ણન કરવા સમર્થ નથી એવી અનુભૂતિ ભક્તોને થઈ.

૨૭મી ઓકટોબરના સર્વોપરિ શ્રીઘનશ્યામ મહારાજના બાલ ચરિત્રની પૂર્ણાહુતિ, દાતાઓનું સન્માન, કથાની પૂર્ણાહુતિ, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન, ગુરુ-મંત્ર પૂજન, દાન, પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદ વગેરે કાર્યક્રમો ખૂબજ ધામધુમથી સંપન્ન થયા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સ્વયં સેવક તરીકે સુંદર સેવા આપી. સભાના સંચાલક શાસ્ત્રી હરિસ્વરૂપાનંદજી રહ્યા હતા. મથુરા મંદિરના મહંત શાસ્ત્રી અખિલેશ્વર-દાસજી વિવિધ સેવામાં જોડાયા હતા.

ભવ બ્રહ્માદિક જે ચરણરજ માટે તલસે છે તે છપિયાની રજનો સ્પર્શનો લ્હાવો જે જે ભક્તોને મળ્યો તેના પુણ્યનો ઉદય થયો. દીપાવલી પર્વના દિવસો હતા. ઘેર રહેવાનું સહેજે મન થાય. પણ છપિયા મહોત્સવમાં આવનાર ભક્તો એ તો છપિયા જ ઘર માન્યુ અને ઘનશ્યામ મહારાજને જ સર્વસ્વ માન્યા. મહોત્સવના મુખ્ય યજમાન બનવાની સેવાનો પ.ભ. નારાણભાઈ જાદવા ખેતાણી પરિવાર સુખપર (કચ્છ) ના સુપુત્રો પ.ભ. લાલજીભાઈ, પ.ભ. શામજીભાઈ (હાલ લંડન) એ લ્હાવો લીધો. પારાયણના મુખ્ય યજમાન પ.ભ. રમેશભાઈ રણછોડલાલ મારફતિયા પરિવારે (યુ.એસ.એ.) લ્હાવો લીધો. તથા વિવિધ મુખ્ય યજમાનો, સહ યજમાનો અને દાતાઓ, ઉપ દાતાઓ તથા તન-મનથી સેવા કરતા કાર્યકરો નાના મોટા ભક્તો અને નામી-અનામી સર્વે ભક્તજનો ઉપર પરમકૃપાળુ સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી ઘનશ્યામ મહારાજની કૃપા દૃષ્ટિ વરસતી રહે અને તેમના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ-અમિદૃષ્ટિ વિશેષ વરસતા રહે અને આવા દિવ્ય ઉત્સવો હર વર્ષે ઉજવાય અને તે દ્વારા લાખો કરોડો મુમુક્ષુઓનું કલ્યાણ થાય તેવી બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજના ચરણોમાં કોટિકોટિ પ્રાર્થના.

अन्य संप्रदायेषु स्वामिनारायण संप्रदायस्य वैदिकत्वं भगवतः स्वामिनारायणस्य भगवत्ताच ॥

- डॉ. वाचस्पति मिश्र प्राचार्य (श्री स्वा.सं.म.वि. जेतलपुर-अहमदाबाद)

सर्वेषांसप्रदायानाम्नामोल्लेख पुरस्सरं श्री स्वामिनारायण सम्प्रदायस्य वैदिकत्वं, साम्प्रयादिकपरम्परा, आस्तिकवादाः, साम्प्रदायिकशास्त्रेषुश्रुत्यविरोधकत्व मनुयायिनः कीदृशः दाढ्र्येन विश्वाशः सम्प्रदायेऽस्मिन् कुर्वन्ति एतत्सर्वं सर्वतोभावेन नहि अपितु संक्षेपेण याथातथ्येन विमृश्ये -

वेदं वेत्ति अधीते वा घ प्रत्यये कृते - वेदेषु विहितं कर्मइति विग्रहे उक्त प्रत्यये कृते आदिवृद्धौ कृतायाम् ठस्येकादेशे वैदिक शब्दस्य निष्पत्तिः जायते अर्थात् वेदेषु व्युत्पन्न वेद समस्मो वा वेदविषयको वा - वेद विहितानुष्ठानेन पूतम् यत् तत् वैदिकम् । वेदे भवं वैदिकम् इति कथनेन किमितिप्रश्नः उत्पद्यते - तत्र भारतीय सन्दर्भे संस्कृतिधर्मयोः सर्वस्वं मन्त्र ब्राह्मणात्मकवेदः प्राचीनतमः ग्रन्थः अस्ति । आर्य, धर्म, ज्ञान विज्ञान, राजनीति, राष्ट्रनीति, अन्तर राष्ट्रनीति, इत्यादीनां *विविधनीतिनियमानामाकरो वेदः* । वेदस्त्वपौरुषेयः पारावारइव अगाधः, अगाधत्वादेवास्यवेदनामान्वर्थ संज्ञा सार्थकतां याति । तथापि व्याख्यानेनापौरुषेयस्यवेदस्य सामार्थर्वृक् यज्ञ्वत्यादयः नामानि सङ्कलितानि । तथाप्यद्यतने ध्यान धारणा समाध्यभावात् स्वल्पवयः कारणाच्च उपनिषदः निर्मिताः । तत्राप्यपूर्तिः लौकिकाना कृते तदनु पुराणानां रचना सञ्जाता । यद्वेदेतत्सर्वस्वन्तदनूपकारकेषु प्रतिष्ठित तमिति ।

नानाविधसम्प्रदायपरम्परायामास्तिकनास्तिकवादाः दृश्यन्ते, तत्र कुत्र वैदिकत्वं कुत्रावैदिकत्वमितिप्रथमः प्रश्नः । यत्र वेद विहितानुष्ठानं तत्रैवास्तिकवादाः तत्रैव वैदिकत्वञ्च । यथा च शाक्ताः गाणपत्याः स्कान्दाः वैष्णवादयः स्वस्वमतानुसारं स्वेष्ट देवं प्रपूजयन्ति, तत्रसेश्वरवादेच वैदिकत्वंप्रमाणयन्ति तदेव साधु । अवतारवादस्यापि वैकल्पिकं रहस्यमुद्भावयन्ति यथा श्रुतयः प्रमाणयन्ति यत् - यतो वा इमानि भूतानि जातानि येन जातानि जीवन्ति यत्प्रयन्त्यभिसंविशन्ति तद्विजिज्ञासस्व तद्ब्रह्म । तदैक्षतवहुस्यां प्राजायेयेति तत्तेजोऽसृंजत् । हिन्दू सम्प्रदाये आस्तिकवादे, अवतारवादे सेश्वरवादे च वैदिकत्वे प्रमाणम् - ईश्वरस्तु विभुचेतनः स ईश्वरः "सत्वादयो न सन्तीशे यत्र तु प्रकृताः गुणाः" इति वचन प्रामाण्यात् हेय प्राकृतगुण रहितः "परास्यशक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानवलक्रियाच" इत्यादि श्रुतिप्रामाण्यात् निस्माधिकानन्त कल्याणगुण विशिष्टः आनन्दंब्रह्म, सत्यं ज्ञानमन्तं ब्रह्मइत्यादि श्रुतेः सच्चिदानंद स्वः देशकालवस्तु परिच्छेदशून्यात्मकानन्तत्वविशिष्टत्वादनन्तः ब्रह्मशब्दवाच्यः, सदेव सौम्ये दमग्रासीत्, एकमेवाद्वितीयम्, यतो वा इमानि भूतानि जायन्ते इत्यादि श्रुतेरस्य जगतः अभिन्ननिमितोपादनकारणस्वः भुक्ति मुक्ति प्रदश्च तदेवब्रह्म ।

समग्रहिन्दूसम्प्रदायेषु तत्तदाधारी भूतानां स्वेष्टदेवपराणामानुयायिकानाम्विषये भवत्येतादृशी भावभूता वैदिकी परम्परा । अवतारवादे ईश्वरस्तु यथाकालं *लोक रञ्जनाय जगत्कल्याणाय स्वीभवति। श्रुतयः* प्रमाणयन्ति - सर्वे वेदाः यत्पदमामनन्ति तमेतंविदित्वातिमृत्युमेति नान्यः पन्थाविद्यतेऽनाय । भगवता कृष्णेनापि गीतायामुक्तम्

यदा यदाहिधर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

भागवत् वचनम् यथा - कृष्णस्तु भगवान् स्वयम् । भगवता स्वामिनारायणेनाप्युक्तम् - "सकृष्णः परब्रह्म" इत्याद्युक्तम् ।

सम्प्रदायस्याचारविचारेण साम्प्रदायिक रहस्यात्मक शास्त्रेणसहविरोधे विद्वत्संतोषावहं सुसङ्गतिंकुर्वन्ति - इत्यस्मिन् विषये विचार्यते -

सम्प्रदायस्याचारविचारेण साम्प्रदायिकरहस्यात्मक शास्त्रेण यत्र कुत्रापि विरोधः भावितुन्नार्हति यः कोऽपि सम्प्रदायः मनः कल्पितः स्यात् तत्रश्रुतिविरोधः एव, अद्यतने धर्मप्रायभारते देशे नानाविधाः सम्प्रदायाः कल्पिताः दृश्यन्ते - तत्र तत्र सम्प्रदाये स्वेच्छया ते आचारविचाराः कुर्वन्ति । स्वसम्प्रदाय प्रपुष्टये पण्डितानां साहाय्येन रहस्यात्मकशास्त्रं निर्माय्य श्रुतिविरोधेऽपि श्रुति

मार्गगाः भवन्ति । बाहुमानेनचोदिता विद्वान्सः तदनुयायिनः भवन्ति । "स्वयं धीराः पण्डितम्मन्यमानाः" इति वचनात् - ते भौतिकवादे स्वयमेव स्वस्मिन् ईश्वरत्वं प्रतिपादयन्ति । यत् किमपि चमत्कारं प्रदर्श्य जनाननुयायिनः कुर्वन्ति एकं विशिष्टं स्थानं समाजे प्रतिष्ठाप्य सम्प्रदाय रचनां कुर्वन्ति - अतः एतादृशां पाखण्डकल्पितानां साम्प्रदायिकानां कल्पितंशास्त्रविभवानां श्रुतिविरोध एव अतः विद्वत्संतोषावहां सुसंगति कथं भविष्यतीति ।

स्वंसम्प्रदाय माहात्म्यं प्रवर्द्धयन् -
भगवता स्वामिनारायणेनोक्तम् यत्
कृष्ण कृष्णावताराणां खण्डनं यत्र युक्तिभिः ।
कृतं स्यात्तानि शास्त्राणि न मान्यानि कदाचन ॥

कौर्भ्ये - येषां न कारणं वेदा न विप्रा न जनार्दनः ।
तन्त्राणि धर्मशास्त्राणि तेषां वाक्यं विवर्जयेत् ॥

विज्ञानेश्वरेण - असत्छास्त्रं चार्वाकादीनाम् ॥ "यदि पाखण्ड कल्पितमितिशिक्षापत्री वचनात् पाखण्ड कल्पितं यच्छास्त्रंसंप्रदायश्च कदाचिदपि न मान्यः । सम्प्रदायस्याचार विषये - आचारः प्रथमोधर्मः इति श्रुति चोदितेन स्वामिनारायण सम्प्रदायस्याचार विचार परम्परा सर्वेषु सम्प्रदायेषु मुख्यत्वेन वरीवर्ति दृश्यतेः - यथा नीति नियमाः निगदिताः ते साकल्येनात्रोपलभ्यन्ते । वेदोपकारकत्वात् शास्त्राण्यपि तथैव स्वीकृतानि सन्ति स्वयमेव भगवता श्री स्वामिनारायणेनास्तिकवादं पौष्ट्यन् मङ्गलाचरणमाचरितम् - वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि । वृन्दावन विहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥ मङ्गलादीनि मङ्गलमध्यानि मङ्गलान्तानि च शास्त्राणि प्रथन्ते वीरपुस्त्रकाणि भवन्ति आयुष्मत्पुस्त्रकाणि च" स्वेष्ट देवता नमस्कार स्मं मङ्गलाचरणमाचरितम् शिष्टाचारानुमितित्वात् । एतादृशेन शास्त्रेण सम्प्रदायस्य वैदिकत्वमास्तिकत्वञ्च प्रतिपादितं भवति । तत्रैवनिर्दिष्टम् -

स्व वर्णाश्रम धर्मो यः स हातव्योन केनचित् ।
परधर्मो न चाचर्यो यदि पाखण्ड कल्पितः ॥

वर्ण - ब्राह्मण, क्षैत्रिय, वैश्य, शूद्र,

आश्रम - ब्रह्मचर्य, गृहस्थ, वानप्रस्थ, सन्यास, इत्यादिषु विषयेषु स्पष्ट स्मेण भगवतोक्तम् यत् वर्णाश्रम धर्ममर्यादायाः कदापि परित्यागो न कर्तव्यः ।

उपासनाविषयेः
विष्णो शिवोगणपतिः पार्वतीच दिवाकरः ।
दृष्ट्वाशिवालयादीनिदेवागाराणि वर्त्मनि ।
प्रणम्य तानि सतद्देव दर्शनं कार्यमादरात् ॥

स्वसाम्प्रदायिकाचारविचाराणाँ विषये उक्तम् -
शास्त्रोक्त आपद्धर्मो यः सत्वल्पापदिकर्हिचित् ।
मदाश्रितैर्मुख्यतया ग्रहीतव्यो न मानवैः ॥

शास्त्र विधि मनुसृत्यैव विधिः कार्या अशास्त्रविधिं परिहार्येति ।

"कृष्ण एव पर ब्रह्म भगवान् पुस्त्रोत्तमे" त्युद्घुषितं तत्रैव, स्वयमेव भगवान श्री स्वामिनारायणः षडैश्वर्य सम्पन्नः सर्वथा सर्वदा च कृष्णस्य सर्वज्ञत्वं प्रतिपादितवान् ।

अतः अस्य भगवतः श्री स्वामिनारायणस्य प्रतिष्ठापित सम्प्रदायाचारविचारपरम्परारहस्यात्मकशास्त्रेण श्रुतिविरोधः भवितुन्नार्हति - शिक्षापत्री माध्यमेन आश्रितानुद्बोधयन्त्यः कतिपयश्रुतयः वैशिष्ट्यं प्रमाणयन्ति -

शारीरकाणां भगवदगीतायाश्चावगम्यताम् ।
रामानुजाचार्यकृतंभाष्यमाध्यात्मिकं मम ॥
मन्तव्यानि प्रमाणानि तान्येतर वाक्यतः ।
धर्मेण सहिता कृष्ण भक्तिः कार्येति तद्रहः ॥
धर्मोज्ञेयः सदाचारः श्रुति स्मृत्युपपादितः ।
माहात्म्यज्ञान युग्भूरिस्नेहो भक्तिश्च माधवे ॥
वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतर वस्तुषु ।
ज्ञानं च जीवमायेश स्मणां सुष्ठुवेदनम् ॥
स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः ।
स्क्मिण्या रमयोपेतो लक्ष्मीनारायणः सहि ॥
ज्ञेयोऽर्जुनेन युक्तोऽसौ नरनारायणाभिधः ।
वलभद्रादियोगेन तत्तन्नामोच्यते सच ॥
अतश्चास्य स्वस्मेषु भेदो ज्ञेयो न सर्वथा ।
चतुरादि भुजत्वं तु द्विवाहोस्तस्य चैच्छिकम् ॥
हृत्स्थोऽणु सूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याखिलांतनुम् ।
ज्ञानशक्त्या स्थितोजीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणैः ॥

इत्थं स्वामिनारायण सम्प्रदायस्याचारविचार परम्परैव न अपितु सत्शास्त्रमपि रहस्योद्भावने पारयितुं समर्थम् । अतः श्रुतिबिरोधे लेशावहः संदेहो न । एतदर्थमेव मम मते एषः सम्प्रदायः अन्यसम्प्रदायात्भिन्नः । श्रुति स्मृति प्रतिपादिता व्यवस्था प्रतिष्ठापिता । येन विद्वद्भ्यः सन्तोषावहां सुसंगतिं करोति ।

साम्प्रदायिकानामनुयायिनः दृढतया सम्पूर्णतया च वेदेषु विश्वसन्ति - इति प्रश्ने - उत्तरयति ।

सर्वेषां भारतीयार्य मर्यादाप्रस्थापकानां सम्प्रदाय परम्परायां मम सम्प्रदायः स्वामिनारायण सम्प्रदायः

अयमपि सम्प्रदायः तथैव जगति प्रतिष्ठान्वितः वर्तते यथा - अद्वैत - द्वैत द्वैताद्वैत - विशिष्टाद्वैत - शुद्धद्वैतादयः वर्तन्ते । तत्र विशिष्टाद्वैत मतस्यानुषङ्गिकंरहस्यं सर्वतो भावेनोपास्योपासकानामाचार्यपरम्परा यामनुयायिनाम्मनसि दृश्यते ।

भगवता श्री स्वामिनारायणेनोक्तं शिक्षापत्र्याम् - मतं विशिष्टाद्वैतं मे गोलोकोधाम चेप्सितम्'' अस्य भगवतः मतं विशिष्टाद्वैत मतं वर्तते, अस्यानुयायिनः साम्प्रदायिकाः सम्प्रदाय पुष्टचर्थं, ब्रह्मतत्व पुष्टचर्थं वा नाना विध शास्त्राणि रचितानि तत्र -

''सत्संङ्गिजीवनम्'' वचनामृतम्, शिक्षापत्री, गीताभाष्यम्, मानप्रमेय प्रकाशिका, हरि संभव महाकाव्यम् इत्यादयः ।

तत्र चिदचितोः भगवतः श्री स्वामिनारायणस्य विशेषणत्वन्तु ''यः आत्मनि तिष्ठन्नात्मनोऽन्तरोयमात्मा न वेद यस्यात्माशरीरं यः आत्मामन्तरो यमयति स त आत्माऽन्तर्याम्यामृतः ''यः पृथिव्यां तिष्ठन् पृथिव्या अन्तरो यं पृथिवी न वेद यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो यमयति स तं आत्माऽन्तर्याम्यमृतः'' इत्यादिश्रुति निचयप्रतिपादित तच्छरीरत्वादेव । तत्र प्रमाणितम् चिदाचिदवस्तु शरीरतया तत्प्रकारं ब्रह्मैव सर्वदा सर्वशब्दाभिधेयम् । चिदचिदीश्वरश्चेति त्रयः पदार्थाः उक्ताः तथाहि श्रुतयः - क्षरं प्रधानममृताक्षरं हरः क्षरात्मानमीशते देव एकः । सर्वेवेदाः यत्पदमामनन्ति'' इति श्रुतिप्रामाण्यात् परब्रह्म पदाभिधेयः सर्वेश्वरः श्री स्वामिनारायणः मोक्षावाप्त्यर्थं तज्ज्ञानमेव मुमुक्षुभिः सम्पादनीयम् तमेव विदित्वाऽतिमृत्युमेति नाऽन्यः पन्थाविद्यतेऽयनाय इति श्रुतिप्रामाण्यात् ।

सच भगवान श्री स्वामिनारायणः सर्वदा चिदचिदविशिष्टः एवावतिष्ठते । तत्र चित् पदवाच्यो जीवः । एषः जीवः द्रष्टास्प्रष्टा, श्रोता, घ्राता, रसयिता, मन्ता, बोद्धा, कर्ता, विज्ञानात्मा पुरषः इति श्रुति प्रामाण्यात् ज्ञानाश्रयः ज्ञानस्वस्मो वा जीवः ।

अचित पदवाच्यमज्ञानविरहितं तत्वम् । अतः चिद विशिष्टः अचित विशिष्टश्चसेश्वरः परमात्मस्वस्मः भगवान श्री स्वामिनारायणः ।

तत्र भगवतिश्री स्वामिनारायणे भगवान् शब्दस्यव्याख्या - भगैश्वर्येति धातुना भगमैश्वर्यमर्थात् षडैश्वर्यमस्त्यस्मिन्निति भगवान् यथा चोक्तम् -

ज्ञान शक्ति बलैश्वर्यवीर्य तेजांस्यशेषतः ।
भगवच्छब्दवाच्यानि विनाहेयैर्गुणादिभिः ॥

इत्यादि वचन प्रामाम्यात् ज्ञान शक्ति वलैश्वर्य वीर्थ तेजोस्म षड्बिधैश्वर्यशालित्वात् स हि भगवान् पद वाच्यश्च । स एव भगवान श्री स्वामिनारायणः ''नित्यो नित्यानाम्'' यदा पश्यः पश्यते रुक्मवर्णं कर्तारमीशं पुरुषं ब्रह्मयोनिम् मुण्डकोपनिषदितिवचनात् दिव्य मङ्गल विग्रहश्चास्ति । अत एव श्रुत्युपवृंहणी भूतेतिहास पुराणादिषु बहुशस्तत्रतत्र भगवतो दिव्य मंगल विग्रहस्योपवर्णनं सङ्गच्छते - यथा वासुदेव माहात्म्यं प्रतिष्ठितमस्ति ।

स च सर्वेश्वरः भगवान श्री स्वामिनारायणः पर व्यूह विभवान्तर्याम्यर्चावतार रूपेण पंचधास्थितः । भगवतः श्री स्वामिनारायणस्य प्राक्परम्परा विषये संक्षेपेणात्र निरूप्यते -

परब्रह्म अक्षरब्रह्म वासुदेव नारायण लक्ष्मीनारायण श्री लक्ष्मीदेवी - श्री रामानुजाचार्य रामानंद स्वामी सहजानन्द स्वामी (स्वामिनारायण) तच्छिष्याप्तशिष्य परम्परात्मको धर्मज्ञान वैराग्य भक्त्यात्मको साधनचतुष्ट्यात्मको, परब्रह्मश्रीस्वामिनारायण विशिष्टोपासनाधारः जीव - ईश्वर - माया - ब्रह्म - परब्रह्मात्मकोपसनाधारीभूताविचारणा ।

आधुनिक भौतिक वादे बैमत्यकारणेन विवदमानानां साम्प्रदायिकानां विच्छृङ्खलितास्थिति दृश्यते । किन्तु नाना विधसम्प्रदायेष्वस्य श्री स्वामिनारायण संप्रदायस्य परम्परावैदिकपरम्परा वरीवर्तते । परम्परायामपि आस्तिकत्वम् । साम्प्रदायिकाः जनाः स्वेष्टदेवं सर्वतो भावेन प्रपूजयन्ति भौतिक सुखं प्राप्यान्ते मोक्षं लभन्ते । भक्ति प्राधान्यस्यास्यसम्प्रदायस्य परम्परा दृश्यते - नवधा भक्तिमङ्गीकृत्यदासस्वामिभावेनोपासनां कर्वन्ति ।

अतोऽस्यसम्प्रदायस्यानुयायिनः दृढतया सम्पूर्ण तया च साकल्येन साम्प्रदायिक वैदिक परम्पराजनित ज्ञानं विधायविश्वसन्ति । अस्य मार्गदर्शकाः आचार्षाः यथा कथयन्ति तथैवानुयायिनः कुर्वन्ति ऐहिलौकिकं सौख्यञ्चानुभवन्ति । अन्ते शास्त्र विधिविहितानुष्ठानेन मोक्षञ्चापि लभन्ते ।

मन्ये भगवत्उपासना विषये वैदिकत्बमेव कारणं न अपितु भाव प्राधान्यमपिभवति तथैवात्र दृश्यते ।

સત્સંગ સૂરભિ :

હરિચરણમાં સ્નેહ તે જ સાચો મોક્ષ

– અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (કેનેડા)

પોષ માસની પૂનમની અજવાળી રાતે નીલકંઠ વર્ણી નવલખા પર્વત ઉપર ચઢવા લાગ્યા. નવલખા પર્વતમાં જવું તે બહુ ભયાનક છે. તેની ચારે બાજુ બાર બાર ગાઉ સુધી મહા વિકટ વન છે. તેમાં કોઈ બાજુ માર્ગ નથી. તેમાં મોટામોટા સિંહ અને હાથી વસતા હતા. ઠેર ઠેર નદીઓ વહેતી હતી. પશુ પંખીનો પાર નહોતો.

નવલાખ સિદ્ધો ત્યાં ઠેર ઠેર ધૂણી ધખાવીને બેસતા. દિવસે ધૂણી કે સિધ્ધ કોઈ કાંઈ દેખાય નહિ. રાતે જ બધા નજરમાં આવતા ! ગિરિની આવી આશ્ચર્યમય અકળકળા શ્રીહરિ એ જોઈ અને સિધ્ધોને દર્શન દીધાં. શ્રીહરિએ તેમને બોલાવી જોયાં પરંતુ મુખથી કોઈ બોલતા નહિ. આમ તેમ ચાલતા કે જતા આવતા નહિ. સિધ્ધાસનથી નાસિકા ઉપર એકાગ્ર દૃષ્ટિ રાખી, આસન ઉપર બે હાથ મૂકી કાષ્ઠની પેઠે સ્થિર રહેલા હતા.

વર્ણીરાજે આ બધી કળાઓનું ધ્યાનથી નિરિક્ષણ કર્યું. પછી ધ્યાન ધરીને જોયું ત્યારે આ બધા આશ્ચર્ય પર્વતના જ જણાયા.

શ્રીહરિના પાવન ચરણો જેવાં પર્વત ઉપર પડ્યા કે મૂર્તિમાન પર્વત શ્રીહરિની પાસે આવી ચરણે પડી કહેવા લાગ્યો, "હે ભગવન ! મને કૃતાર્થ કરવા જ આપ આવ્યા છો." બીજા સિધ્ધો પણ મૂર્તિમાન શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. તેમણે નીલકંઠવર્ણીને ફળફૂલ અર્પણ કર્યા.

શ્રીહરિએ ગિરિને પૂછ્યું, "તમારી માયા અમે કળી શક્યા નહિ. તમે કોણ છો ? રાત્રિએ દેખાતા આ બધા સિધ્ધો કોણ છે ? ઠેકઠેકાણે આ અગ્નિ તે શું છે ? આ બધું દિવસે કેમ દેખાતું નથી ?"

ગિરિરાજ બોલ્યા, "આપ તો બધું જાણો છો. છતાં પૂછો છો તો કહું છું. જેટલા પર્વત કહેવાય તેમાં હું પૂજ્ય છું. અહીં નવલાખ સિધ્ધો રહે છે. તેમના આશ્રમનો આ પ્રતાપ છે. વેંત વેંતના ગોળ કુંડ છે. તે ગજ ગજ ઊંડા છે. તેમાં તેમણે એવો પ્રતાપ ધાર્યો છે કે દિવસે તેમાં પાણી ચાલે છે અને રાત્રે અગ્નિ પ્રગટે છે ! તેની ભેળા સિધ્ધો પણ રાત્રે પ્રગટ થાય છે. તેમને પણ જે સિધ્ધપુરુષ હોય તે જ જોઈ શકે છે. સિધ્ધ વિના અહીંયા કોઈ આવી શકતું નથી. તમે તો સમર્થ ઈશ્વર છો. તમારી વાત જુદી છે."

પછી શ્રીહરિ યોગીઓની પાસે બેઠા. અને યોગાભ્યાસ વિષે પૂછવા લાગ્યા. ત્યારે યોગીઓએ જે યોગાભ્યાસ કરતા હતા તે બધી વિગત જણાવી. શ્રીહરિએ જોયુ કે તેમના યોગાભ્યાસમાં ઘણી કચાશ છે.

સિધ્ધો પ્રત્યે શ્રીહરિએ પ્રશ્ન કર્યો. "તમે જે આ તપ કરો છો તે ક્યા ફળને અધિક માનીને કરો છો ? અધિક ફળના ઉદ્દેશ વિના કોઈ યત્ન કરતું નથી. અમે પણ જન્મ લીધો, ઘરમાં રહ્યા. ઘરનો ત્યાગ કર્યો, વિકટ વનમાં વિચર્યા. એ બધાયમાં કંઈક ને કંઈક ઉદ્દેશ છે. ઉદ્દેશ વિના કષ્ટ કોઈ સહે નહિ. તો તમે પણ તમારો ઉદ્દેશ અમને કહો."

સિધ્ધો બોલ્યા : "હે મહારાજ ! તમે તો બધું જ જાણો છો છતાં કહીએ છીએ કે હઠયોગ વિના કોઈ વાત અમે સમજતા નથી. દેહને અમર રાખવો એ સિધ્ધાંત છે. હવે તમે કહો તેમ પ્રેમથી કરીએ. તમો અમારા હિતને માટે જ આવ્યા છો. માટે હે યોગેશ્વર ! આપ અમને કૃપા કરીને ઉપદેશ આપો."

આમ તો અઠંગ હઠયોગીઓ હતા. પરંતુ ભગવાન સમક્ષ નિર્માની બની દીન વદને હાથ જોડીને ઉભા રહ્યા.

શ્રીહરિએ રાજીવ લોચનથી અમીમય દૃષ્ટિ કરી સંર્વે સિધ્ધો સામું જોયું. પછી ગંભીર વાણીમાં બોલ્યા. "હે સિધ્ધો ! તમારી સાધના પ્રત્યેની નિષ્ઠા ખરેખર વખાણને લાયક છે. પરંતુ તમારા ઉદ્દેશમાં ફેર છે. અંતરદૃષ્ટિ કરીને જુઓ કે દેહમાં કઈ વસ્તુ સારી છે. મળ, મૂત્ર, રૂધિર વગેરેથી ચમારના કુંડ જેવો આ મલિન દેહ છે. તેનું જતન કરવું એમાં ડહાપણ કેવું.તમારા ગુરુ જરૂર દેહાધ્યાસી જ હશે. એકમાત્ર આત્મા જ અજર અમર છે. આત્માને પોતાનું રૂપ માનીને દેહથી નોખા થવાનો નિત્ય આત્માભ્યાસ કરવો."

શ્રીહરિએ માર્ગ ભૂલેલા યોગીઓને આવો ઉપદેશ આપ્યો. ગિરિ ઉપર વસતા સર્વે યોગી તથા નવલાખ સિધ્ધો પ્રત્યે કૃપા દૃષ્ટિ કરી ફરીથી કહેવા લાગ્યા : "પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સ્વરૂપનું જ અખંડ ધ્યાન કરવું એ જ યોગાભ્યાસનું ફળ છે. આત્મદર્શી યોગી

હોય કે દેહદર્શી ભોગી હોય, પરંતુ સત્સંગ વિના ક્યારેય અજ્ઞાન ટળે નહિ. માટે નિત્ય સત્સંગ કરવો. મોક્ષ પણ લોકો અનેક પ્રકારના માને છે. પરંતુ એ બધા જ વિઘ્નરૂપ છે. નાના ખાડામાંથી નીકળી મોટા કૂવામાં પડવા જેવું તે કહેવાય. થોડું જીવવું તે નાનો ખાડો અને લાંબુ જીવન એ મોટો કૂવો સમજવો. સત્સંગ વિના આવું સમજાય નહિ. માટે દેહને અમર રાખવાની વાત છોડી દો. દેહાધ્યાસથી ક્યારેય શાંતિ આવશે નહિ. **હરિચરણમાં સ્નેહ થાય તે જ સાચો મોક્ષ છે.”**

નવલખા પર્વત ઉપરની આ સભા એ એક વિલક્ષણ સભા હતી. પર્વત ઉપર વસતા અસંખ્ય યોગીઓને એ દિવસે સાચું જ્ઞાન પ્રાપ્ત થયું. સર્વે યોગીરાજોને શ્રીહરિએ આ પ્રકારે જ્ઞાન આપી ધ્યાન કરતાં શીખવાડ્યું. તેમનો દેહાધ્યાસ છોડાવીને મોક્ષભાગી કર્યા.

“હરિચરણમાં સ્નેહ થાય તે જ સાચો મોક્ષ છે.” આ સાચો, સુંદર અને મોક્ષગામી ઉપદેશ ગ્રહણ કરી સર્વે સિધ્ધો આજે સાચી સિધ્ધિને પામ્યા.

સૌને બંધનથી મુકાવી, શ્રીહરિએ ઉત્તર દિશા તરફ પ્રયાણ કર્યું. જે નવલાખ સિધ્ધો એ જ રાત્રિથી દેખાતા બંધ થયા. તેઓ સર્વે આત્મારૂપ બન્યા. એમની ચિત્તવૃત્તિ હવે નિરંતર હરિચરણમાં ચોંટી હતી !

શ્રી સ્વામિનારાયણ અંકના સભ્યો જોગ

આપણા શ્રી સ્વામિનારાયણ માસિકના હાલ હજારોની સંખ્યામાં વાચકો-સભ્યો છે. દર માસની ૧૧ તારીખે શ્રી સ્વામિનારાયણ અંક (ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી) એક સાથે નિયમિત રૂપે (પી.એસ.ઓ.) રેલ્વે સ્ટેશન સરસપુર થી સોર્ટિંગ કરીને મેઈલ થાય છે. છતાં કોઈ સભ્ય ને વહેલા-મોડા અંક મળતા હોય તો સ્થાનિક પોસ્ટમાં તપાસ કરાવી ને જ અત્રે જાણ કરવી. ઓફિસમાં જે તે માસનો અંક સ્ટોકમાં હશે તો ફરીવાર આપવામાં આવશે.

ખાસ સૂચન : જે સભ્યનું રહેઠાણ સરનામું બદલાયું હોય તેમણે ગ્રાહક નંબર લખીને નવું સરનામું જણાવવું. ગ્રાહક નંબર વગર સરનામું બદલાશે નહિ. તેની ખાસ નોંધ લેવી.

ધનુર્માસનો વિશેષ સત્સંગ

તા. ૧૬-૧૨-૨૦૦૬ થી તા. ૧૪-૧-૨૦૦૭

દીકરાથી માંડીને દાદા સુધીના સહુને સાથે મળીને ભજન કરવાનો અવસર પવિત્ર ધનુર્માસમાં તો આવેજ છે. શિયાળાની ગુલાબી ઠંડીના હળવા ચમકારામાં પણ મંદિરે જવાની મંદ શ્રદ્ધાવાળાને પણ ઈચ્છા થઈ આવે, અને જગતને ભૂલીને ભગવાનના દિવ્ય સાંનિધ્યનો લ્હાવો મળી જાય છે. તો હવે તે અમૂલ્ય અવસર આવી રહ્યો છે.

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વયં શ્રી નરનારાયણદેવ સ્વરૂપે પ્રત્યક્ષ બિરાજમાન છે. તે શ્રીસ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદમાં પવિત્ર ધનુર્માસનો પ્રારંભ તા. ૧૬-૧૨-૨૦૦૬ થી તા. ૧૪-૧-૨૦૦૭ પર્યન્ત થશે. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ધર્મકુળ સહિત પધારશે.

ધનુર્માસનો વિશેષ કાર્યક્રમ

સવારે ૫-૦૦ કલાકે	:	રંગ મહોલ ઘનશ્યામ મહારાજની સાંનિધ્યમાં ધૂન
સવારે ૫-૩૦ કલાકે	:	મંગળા આરતી
સવારે ૫-૪૫ કલાકે	:	ધૂન
સવારે ૬-૩૦ કલાકે	:	શણગાર આરતી
સવારે ૮-૧૦ કલાકે	:	રાજભોગ આરતી
બપોરે ૧૧-૩૦ કલાકે	:	ભગવાન પોઢશે.

માસિક ધૂન
રૂા. ૧૫૦૦/-

દૈનિક ધૂન
રૂા. ૧૦૦/-

સત્સંગ ભાવવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

માળા કેવી રીતે ફેરવવી ?

– શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

કોઈવાર સંતોની સભા બેઠી હતી અને સ્વામિનારાયણ ભગવાન સંતોને સહેજે સહેજે જ પ્રશ્ન પૂછવા લાગ્યા કે સંતો, આવો સુંદર ચાતુર્માસ ચાલે છે, કેટલી માળા ફેરવો છો? કોઈ સંતે કહ્યું, મહારાજ ! હું દરરોજ બસો માળા ફેરવું છું. બીજા સંતને પૂછ્યું, "સ્વામીજી તમે કેટલી માળા ફેરવો છો ?" કોઈએ જવાબ આપ્યો હું સવા બસો માળા ફેરવું છું. તો કોઈએ દોઢસો કહી, કોઈએ સો કહી, કોઈએ સવાસો કહી.

આમ જે જેટલી માળા ફેરવતા હતા તેટલી માળાનો સાચો જ આંકડો સ્વામિનારાયણ ભગવાને કહ્યો. સંતોમાં અગ્રગણ્ય એવા મુક્તાનંદ સ્વામીને મહારાજે પહેલું ન પૂછ્યું. જ્યારે બધાને પૂછવાનું પતી ગયું ત્યારે સૌથી છેલ્લે ભગવાને મુક્તાનંદ સ્વામીને પૂછ્યું, તેમને બાદ તો ન જ કર્યા. સ્વામી! હવે તમે બોલો. તમે કેટલી માળા ફેરવો છો ? એટલે મુક્તાનંદ સ્વામી જવાબ આપતા કહે છે મહારાજ, મારાથી રોજ પચાસ જ માળા ફરે છે.

આ સભામાં કેટલાક સત્સંગીઓ પણ બેઠેલા. તેમને થયું આ નાનો સાધુ બસો માળા ફેરવે છે ને મુક્તાનંદ સ્વામી ફક્ત પચાસ જ માળા! સ્વાભાવિક છે કેટલાય ને આવું થાય.

સ્વામિનારાયણ ભગવાને આજે આવું શા માટે પૂછ્યું હશે ? સ્વામી તમે પચાસ જ માળા કેમ ફેરવો છો ? તમારી માળા બધા કરતા મોટી છે કે પછી ફેરવવી ફાવતી નથી ? વાર કેમ લાગે છે ? ત્યારે સ્વામીએ જવાબ આપતાં જણાવ્યું, ના મહારાજ ! માળા તો એકસો આઠ મણકાની જ છે. તો પછી ફક્ત પચાસ જ કેમ ફેરવો છો ? મહારાજે કહ્યું ત્યારે મુક્તાનંદ સ્વામીએ જણાવ્યું, "મહારાજ હું માળા ફેરવું છુ ત્યારે તમારી મૂર્તિ મારા હૈયામાં ખડી કરી દઉં છું. મારી સામે મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન ઉભા છે. એમ માળા ફેરવું છું. વળી માળાની સંખ્યા નક્કી કરવાનો બેરખો હું સાથે રાખતો નથી. મિત્ર, બેરખો કોને કહેવાય ? ખ્યાલ છે ને ! જો તમે દરરોજ પચાસ માળા ફેરવતા હો તો પચાસ મણકાની એક નાની માળા બનાવવાની. એને ડાબા હાથમાં પકડી રાખવાની. એક માળા પૂરી થાય એટલે એક મણકો. ખસેડી દેવાનો, એને બેરખો કહેવાય. આમ જમણા હાથમાં રાખીને ફેરવીએ એ મુખ્ય માળા અને ગણતરી માટે બીજી રાખો એ બેરખો.

મુક્તાનંદ સ્વામી કહે છે માળાની ગણતરી માટે હું બેરખો નથી રાખતો. માળા ફેરવતી વખતે મારા હૃદયમાં આપનું સ્વરૂપ ખડું કરી દઉં છું. મારી સમક્ષ મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન ઉભા છે. એમનાં આ ચરણારવિંદ છે. અને આ એમના ચરણની આંગળીઓ છે. એક આંગળી બરાબર નિરખતાં એક માળા પુરી કરું, બીજી આંગળી બરાબર નિરખતા બીજી માળા પુરી કરું. આમ આપના પચાસ અંગનું ચિંતવન કરતા માળા ફેરવું એટલે સમજી લઉં કે પચાસ માળા પુરી થઈ.

શ્રીજી મહારાજે સભામાં જાહેર કર્યું, "હે, સંતો ! તમારી બસો માળા કે સવા બસો કે સો માળા એ બધા કરતાં મુક્તાનંદ સ્વામીની પચાસ માળા સર્વ શ્રેષ્ઠ છે. અને હે સંતો તમે બધા પણ આજથી નિયમ લો કે જે રીતે મુક્તાનંદ સ્વામી માળા ફેરવે છે એ રીતે તમારે ફેરવવાની છે. સ્વામી તમે જે રીતે માળા ફેરવો છો એ સંતોને અને હરિભક્તોને યાદ રહે એવી કંઈક રચના કરો. સારું મહારાજ, મુક્તાનંદ સ્વામીએ કહ્યું.

પ્રભુની આજ્ઞા થઈ એટલે મુક્તાનંદ સ્વામીએ માળા વિશે એક સરસ પદની રચના કરી આપી. જેથી ત્યાગી-ગૃહી-સત્સંગીઓ એ પદ યાદ કરીને એ પ્રમાણે માળા ફેરવતા થયા. પદના શબ્દોની રચના આ પ્રમાણે છે.

"ભજો ભાવશું અખંડ જપ માળા રે,
માળા ટાળે છે મન કેરાં ચાળા રે...."
હરિનું એક એક અંગ ઉર ધારો રે,
સ્વામિનારાયણ નામ ઉચ્ચારો રે.

આમ એક એક અંગ ઉપર ધારતા જાઓને સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલતા જાઓ. તો ભગવાનને એ માળા ખૂબ ગમે છે.

મિત્રો! ખ્યાલ આવ્યો ને, આપણે કેટલી માળા ફેરવીએ એ મહત્વનું નથી પરંતુ કેવી રીતે માળા ફેરવીએ છીએ એ મહત્વનું છે. મુક્તાનંદ સ્વામીની જેમ આપણે પણ માળા ફેરવવાનો પ્રયાસ કરીશું તો ભગવાન જરૂર રાજી થશે.

આ તો આધ્યાત્મિક બાબત માટેની વાત થઈ. પણ ભૌતિક કોઈપણ સિદ્ધિ જોઈતી હોય તો એકાગ્રતા તો જોઈએ જ. જેમ કે, વિદ્યાર્થી વિદ્યા ભણતો હોય એવા સમયે ભલે તે થોડા કલાક જ વાંચવા બેસે પણ એકાગ્રતાથી વાંચવા બેસે તો યાદશક્તિ વધી જાય. ઘણું યાદ રહે. પણ જો તે ભણવાની સાથે એકબાજુ ટી.વી. ચાલુ હોય, બીજી બાજુ વાતો ચાલુ હોય, ભણતા ભણતા નાસ્તા ચાલુ હોય તો આવા દસ કલાક વાંચે ને તો પણ કામ ના થાય. મોટી મોટી વૈજ્ઞાનિક શોધો અને સંશોધનોની પાછળ એકાગ્રતા જ મુખ્ય પ્રેરકબળ તરીકે કામ કરતી હોય છે.

ભલે આપણને ખબર હોય કે ન હોય પણ, અજાયબી ભરેલી શોધો અને સંશોધનો પાછળ તન્મય થઈ ગયેલા

માણસો ખાવા-પીવાનું ઊંઘવાનું બધું જ ભૂલી જતા હોય છે. જે આવા તન્મય બની ગયા તેમનું કામ થઈ ગયું.

●

સેવાનો મહામંત્ર

– સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

તમે જાદુગરનો જાદુ તો જોયો હશે ને? જાદુગર જાત જાતના ખેલ બતાવે. આ જાદુગરે પણ વરસો સુધી સાધના કરી. સાધના એટલે અભ્યાસ. પોતાની જાદુઈ વિદ્યાનો ખૂબ જ અભ્યાસ કર્યો. ખૂબ જ હોશિંયાર બન્યો. હોશિંયારી તે કેવી અજબની. આકાશમાંથી પથ્થરનો વરસાદ વરસાવે. માણસને પક્ષી બનાવે. ગુલાબના છોડ પર કેરીના ફળ લાવે. માણસને કૂતરો પણ બનાવે અને તે કૂતરો બની જાય છતા તેની પાસે રોટલી બનાવરાવે. આવી જાત જાતની અજબ કળાઓ શીખ્યો.

હવે આ જાદુગર પોતાનો જાદુ અજમાવવા માટે ફરવા લાગ્યો. તે ત્રણ ગામમાં પોતાનો જાદુ પ્રયોગ કરવા લાગ્યો. ખરાબ નીતિથી જાદુ કરી ગામવાસીઓને દુઃખી કરવા લાગ્યો. આ જાદુગર ખેલ બતાવી રૂપિયા પડાવવા લાગ્યો. જાદુગર ગામના માણસોને લાલચ બતાવી, પટાવી પોતાની તરફ આકર્ષતો. અને જો કોઈ ન માને તો કહે "नइ करामत लाया हुं नहि देखोगे तो पस्ताओगे" આમ કરી જાદુ તરફ બધાનું લક્ષ ખેંચતો અને પછી પરાણે રૂપિયા કઢાવતો. આ રીતે જાદુગરનો ત્રાસ વધવા લાગ્યો.

જાદુગરના ત્રાસથી બચવા આ ત્રણે ગામના આગેવાનો એ ભેગા મળી નક્કી કર્યું કે આપણે કોઈ મહાત્માની શરણમાં જવું જોઈએ. અને તેમની સલાહ લેવી જોઈએ. તો જ આ જાદુગરના ત્રાસથી બચી શકાશે. આ ત્રણે ગામના આગેવાનો મહાત્માની શોધમાં નીકળી ગયા. જંગલમાં શોધવા લાગ્યા. ખૂબ જ દૂરદૂર જંગલમાં એક આશ્રમ દેખાયો. આગેવાનોના મનમાં આનંદ થયો. હાશ આશ્રમ તો મળ્યો. આગેવાનો આશ્રમમાં પ્રવેશ કરે છે. એક વૃક્ષ નીચે મહાત્મા ધ્યાનાવસ્થામાં બેઠા હોય છે. આ ત્રણે ગામના આગેવાનો મહાત્માજીને પગે લાગે છે. મહાત્માજી ધ્યાનમાંથી જાગી અને જુએ છે. આગેવાનો આ મહાત્માજીની આગળ હાથ જોડી નમ્રતા ભાવે પોતાની મુંઝવણ વ્યક્ત કરે છે. જાદુગરના ત્રાસની વાત કરે છે. અને તેનો બચવાનો ઉપાય માંગે છે, ત્યારે ઉપાય બતાવતા મહાત્માજી ફક્ત ત્રણ વખત સેવા કરો, સે...વા કરો, સેવા... કરો એમ બોલી આંખો બંધ કરી ફરીથી ધ્યાનમાં ઉતરી જાય છે. આ ત્રણે આગેવાનોએ વિચાર્યું કે મહાત્માજી એ ઉપાય બતાવ્યો છે. માટે હવે આપણે તે કરીશું. સૌ પોતપોતાના ગામમાં આવી ગયા અને મહાત્માજીનો આપેલો મંત્ર કહ્યો. "સેવા કરો."

એક ગામવાળાએ મહાત્માજીના મંત્રનો એવો અર્થ કર્યો કે આપણે જાદુગરની જ સેવા કરીએ. જ્યારે જાદગુર ગામમાં આવે ત્યારે સૌ તેને આવકાર આપે, જાદુગરની આગતા સ્વાગતા કરે, મનગમતા ભોજન જમાડે, સામે ચાલી રૂપિયા આપે. ત્યારે જાદુગરને થયું કે આ બધા તો મારું બહુ જ સન્માન કરે છે. મારાથી તેમને હેરાન પરેશાન ન કરાય મારે તો તેમને સુખી કરવા જોઈએ. આમ વિચારી જાદુગર આ ગામનું હિત ઈચ્છવા લાગ્યો.

પછી તો, આ જાદુગર બીજા ગામમાં પોતાનો જાદુ અજમાવવા જાય છે. ત્યાં બીજા ગામના માણસોએ મહાત્માજીના મંત્રનો એવો અર્થ કર્યો હતો કે ગરીબ ગુરબાની સેવા, દિન દુઃખીયાની સેવા કરો. માટે ગામના માણસો ગરીબોને અન્ન-વસ્ત્ર આપવા લાગ્યાં. માંદા માણસોની ચાકરી કરવા લાગ્યા. આમ, ગામના માણસોનું મન સેવામાં પરોવાયેલું હોવાથી જાદુગરની માયાજાળ, તેનું આકર્ષણ કાંઈ ચાલ્યું નહિ. અને નિરાશ થઈ ત્યાંથી ચાલ્યો ગયો.


ત્રીજા ગામમાં માણસોએ મહાત્માજીના મંત્ર અનુસાર એકબીજાની સેવા કરવી એવો અર્થ તારવ્યો. અને એક બીજાને મદદરૂપ થવા લાગ્યા. ખેતર ખેડવું હોય તો કહેશે હું પણ તમારી મદદમાં આવું મજુરી નહિ માગુ. કોઈની દુકાનમાં, વ્યવહારમાં, પ્રસંગમાં બધા એક બીજાને મદદરૂપ થવા લાગ્યા. જાદુગર ત્યાં આવીને પોતાનો જાદુ અજમાવવા લાગ્યો પણ નિષ્ફળતા જ મળી તેથી ત્યાં તેનો જાદુ ચાલી શક્યો નહિ. જાદુગર થાકી ગયો. તેનો જાદુ નકામો થઈ ગયો.

ધીરે ધીરે જાદુગરને પણ પોતાના જાદુનું જોર ઓછું થતું જવાનું કારણ સમજાયું. હવે તે સમજ્યો કે બીજાનું ભલું કરવાથી જાદુ કરતાં પણ વધારે જોર આવે છે. સેવા જાદુથી પણ વધારે જોરાવર છે. તેથી તેણે જાદુવિદ્યા છોડી દઈ લોકોનું ભલું કરવા પાછળ પોતાનું ધ્યાન આપવા માંડ્યું. આમ, થોડા જ સમયમાં તે જાદુગર મટીને સેવકજન બની ગયો.

મિત્રો, આવી રીતે "સેવા કરો" ના એક નાનકડા મંત્રથી મહાન જાદુગર પણ સજ્જન બની ગયો. ખરો પ્રતાપ તો પેલા સાધુ મહાત્માનો કે જેણે મંત્ર શિખવ્યો હતો. તેમના "સેવા કરો" એ નાનકડા મંત્રથી ત્રણ ગામની અને એક જાદુગરની જિંદગી સુધરી ગઈ. માટે આપણે બધાએ આ વાત ધ્યાનમાં રાખી સેવા કરવી જોઈએ. સેવા કરનાર સદા સુખી થાય છે. એટલે તો આપણી ગુજરાતી કહેવત છે ને કે "જે કરે સેવા તે પામે મેવા" માટે તમે પણ ગામની, દેશની, પ્રજાની અને ધર્મની ખૂબ સેવા કરજો. તો આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનો પણ રાજીપો રહેશે. કેમ કે ભગવાને શિક્ષાપત્રીમાં કહ્યું છે કે "सेवा मुक्तिश्च गम्यताम्।"

સાચા હૃદયથી સાચી જગ્યાએ સેવા કરનાર ઉપર કોઈ મલીન મંત્ર તંત્ર જાદુની અસર થતી નથી અને ભગવાનનો અને સંતનો રાજીપો પ્રાપ્ત થાય છે.

?????????????? પ્રશ્નપેટી ??????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ વચનામૃતમાં સ.ગુ. મુક્તાનંદસ્વામીના કેટલા પ્રશ્નો છે ?

પ્રશ્ન : ૨ "જીવનો મોક્ષનો હેતુ - કારણ શું છે ?" - આ પ્રશ્ન કોણે પૂછયો અને તેના ઉત્તરનો સારાંશ શું છે ?

પ્રશ્ન : ૩ પ્રાતઃકાળમાં ક્યા ભગવાનનું સ્મરણ કરવાથી આવી પડેલ ભય દૂર થાય છે. જેનો ઉલ્લેખ નારાયણ કવચમાં કરેલ છે.

પ્રશ્ન : ૪ "જેને પૂજામાં સેવામાં અને કથાવાર્તામાં ને કીર્તનમાં ખૂબ શ્રધ્ધા હોય, ભગવાનનું માહાત્મ્ય સમજતો હોય એ શ્રધ્ધા અને મહિમા ક્યારે પણ ગૌણ ન પડે આવી વાત શ્રીજી મહારાજે ક્યા વચનામૃતમાં કરી અને ત્યાર પછી શ્રીજી મહારાજે કોની વાત કરીને મહિમા સમજાવ્યો છે ?

પ્રશ્ન : ૫ ऋषिरूपधरं तपश्चरं ह्यवमन्देत कदापि कश्चन । શ્લોક પૂર્ણ કરો ?

પ્રશ્ન : ૬ જેતલપુર ધામમાં આવેલ આપણી સંસ્કૃત મહાવિદ્યાલયની સ્થાપના કઈ જગ્યાએ, કોણે, કઈ સાલમાં કરેલ છે અને અત્યારે તેને કુલ કેટલા વર્ષો થયા છે.

પ્રશ્ન : ૭ "રંગભર રાસ રમે રે વાલો મારો રંગભર રાસ રમે, ગોપીને મનડે ગમે રે, વાલો મારો રંગભર રાસ રમે" - પદના રચયિતાનું નામ જણાવો.

નવેમ્બર-૨૦૦૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) કારિયાણીના ૫ માં વચનામૃતમાં વસ્તાખાચરના દરબારમાં. (૨) ગ.મ. ૨૧ મું વચનામૃત. (૩) અયોધ્યાપુરી પ્રથમ વસાવી, જે ભરતખંડમાં વચ્ચે છે. જ્યાંથી ચાર ધામ સરખા દૂર છે. (૪) શિક્ષાપત્રીના ૭૫ માં શ્લોકમાં. (૫) "આસો આવ્યો અલબેલડા રે,આવી હરે, હરિ દુઃખ રે, હરિવર આવા થયા કેમ આ સમે રે.." રચયિતા - પ્રેમાનંદ સ્વામી. (૬) "એટલું મેલી આંહી આવ્યો છું, ઉર કરી વિચાર રે, ભૂખે મરતાં ભેખ લીયે છે, ગણશો નહિ એની હાર રે..." - નિષ્કુળાનંદ સ્વામી. (૭) પુત્ર માટે સિતેર હજાર વર્ષ.

પરમાર સુહાની, શોભના, મનીષ
સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
અજય ઘનશ્યામભાઈ પટેલ (નાંદોલ)
અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
કૈલાસબેન વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)
સાં.યો. રંજનબા, રેખાબા, બાલાસિનોર
સાં.યો. રસીલાબા, અસ્મિતાબા હવેલી
હેતલ, કિંજા, રેખા (વિરાટનગર-ઓઢવ)
સાં.યો. રંજનબા, નાનીબેન (વિરાટનગર-ઓઢવ)
અલ્કાબેન અશ્વિનભાઈ સુખડીયા (મયુરપાર્ક)
નિર્મળાબેન, શાંતાબેન (ટીકર) હળવદ

સાં.યો. કંચનબા, કુંદનબા (મેડા)
સાંખલા જયેશ પી. (કુજાડ)
સાં.યો. મંજુબા, ભારતીબા (હવેલી) અમદાવાદ
સાં.યો. ઉષાબા, શિલ્પાબા (હવેલી) અમદાવાદ
પરમાર શાંતિભાઈ વાલજીભાઈ તથા
સોનલબેન, અલ્પેશકુમાર (બળોલ-ભાલ)
મનસુખભાઈ ઠાકરસીભાઈ (વિરાટનગર)
કિશોરભાઈ ડી. વેકરીયા (વિરાટનગર)
ક્રેયુર પી. રાદડીયા (વિરાટનગર)
લાલજી આર. ઠક્કર (વિરાટનગર)
મેધાબેન કમલેશકુમાર (કુહા)
મોદી અમૃતલાલ મગનલાલ (સેટેલાઈટ)

પટેલ ગોરધનદાસ શંકરદાસ (સોજા)
મોદી અમૃતલાલ કચરદાસ (સોજા)
માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
વૈશાલી, કૌશિકા, ચંદ્રિકા (જીરાગઢ-હાલાર)
શ્રી ઘનશ્યામ બાલિકા મંડળ (જીરાગઢ)
પટેલ રેખાબેન કિર્તીકુમાર (ઊંઝા)
અરવિંદાબેન ભાવસાર (ચાંદલોડીયા)
વીણાબેન આર. ભાવસાર (અમદાવાદ)
હસુમતીબેન વ્યાસ (અમદાવાદ)
ઠક્કર હસુબેન કનૈયાલાલ (ભાડુઆતનગર)
હંસાબેન ઈશ્વરભાઈ પટેલ (સાપાવાડા)

નોંધ : (૧) પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.

(૨) "ભક્તિસુધા" શ્રી સ્વામિનારાયણ માસિકમાં સમાવિષ્ટ થયું છે. જેથી ભક્તિસુધામાં લેખ લખતા બહેનોએ શ્રીસ્વામિનારાયણ માસિક કાર્યાલય, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અણદાવાદના સરનામે લેખ

।। ભક્તિસુધા ।।

ઘનશ્યામ ક્યાં છે ?

- તરલાબેન અતુલભાઇ પોથીવાલા

સવાર પડી. મોટાભાઈ રામપ્રતાપજી અને સુવાસીની ભાભી ઉઠ્યાં ત્યારે જોયું તો ઘનશ્યામ પથારીમાં ન મળે. તેમને થયું. કદાચ આજે રોજ કરતાં વહેલા નાહવા ગયા લાગે છે. નદીએથી નાહીને હમણાં આવશે. મોટાભાઈ નાહીને ખેતરે ગયા.

ભાભીએ ઘનશ્યામ માટે નાસ્તો બનાવી રસોઈ શરૂ કરી. સવારના કામમાં કોઈને ઘનશ્યામ યાદ આવ્યા નહિ.

"બપોર થઈ ગઈ પણ હજી ઘનશ્યામ કેમ નહિ આવ્યા ?" સુવાસિની ભાભીને ચિંતા થવા લાગી. ઘનશ્યામ આવે એટલે કાયમ સાથે જમવા બેસતા. પણ ઘનશ્યામ તો હજુયે ઘેર ના આવ્યા. ઘનશ્યામના બાલમિત્રોને બોલાવીને પૂછવા માડ્યું. "ઘનશ્યામ ક્યાં છે ? તમે જોયા છે ? કેમ હજી ઘેર નથી આવ્યા ? તમને ખબર છે ?"

બાળ મિત્રો કહે : "અમને ખબર નથી. આજે સવારે નાહવા ગયા ત્યારે નદીએ નહોતા. અમે તો સવારથી જ ઘનશ્યામને જોયા નથી."

આ સાંભળી સુવાસિની ભાભીને હૈયા ફડક પેઠી. સગાંવહાલાં ને ઘેર તપાસ કરવા ગયાં, પણ પત્તો લાગ્યો નહિ. એમ કરતાં કરતાં સાંજ થવા આવી. ઘનશ્યામના વિરહમાં ભાભીએ કાંઈ ખાધું નથી. ખેતરે માણસ મોકલી રામપ્રતાપભાઈને ઘેર બોલાવી બધી વાત કરી.

રામપ્રતાપજી અને ઈચ્છારામજીને ખબર પડી કે ઘનશ્યામ ક્યાંય નથી તે જાણી વિરહથી નેત્રમાંથી આંસુની ધારા ચાલી જાય છે. બંને ભાઈઓ અત્યંત વ્યાકુળ થયા છે.

બધા જ મંદિરોમાં તપાસ કરી આવ્યા, સરયૂને કાંઠે તપાસ કરી. જાંબુના વનમાં તપાસ કરી. છપૈયાને પાદર તપાસ કરી. વેણી, માધવ અને પ્રાગના ખેતરોમાં તપાસ કરી. ઘનશ્યામ રમતા એ બધે જ સ્થળે તપાસ કરી. પણ ઘનશ્યામ ક્યાંય મળ્યા નહિ.

ભાભી તો ચોધાર આંસુએ રડે છે. તેમને કાંઈ કરવું ગમતું નથી. ઘડીએ ઘડીએ ઘનશ્યામ જ યાદ આવે છે. બધા જ "ઘનશ્યામ ક્યાં ? ઘનશ્યામ ક્યાં ? કરે છે. કોઈનાય ચિત્તને ચેન પડતું નથી."

ભાઈ-ભાભીના રુદનનો પાર નથી. ઈચ્છારામજી પણ ઘનશ્યામને યાદ કરીને રડે છે. બધા મિત્રોય રડે છે.

સુવાસિની ભાભીના વિલાપનો પાર આવે તેમ નથી. ઘનશ્યામ પ્રત્યેના અતિ સ્નેહે કરીને સુવાસિની ભાભી બોલી ઉઠ્યા : "શુદ્ધિ વિનાના દેહવાળા થઈ શા માટે પડી રહ્યા છો ? જાઓ બાગ બગીચા શોધો, સરયૂ તીર શોધો, શોધ્યા વિના ક્યાંથી ઘનશ્યામ મળે ? સસરાએ તો મને વારંવાર શીખ આપી હતી પણ તે મેં મારા ઉરમાં ન રાખી. તેમણે કહ્યું હતું કે ઘનશ્યામની ખબર રાખજો. ખાધે પીધે કોઈની પાસે માગે એવા નથી. તેથી કરીને જતન કરજો. મારી મતિ બળી જાઓ કે મેં સુરત ન રાખી."

વળી વિચારે, "મોટા ભાઈ ગઈ કાલે વઢ્યા એટલે કદાચ ઘર છોડીને, સાધુ બનીને તપ કરવા ચાલ્યા ગયા હશે ? પણ મોજડી અને કપડાં તો અહીં પડ્યા છે. ઉઘાડે પગે શી રીતે ચાલશે ? વરસાદમાં શી રીતે સાજા રહેશે ? ઉઘાડે ડિલે ટાઢ, તડકો કેમ સહન કરશે ? જંગલમાં રસોઈ કરીને કોણ જમાડશે ? રોજ દૂધ, દહીં, મીઠાઈ ખાનારા ઘનશ્યામને જંગલનાં જંગલી ફળ ફૂલ કેવી રીતે ભાવશે ? જંગલી પ્રાણીઓ મારા નમણા નાજુક ઘનશ્યામને ફાડી તો નહીં ખાયને ?"

ખબર સાંભળીને બીજા કુટુંબીઓ અને સંબંધીઓ પણ આવ્યા. તે બધા પણ વિલાપ કરવા લાગ્યા.

ત્યાર પછી બધા જ ફરીથી ઘનશ્યામને શોધવા માટે નીકળ્યા. પરંતુ અનેક ઉપાય કરવા છતાં ન દેખ્યાં. નામ દઈ, આંગળીઓ કાનમાં ખોસીને ખૂબ ઊંચા સ્વરે પોકારે "હે ઘનશ્યામ ! તમે ક્યાં છો ? પણ કોણ જવાબ આપે ?"

છેવટે બધાં થાકીને પાછા ઘેર આવે છે. મનમાં સૌ સંતાપ કરવા લાગ્યા. "દયાળુ ઘનશ્યામ બહુ દુઃખ દઈને ગયા. અમારા ઉપર દયા પણ ન લાવ્યા. અમૃતમય વાણીથી પાસે આવીને બોલતા અને સૌના હૃદયને રીઝવતા. દશરથરાજાને જેમ રામચંદ્રજી વનમાં ગયા અને જેવું દુઃખ થયું. તેવું દુઃખ અમને આપતા ગયા. બાળપણની પ્રીત તમે તરત છોડી દીધી. સાપ જેમ કાંચળી તજે, બળેલા વનને જેમ મૃગ તજે, તેમ તમે ઘર તજી દીધું. તમારા વિના અમે વિલાપ કરીને મરી જાશું. અમે આઠો પહોર વ્યાકુળ છીએ. કાંઈ ચેન પડતું નથી. માટે હે ઘનશ્યામ તમો ક્યાં છો ?"

બન્ને બંધુઓ, સુવાસિની ભાભી તથા બાળ મિત્રો સહિત સર્વે સગાસંબંધી ઘનશ્યામના વિરહમાં આ રીતે કરુણ

વિલાપ કરતા રહ્યાં.

●

વનવિચરણ

- સાંખ્યયોગી શાંતાબા

નીલકંઠવર્ણીએ ઘોર વનની વાટ લીધી. વચ્ચે ભૂમરિયાળી નદીમાં ઝંપલાવ્યું. સામે કાંઠે પહોંચ્યા. વહેલી સવારે વર્ણી વંશીપુરમાં આવ્યા. શિકારે આવેલા વંશીપુરના રાજાને દર્શન દીધાં. ત્યાંના રાજા રાણી અને તેમની પુત્રીઓએ વર્ણીના દર્શન કરીને પૂજા કરી. રાણીએ વર્ણીન્દ્રને જોઈને પોતાની બંને પુત્રીઓને વર્ણી સાથે પરણાવવાની વાત કરી. વર્ણી હસ્યા અને કહ્યું "માતા મારા તપની અવધિ તો પશ્ચિમમાં થશે." અહીં તો હું તમારા તપના ફળરૂપે આવ્યો છું. તેથી તમારા મોટા ભાગ્ય છે.

સંવત ૧૮૫૦ અષાઢ માસમાં વર્ણી કાળા પર્વતની આગળ ચાલ્યા, રસ્તામાં કાળ ભૈરવ અને તેના પિશાચો અને અસંખ્ય ભૂતગણોનું લશ્કર આવ્યું. વર્ણીના દર્શને આવેલા હનુમાનજીએ આ બધાને હવામાં ફંગોળ્યા અને ભૈરવને મારી નાખ્યો. પુલ્હાશ્રમ તરફ આગળ વધતા વચ્ચે કાલી ગંડકી નદી આવી. ત્યાંથી મુક્તિનાથ તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં હિમાલય મનુષ્યરૂપે મળ્યા. તેણે વર્ણીના દર્શન કર્યા. ત્યાંથી નીલગિરિ તથા શીવલગિરિ ઓળંગી કણબેની પહોંચ્યા. ત્યાંથી પુલ્હાશ્રમ પધારી મુક્તિનાથના દર્શન કર્યા. પછી ત્યાંથી ભરતકુંડમાં સ્નાન વિધિ કર્યા. ભરતજીએ જ્યાં તપ કરેલું ત્યાં નીલકંઠવર્ણીએ તપ કરવાનો પ્રારંભ કર્યો. બે હાથ ઊંચા રાખી, એક પગે ઉભા રહી સૂર્યનારાયણને પ્રસન્ન કરવા માટે તપ કર્યું. ત્યાં ધર્મ-ભક્તિ દિવ્ય રૂપે વર્ણીની અખંડ સેવા કરવા હાજર થયા. પુરજનની કથા અને ભરતજીનું ચમત્કારી આખ્યાન તો વર્ણીને વિસરતાં જ નહીં. સંવત ૧૮૫૦ ની પ્રબોધિની એકાદશીની રાત્રિએ વર્ણીએ સૂર્યનારાયણને પ્રસન્ન કરી લીધા. વહેલી સવારે સૂર્યનારાયણે વર્ણીરાજને પ્રત્યક્ષ દર્શન દીધા. સૂર્યનારાયણ પાસેથી અતિ તીવ્ર વૈરાગ્યનું વરદાન મેળવ્યું. વરદાન આપી સૂર્યનારાયણ અંતર્ધાન થયા. બીજે દિવસે પુલ્હાશ્રમથી ચાલ્યા. પાત્ર તથા કુપાત્રને પોતાના સંબંધથી સંસ્કારી બનાવતા અને અનેક જીવોને પોતાના સંબંધનું યોગદાન દેતા નીલકંઠવર્ણી બુટોલનગરમાં પધાર્યા. ત્યાંના રાજા અને માયારાણીએ ખૂબજ ભાવથી પાંચ માસ આગ્રહ કરી રોક્યા. તેમને ઉપદેશ આપી નિર્જન પ્રદેશ અને વિકટમાં વિકટ માર્ગે આગળ ચાલ્યા. એક ઘેઘુર વડ નીચે યોગી દીઠા. યોગીએ વર્ણીના દર્શન કર્યા અને સામે ચાલી ભેટ્યા અને આંખમાં હર્ષાશ્રુ વહેવા લાગ્યા. વર્ણી હસ્યા અને કહ્યું, "તમારા જેવા યોગીને ખોળતો હતો. કેટલાક જોગી, ભોગી, રોગી, માની અને દંભી પણ મળ્યા. પરંતુ તમારા જેવા નિરોગી અંતરતા આરોગી પુરુષને મેં ક્યાંય જોયા નથી." ગોપાળયોગીએ વર્ણીને આશ્રમમાં રાખ્યા. અષ્ટાંગયોગ વિદ્યા શીખવી ને પોતાની યોગ વિદ્યાને નિર્ગુણ બનાવી. ભરવાડોનું દુઃખ દૂર કરવા શંખનાદની જેમ બ્રહ્મનાદ કર્યો. આથી સૌ હિંસક પ્રાણીઓ વનમાં દૂર નાસી ગયા. ગોપાળયોગી તથા ભરવાડોને નિર્ભય કર્યા. ગોપાળયોગીને શ્રીકૃષ્ણ રૂપે દર્શન આપી ગોલોકમાં મોકલ્યા તેમની ઉત્તર ક્રિયા કરીને પોખરા શહેર પહોંચ્યા. પોખરા ઉત્તરકાશી છે. ત્યાં પાઠશાળામાં વેદપાઠી વિદ્યાર્થીઓ જોયા જેથી ખૂબ આનંદ થયો. સતીગંગામાં સ્નાન કરી અસુરોનો નાશ કરી, નારાયણ ગંગા, ભૂરી ગંગા, ત્રિશુલી ગંગામાં સ્નાન કરી પાવન કરી. નેપાળની રાજધાની કાઠમંડુમાં આવ્યા. અહીંનો રાજા રણબહાદુર અસાધ્ય રોગથી પીડાતો હતો. કોઈ સાધુ પુરુષ આવે તેની પાસે ઈલાજ કરાવતો. રોગ ન મટતા સાધુ બાવાને કેદમાં પૂરી દેતો. આ વૃત્તાંત જાણી વર્ણીએ રાજાનો રોગ મટાડ્યો અને કેદમાં રહેલા સાધુને છોડાવ્યાં અને ઉપદેશ આપ્યો. એક માસ અહીં રહ્યા. આદિવરાહ તીર્થમાં દર્શન આપી બંગાળ તરફ થઈ - સિરપુરનગરમાં સિધ્ધ-વલ્લભ રાજાનું કલ્યાણ કરવા પધાર્યા. મંત્ર-તંત્ર તથા મેલી વિદ્યામાં પ્રવૃત બનેલા બાવાઓ અડ્ડાં જમાવી બેઠા હતા. મલીન મંત્રના પ્રયોગ થી રાજાને પણ પજવતા અને ભલા ભોળા લોકોને ડરાવતા. તે બાવાનો દંભ ઉઘાડો કર્યો. મલીન વિદ્યાનો નાશ કર્યો. શ્રી નીલકંઠવર્ણી પૂર્વમાં કામાક્ષી દેવીના સ્થાનમાં આવ્યાં. ત્યાં મહાકાળીના ઉપાસક પિબેકે શુદ્ધ દેવ-દેવીઓને મલીન મંત્રોની સાધનાથી વશ કર્યા હતા. તેના અભિચાર પ્રયોગથી અનેક લોકોને મહાત કરતો હતો. મંત્રેલા દાણા વડ ઉપર નાખી વડ સુકવી દીધો. નિલકંઠવર્ણીએ વડને લીલો કર્યો. શ્રીનીલકંઠવર્ણી સાથે રહેલા બાવાઓ ડરી ગયા પણ નીલકંઠે તેમને જવા દીધા નહીં. પિબકે દાણા મંત્રીને નીલકંઠવર્ણી પર નાખ્યા. પણ કંઈ થયું નહીં. કાળ ભૈરવ બટુક ભૈરવ પણ મોકલ્યા તેણે પાછા જઈ પિબેકને પછાડ્યો. મોઢમાંથી લોહી નીકળી ગયું. રાત્રે તેણે સાધના કરીને મલીન દેવ દેવીઓને બોલાવ્યા. પરંતુ બધાએ સલાહ આપી કે નીલકંઠવર્ણી પાસે કોઈનું ચાલશે નહીં. આથી પિબેકની સાન ઠેકાણે આવી. તે સવારે શુદ્ધ થઈ નીલકંઠવર્ણીને ચરણે પડ્યો અને વર્ણીની શરણાગતિ સ્વીકારી. વર્ણી એક માસ પર્યન્ત ત્યાં રોકાયા.

●

આવો જ્ઞાનયજ્ઞમાં

- સાંખ્યયોગી મંજુબેન,
ભારતીબેન ગુરુ ગોદાવરીબા
(હવેલી)

જ્યાં સુધી આપણામાં સાચું જ્ઞાન નથી ત્યાં સુધી જ્ઞાન વગરની જે ક્રિયા છે એ ગતાનુગતિ છે. જ્ઞાનપૂર્વક ક્રિયા થાય એનો અલૌકિક આનંદ હોય છે. અને જ્ઞાન વગરની ક્રિયામાં કોઈ આનંદ નથી હોતો. સાચી સમજણ ન હોય ત્યાં સુધી ગતાનુગતિક ગણાય. સમજણ સાથેનું આચરણ એટલે જ જ્ઞાન. ભક્તિ શા માટે ? ભજન શા માટે ? દર્શને જવું શા માટે ? વહેલા ઉઠવું શા માટે ?યજ્ઞ શા માટે ? આ બધું જ સમજવું એ જ્ઞાન છે. એવું જ્ઞાન આપણા જીવનમાં સ્થિરતા લાવે છે. સંસારનો ભય જ્ઞાન સિવાય મટતો નથી. જ્યારે જ્ઞાન થાય ત્યારે ભયનો નાશ થાય. જ્યાં સુધી અજ્ઞાન હોય ત્યાં સુધી ભય દૂર ન થાય.

એક જંગલમાં આશ્રમમાં રહેતા એક ગુરુજીએ સાંજના સમયે ચેલાને કહ્યું વત્સ ! પર્ણકુટીની અંદરથી પુસ્તક લાવ તો. શિષ્ય પર્ણકુટીમાં ગયો. ત્યાંથી ચીસ પાડીને બહાર આવ્યો. ગુરુએ કહ્યું કેમ શું થયું ? ગુરુજી પર્ણકુટિમાં સર્પ છે. મોટો અને લાંબો છે. ગુરુ વિચાર કરે છે કે સર્પ ક્યાંથી હોય ! પર્ણકુટી વાળી ઝુડી સ્વચ્છ બનાવી છે. ગુરુએ કહ્યું પર્ણકુટીમાં કઈ બાજુ સર્પ છે. ગુરુજી વચ્ચોવચજ બેઠો છે. ગુરુજીને વળી ઓર નવાઈ લાગી કે સર્પ વચ્ચે બેસે નહીં. કારણ કે પાપ અને સાપ સંતાઈને જ ચાલે છે. પુણ્ય કરે ત્યારે માણસ તાળીઓ પડાવે ફોટા પડાવે, હાર પહેરે, પોતાની વાહ વાહ કરાવે એટલે કે પુણ્ય જાહેરમાં કરે છે. અને પાપ કરે ત્યારે કોઈ કહેશે ખરો કે ફોટો પાડવા આવજોહો. તો પાપ જેમ સંતાઈને આગળ વધે એમ સાપ પણ સંતાઈને જ આગળ વધે. સર્પ રોડની વચ્ચે નહિ ચાલે ખૂણે ખૂણે જ ચાલે.

ગુરુ તો અનુભવી હતા. એમણે વિચાર કર્યો કે ચેલાની ક્યાંક ભૂલ થાય છે. સર્પ વચ્ચો વચ્ચ બેઠો ન હોય ! એક તો એ ખૂણામાં ! બીજુ ચેલાએ બૂમ પાડી એટલે એ ભયથી અવાજથી ચાલ્યો જાય. આતો બેઠો છે એમ કહે છે. પછી ગુરુએ કહ્યું કે એમ કર હું તને એક મંત્ર શીખવાડું છું એ બોલ એટલે સર્પ તરત નાશી જશે. ગુરુજીએ સર્પ નાશક મંત્ર શીખવાડ્યો. શિષ્ય પર્ણકુટિમાં જઈને વીસ વખત મંત્ર બોલ્યો પણ સર્પ ખસ્યો જ નહી !

એટલે પાછો આવી ગુરુને કહ્યું, ગુરુજી સર્પ તો ખસતો જ નથી. ગુરુજી કહે, તો એક કામ કર, આપણે અહીં દીવો બળે છે એ લઈને ઝુંપડીમાં જા. દીવો લઈને જ્યારે શિષ્ય પર્ણકુટીમાં ગયો એટલે હસી પડ્યો. ગુરુદેવ અહીં સર્પ નથી ! આ તો દોરડીનો ટુકડો પડ્યો છે. બે મિનિટ પેલા ભયથી થરથરતો હતો પણ જેવો દીવો હાથમાં આવ્યો એટલે જ્યાં ભય હતો એ જગ્યાએ હાસ્ય આવી ગયું. તેમ દીવાની જગ્યાએ જ્ઞાન છે. જીવને જ્યાં સુધી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી ભય ચાલુ રહે છે. પણ જ્યારે જીવને જ્ઞાન થાય છે ત્યારે તેનું જીવન સફળ થઈ જાય છે.

વહેતા પાણીમાં જેમ પ્રતિબિંબ દેખાતું નથી પણ સ્થિર પાણી હોય તો એમાં પ્રતિબિંબ દેખાય. એમ જ્યાં સુધી બુદ્ધિ અને હૃદય અસ્થિર છે ત્યાં સુધી બ્રહ્મનું પ્રતિબિંબ અંદર ક્યાંથી દેખાય ! બુદ્ધિની સ્થિરતા અને પરમાત્માના દર્શન તો જ્ઞાનમાંથી મળે છે. એટલે જ જ્ઞાન યજ્ઞ શ્રેષ્ઠ છે. કથા વાર્તા એ જ્ઞાનયજ્ઞ જ છે. આવા જ્ઞાન યજ્ઞમાં બેસનારને ધીમે ધીમે બૌધિક સ્થિરતા આવે છે. હૃદયની નિર્મળતા પ્રાપ્ત થાય છે. એટલે જ ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે કે સર્વ યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ અધિક છે. જેને કથાવાર્તામાં બેસવાની રુચિ (પ્રેમ) ન હોય એના જીવનમાંથી દુર્ગુણ જતા નથી અને સદ્‌ગુણ આવતા નથી.

હવે આપણા મનમાં એવો પ્રશ્ન ઉભો થાય કે જ્ઞાનયજ્ઞ આટલો બધો ઉત્તમ છે તો એ જ્ઞાન મેળવવું ક્યાંથી ? જ્ઞાન મેળવવા માટે ક્યાં જવું ? જેમ દરેક વસ્તુઓની ખાસ દુકાનો હોય છે. પરંતુ અમુક સારી જ વસ્તુ મળે. એ એની - વિશેષતા હોય છે, તેમ આવું ઉત્તમ જ્ઞાન મેળવવા માટે ક્યાં જવું ! તો આવો સર્વેથી મહાન પવિત્ર શ્રીજી મહારાજના ચરણથી અંકિત થયેલ, જ્યાં શ્રીજી મહારાજે અનેક ઉત્સવો કરેલા છે. વારંવાર પ્રભુ આવીને જ્યાં નિવાસ કરેલો છે. જ્યાં આવતાની સાથે જ મનના તરંગો-મોજા સ્થિર થઈ જાય છે. અંતરમાં આનંદના ઉછાળા ઉમટે છે. જ્યાં સ્વયં મહાપ્રભુએ પોતાને હાથે બાથમાં ઘાલીને સ્વસ્વરૂપ શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરેલ છે. એવા મહાન અદ્‌ભુત સ્થળ આપણા કાલુપુર સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની હવેલીમાં દર એકાદશીએ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના શુભ સાંનિધ્યમાં બપોરે ૨-૦૦ થી ૪-૦૦ જ્ઞાનયજ્ઞનો પ્રવાહ વહે છે. દિવ્ય અલૌકિક લ્હાવો લેવા અને તનડાના તાપ અને મનડાના મોહ નિવારવા દરેક એકાદશીના લાભ લેવા જે બહેનો કારતક માસની ૧૧ એકાદશી થી લઈ આવતા વર્ષની સં. ૨૦૬૪ની કારતક માસની એકાદશી સુધી ૨૦ સભાનો સળંગ લાભ લીધો હશે તેમને આપણા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના વરદ્‌ હસ્તે ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે. આવો લાભ કોણ જતો કરે ?

●

ભુજ મંદિરના પૂ.મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજીનો અક્ષરવાસ





કચ્છ પ્રાન્તના આપણા મુખ્ય મંદિર ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, તપસ્વી પૂજ્ય મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી તા. ૩૦-૧૦-૨૦૦૬ ને કારતક સુદ-૮ ના રોજ સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણનું અખંડ ભજન સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા. તેમના અક્ષરવાસથી શ્રી નરનારાયણદેવ દેશમાં એક મોટેરા સંતની મોટી ખોટ પડી છે.

પૂજ્ય મહંત સ્વામીશ્રીનો પૂર્વાશ્રમમાં સુખપુર ગામે સંવત ૧૯૬૮ ના કારતક સુદ-૭ ના પવિત્ર દિને શ્રી દેવજીભાઈ આંબાભાઈ ખેતાણી પિતા અને માતાશ્રી કુંવરબા થકી જન્મ થયો હતો. સંપ્રદાયના અનેક સંત પુરૂષોની જેમ નાની કુમળી વયે વૈરાગ્યના અંકુર ફુટવાથી ભુજ મંદિરમાં પાર્ષદ તરીકે સેવા કરવા માતા પિતાની આજ્ઞા લઈને આવ્યા અને થોડા સમયમાં સંપ્રદાયના રીતિ-નિયમ મુજબ ભાગવતી દીક્ષા ગ્રહણ કરીને સ્વામી હરિસ્વરૂપદાસજીના નામથી પ્રસિધ્ધ થયા.

પૂજ્ય સ્વામી અત્યંત નિર્માની, નિરાભિમાની, વૈરાગ્યમાં ખૂબજ તત્પર અને શ્રીજી મહારાજ અને તેમના સ્થાને બિરાજમાન શ્રી નરનારાયણદેવ ગાદીના આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા મુજબ સદાય વર્તતા અને ભુજના સૌ સંતોને પણ એજ ઉપદેશ આપતા. ૭૯ વર્ષના ત્યાગી સંત તરીકેના વરસ દરમ્યાન છેલ્લા ૩૦ વર્ષ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરનું મહંત પદ શોભાવ્યું. આ સમય દરમ્યાન તેઓશ્રીએ કચ્છ દેશ સિવાય ઈંગ્લેન્ડ અને આફ્રિકાના કેનિયા યુગાન્ડા આદિ દેશોમાં કચ્છના સત્સંગીઓને મૂળ સંપ્રદાય-સત્સંગનું પોષણ સંવર્ધન કરીને અવાર નવાર સંત-મંડળ સાથે ફરીને સત્સંગનું મૂળથી પોષણ કરેલું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ઈંગ્લેન્ડ અને આફ્રિકામાં કચ્છના હરિભક્તોના સંપૂર્ણ સહયોગથી ઘણા મંદિરો નિર્માણ કરાવ્યા હતા. કથા-વાર્તા દ્વારા હજારો લોકોને મુમુક્ષુ બનાવ્યા હતા. પશ્ચિમના ભૌતિકવાદી દેશોમાં સ્વામીશ્રી જ્યારે પધારતા ત્યારે પોતાના સચોટ સદુપદેશથી અનેક વ્યસનમાં સપડાયેલા લોકોને સદ્‌માર્ગે વાળીને મુમુક્ષુ-સત્સંગી કરેલા.

છેલ્લા થોડા વરસથી માંદગી ગ્રહણ કરી પોતાની તમામ પ્રવૃત્તિઓ ધ્યાન અને ભજન મયજ કરી દીધી હતી. પોતે દેહ નિર્વાહ પુરતો ખોરાક લેતા. હમણા થોડા સમય અગાઉ સ્વામીશ્રીની તબીયત વધુ લથડતા અમદાવાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીને ખબર મળતા તાબડતોબ ભુજ મંદિર સ્વામીશ્રીના ખબર અંતર પૂછવા અને દર્શન આપવા પધાર્યા હતા. પૂજ્ય મહંત સ્વામીશ્રીને પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે ખૂબજ આત્મભાવ અને હૃદયની અંતરની લાગણી અરસ-પરસ હતી. એનાજ કારણે જાણે એમના છેલ્લા દર્શન કરી આ પંચ ભૌદિક દેહનો ત્યાગ કરવાની ઈચ્છા હશે. તેમ ખરેખર બન્યું. પ.પૂ. બન્ને આચાર્ય મહારાજશ્રીએ પૂજ્ય સ્વામીને અંત સમયે રૂબરૂ ખબર-અંતર લઈ તેમની સાથે ઘણીવાર સુધી બેસીને ખૂબખૂબ સુખ આપીને - આશીર્વાદ વરસાવીને રાજી કર્યા. અને તે પછીના થોડા સમયમાંજ પૂ. સ્વામીશ્રી આ નશ્વર દેહનો ત્યાગ કરી અક્ષરધામ સિધાવ્યા. આમ પૂજ્ય સ્વામીના અક્ષરવાસથી સંપ્રદાયમાં તપસ્વી અને જ્ઞાની સંતની મોટી ખોટ પડી છે. ભુજ મંદિરના નિમાયેલ નવા મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજી આ પદનું ગૌરવ વધારે અને કચ્છના સત્સંગની તેમના કાર્યકાળ દરમ્યાન ખૂબજ અભિવૃધ્ધિ થાય તેવા શુભાશીર્વાદ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પાઠવ્યા.

સત્સંગ સમાચાર

અમદાવાદ મંદિરમાં રંગ મહોલ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ ઉજવાયો

સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યારે અમદાવાદ પધારતા ત્યારે જે જગ્યાએ પોતે નિવાસ કરતા અને સતત પોતાના આશ્રિતોને અલૌકિક દિવ્ય સુખ આપતા તેવા "રંગ મહોલ"માં પ્રસ્થાપિત સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-અભિષેક કારતક સુદ-૧૨ના પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે વેદવિધિસર ધામધુમથી સંપન્ન થયો. પૂજારી સ્વામી પરમેશ્વરદાસજીની પ્રેરણાથી પ.ભ. સુભાષભાઈ રાવજીભાઈ પટેલ (ઉવારસદવાળા) પરિવારે પાટોત્સવના યજમાન બનીને દિવ્ય લાભ લઈ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ મેળવ્યા હતા.

શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળે પરંપરાગત એકાદશીની રાત્રિ પર્યન્ત શ્રી નરનારાયણદેવ સમક્ષ સુમધુર વાજીંત્રના તાલે ઓચ્છવ કર્યો હતો. કારતક સુદ-૧૨ના પ્રાતઃ પ.પૂ. મોટા મહારાજશ્રી ઓચ્છવમાં પધારીને દર્શન આપીને ઓચ્છવીયા મંડળને પ્રોત્સાહિત કરીને રૂડા આશીર્વાદ આપ્યા હતા. *(કોઠારી ધર્મપ્રકાશદાસ)*

ઈડર શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે ઈડર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી દિવાળીમાં ઠાકોરજીને અન્નકૂટ ઉત્સવ ધામધુમથી ઉજવાયો હતો. આજુબાજુના ગામના ઘણા હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. તેજ રીતે આપણા સાબરકાંઠા કુકડીયા મંદિરમાં પણ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ત્યાં મંદિરના પૂજારી ગૌરીશંકરભાઈએ સુંદર સેવા કરીને સૌનો રાજીપો મેળવ્યો છે. *(સાધુ સત્યસંકલ્પદાસ)*

મહુન્દ્રા મંદિરનો પ્રથમ પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મહુન્દ્રા શ્રી સ્વામિનારાયણ મંદિર ઠાકોરજીનો પ્રથમ પાટોત્સવ કા.વ.-૩ તા. ૮-૧૧-૦૬ના રોજ ધામધુમથી ઉજવાયો. પ્રસંગના ઉપલક્ષમાં સમૂહમહાપૂજા યોજવામાં આવેલ. જેમાં ઘણા ભક્તોએ લાભ લીધો હતો. મહાપૂજા વિધિ શા.હરિજીવનદાસે કરાવી હતી. હરિભક્તો મહાપૂજા, અભિષેક અને અન્નકૂટ દર્શન કરી ખૂબજ ધન્ય ભાગી થયા હતા.

(વિષ્ણુભાઈ આર. પટેલ)

ચલોડા (જીતબાનું ધોળકા દેશ)

અત્રે ચલોડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧-૧૦-૨૦૦૬ના રોજ શ્રીહરિ સન્મુખ સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ધોળકા મંદિરના મહંત સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજીના માર્ગદર્શન પ્રેરણાથી પ્રસંગ શોભી ઉઠ્યો હતો. ગામના સૌ હરિભક્તો અન્નકૂટ દર્શન કરી ધન્ય બન્યા હતા. *(જયંતીભાઈ ડી. પટેલ)*

દેવાનંદ સ્વામીના બળોલ (ભાલ) ગામે પ્રથમ પાટોત્સવ ઉજવાયો

મૂળીશ્રી રાધાકૃષ્ણ દેવ તાબાના સ.ગુ. દેવાનંદ સ્વામીના જન્મ સ્થાન બળોલ (ભાલ) ગામે શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓ-બહેનોનું) નો પ્રથમ પાટોત્સવ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મૂળીના મહંત શા. જ્ઞાનવલ્લભદાસજી, નાથદ્વારા મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ ઠાકોરજીની પાટોત્સવની આરતી ઉતારી હતી.

પ્રાસંગિક સભામાં મૂળીના મહંત સ્વામી, સ.ગુ. હરિસ્વરૂપ સ્વામી, ભક્તિ સ્વામી આદિ સંતોએ બળોલ ગામના સત્સંગને અને શ્રી રાધાકૃષ્ણદેવ - શ્રી નરનારાયણદેવની વફાદારી નિષ્ઠા અને ગામના વચનામૃતના પ્રખર જ્ઞાતા પ.ભ. કાનાભા સિંધવ, પ.ભ. જીવાભા ચાવડા અને પ.ભ. નારણભા ખેરને યાદ કરીને તેમની નિષ્ઠા વફાદારી સમસ્ત ગામના હરિભક્તોમાં જોવા મળે છે. તેમ કહી ગામના સત્સંગની પ્રસંશા કરી હતી. છેક અમેરિકાથી સલાલ વાળા પ.ભ. મણીભાઈ પટેલ તેમજ મૂળીના દેવ સ્વામી અને અત્રેના ગુલાબ ભગત વગેરે પણ સારો લાભ લીધો હતો. ગામમાં ખેતી-વાવણીની ફુલ સીજન છતાં દર્શનાર્થીઓની ભીડ વિશેષ જોવા મળી હતી. અત્રે બળોલ ગામ ઉપર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અતિ કૃપા છે.

(લક્ષ્મણભાઈ જે. ચાવડા)

નવા વણઝર (સરખેજ)

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને સ્વામી સ્વયંપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ ઠાકોરજીનો પાટોત્સવ તા. ૮-૧૧-૦૬ના રોજ પ્રાતઃ ૭-૦૦ કલાકે વેદ વિધિસર થયો હતો. પ.ભ. રાજુભાઈ ગજજર, પ.ભ. પ્રકાશભાઈ ઠક્કર અને શ્રી નીતિનભાઈ ઠક્કરે સેવાનો લાભ લીધો હતો. સ્વામીએ કથા-વાર્તા કરી હરિભક્તોને રાજી કર્યા હતા.

(કોઠારી રમણભાઈ)

એકાદશીની નિયમિત સભામાં લાભ લેનાર બહેનોને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના વરદ્ હસ્તે સન્માન-આશીર્વાદ

સમસ્ત સત્સંગી બહેનોને રૂડા આશીર્વાદ સાથે પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી જયશ્રી સ્વામિનારાયણ પાઠવે છે.

આજ્ઞા સાથે સૌ સત્સંગી બહેનોને વિદિત થાય જે, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા આદેશથી બહેનોની હવેલીમાં દર એકાદશીના બપોરે ૨-૦૦ થી ૪-૦૦ સત્સંગ સભા ઘણા સમયથી ચાલે છે. જે અનુસંધાને **સં. ૨૦૬૩ કારતક સુદ-૧૧ પ્રબોધીની એકાદશી થી સંવત ૨૦૬૪ કારતક સુદ-૧૧ પ્રબોધીની એકાદશી પર્યન્ત** આયોજીત સત્સંગ સભામાં જે બહેનો ૨૦ સત્સંગ સભામાં હાજર રહેશે તેમને સં. ૨૦૬૪ કારતક સુદ-૧૧ (પ્રબોધીની) ના શુભ દિને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના શુભ વરદ્ હસ્તે સન્માન કરી. (ઈનામ સાથે) રૂડા આશીર્વાદ આપશે. જેથી સૌ બહેનોએ દરેક સભામાં હાજર રહ્યા હોય તેની ખાત્રી માટે હવેલીમાં રાખેલ પત્રકમાં નામ-સરનામા સાથે નોંધ કરવી.

<u>ખાસ સૂચન :</u> ૨૦ થી ૫૦ વર્ષની ઉંમર વાળા બહેનો જ આ લાભ લઈ શકશે.

- આજ્ઞાથી

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર (ગાદીવાળાશ્રીની હવેલી)

આપણી કેળવણી સંસ્થાના સમાચાર

ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંચાલિત શ્રી સહજાનંદ સેકેન્ડરી અને હાયર સેકેન્ડરી સ્કુલ.

નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ ૨૦૦૫ દ્વારા યોજાયેલ જિલ્લા સ્તરની પ્રોજેકટ પસંદગી સ્પર્ધામાં આપણી શાળાના ધો. ૯માં અભ્યાસ કરતા (૧) પવન સેવક (૨) આસ્થા ત્રિવેદી (૩) શૈલી પટેલ અને (૪) અભય દેસાઈએ "અમદાવાદના વસ્ત્રાપુર તળાવમાં પ્રદૂષણને કારણે જૈવિક અસરો વિષે" ગુજરાત વિદ્યાપીઠ ખાતે પોતાનો અભ્યાસ પ્રોજેકટ રજૂ કર્યો હતો. અને ગૌરવ સાથે રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદ થયો. તા. ૨૨-૧૧-૨૦૦૬ના રોજ પ્રોજેકટ રજૂ થયો. શાળાના વિજ્ઞાન શિક્ષકશ્રી પંકજ ઓઝાના માર્ગદર્શન હેઠળ પ્રોજેકટ તૈયાર થયો. જેને જિલ્લા સ્તરે ખૂબ પ્રસંશા મળી હતી. જેને સંદેશ અને રાજસ્થાન પત્રિકાના દૈનિક ન્યુઝમાં વિસ્તારપૂર્વક પ્રકાશીત કરવામાં આવેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી શાળાની-સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે.

(પ્રિન્સીપાલ શ્રી સહજાનંદ સેકેન્ડરી સ્કુલ)

વડુશ્રી સ્વામિનારાયણ મંદિર અને શ્રી હનુમાનજી મંદિર પાટોત્સવ

દંઢાવ્ય પ્રદેશના મુખ્ય ગામ પૈકીના વડુ શ્રી સ્વામિનારાયણ મંદિર અને શ્રી હનુમાનજી મંદિરના પાટોત્સવના ઉપલક્ષમાં ત્રિદિનાત્મક મારૂતિ યજ્ઞ અને સ.ગુ. નિષ્કુળાનંદ કાવ્યની કથા શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીના વક્તાપદે થઈ હતી. તા. ૨૭-૧૧-૦૬ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે ગામના સમસ્ત હરિભક્તો અને સંત મંડળે પુષ્પહારથી સ્વાગત સામૈયુ કર્યું હતું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સીધા મંદિરે પધારીને પાટોત્સવ-અન્નકૂટની આરતી ઉતારી હતી. ત્યારબાદ શ્રી કષ્ટભંજન દેવ મંદિરમાં શ્રી કષ્ટભંજન પ્રવેશ દ્વારનું ખાત મુહૂર્ત પોતાના વરદ્ હસ્તે કરીને મારુતિ યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી. તેજ રીતે બહેનોના મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારવા પધાર્યા હતા. છેલ્લે હરિભક્તોના પ્રેમને વશ થઈ થોડાક હરિભક્તોના ઘરે પધરામણી કરીને હરિભક્તોના ઘર તીર્થરૂપ બનાવ્યા. પાટોત્સવના મુખ્ય યજમાનનો દિવ્ય લાભ પ.ભ. ઈશ્વરભાઈ ભગવાનદાસ પટેલ પરિવારે લઈને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

શ્રી નરનારાયણદેવ પ્રવેશદ્વારનું નામાભિધાન તથા સૌજન્ય માટે રૂા. ૧૦,૫૧,૦૦૦-૦૦નું મહાદાન પ.ભ. પટેલ સોમદાસ બાજીદાસ પરિવારે કરીને અલૌકિક લાભ મેળવીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પણ હરિભક્તોએ મોટી સેવા કરી હતી. સમગ્ર ઉત્સવમાં વડનગરથી શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી અને શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસજી ના માર્ગદર્શન મુજબ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને ગામના સમસ્ત હરિભક્તોએ ખૂબજ સુંદર સેવા કરીને પ્રસંગને શોભાડ્યો હતો. સૌ ભક્તજનોએ દર્શન કરીને દિવ્યતા અનુભવી.

(પ્રવિણભાઈ ટી. પટેલ)

સુરેન્દ્રનગર મંદિરનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. મોટા મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં અત્રેના મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી પ્રથમ વાર્ષિક પાટોત્સવ કારતક વદ-૨ (બીજ) ને તા. ૭-૧૧-૦૬ ભવ્યતાથી ઉજવાયો. આ પ્રસંગે પંચદિનાત્મક શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ પારાયણ શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તાપદે થયેલી. જેના યજમાન તેમજ પાટોત્સવના મુખ્ય યજમાનપદે જસાપરના પ.ભ. ઠાકરશીભાઈ જેઠાભાઈ દલસાણીયા પરિવાર રહ્યા હતા. કારતક સુદ-૨ના દિવસે પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો મહાભિષેક અન્નકૂટ આરતી, શ્રીહરિયાગની પૂર્ણાહુતિ તેમજ મુખ્ય ખંડમાં શ્રી રાધાકૃષ્ણદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજ તેમજ શ્રી નરનારાયણદેવના સુવર્ણ સિંહાસનનું ઉદ્ઘાટન થયેલું. આ પ્રસંગે અમદાવાદ, મૂળી, હરિદ્વાર, ચરાડવા, ધ્રાંગધ્રા વગેરે ધામોથી સંતો પધારેલા. તેમજ સાંખ્યયોગી કમળાબાના આમંત્રણને માન આપીને પૂ.મોટા ગાદીવાળાશ્રી તેમજ મોટી સંખ્યામાં સાંખ્યયોગી બાઈઓ પધારેલા. સમગ્ર વ્યવસ્થા શાસ્ત્રી સ્વામી પ્રેમવલ્લભદાસજી, પૂજારી શાંતિપ્રકાશ-દાસ, વિશ્વસ્વરૂપસ્વામી, વ્રજવલ્લભસ્વામી તથા શ્રીનરનારાયણદેવ યુવક મંડળે કરી હતી.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

હરિદ્વાર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં "શ્રદ્ધાંજલિ સભા"

અક્ષરધામ નિવાસી પ.પૂ. માતુશ્રીને શ્રધ્ધાંજલિ નિમિત્તે આપણા હરિદ્વાર (ગંગાજી કિનારે) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૪-૧૦-૦૬ ના પ્રાતઃકાળે ભગવાન શ્રીહરિની સન્મુખ સભા ખંડમાં સંતો-હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરીને હૃદય ભાવપૂર્વકની શ્રધ્ધાંજલિ સમર્પિત કરેલ. *(મહંત સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વાર)*

મરતોલી (તા. વિરમગામ) મંદિરનો ૧૪ મો પાટોત્સવ

આજથી તેર વર્ષ પહેલાં મરતોલી મંદિરનો જીર્ણોધ્ધાર થયો હતો. અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા થઈ હતી. તે મંદિરનો ૧૪મો પાટોત્સવ કારતક વદ-૧૨ ના ભક્તિભાવપૂર્વક ધામધુમથી ઉજવાયો.

પાટોત્સવના યજમાન મંદિરના કોઠારી પ.ભ. શ્રી મણીલાલભાઈ હતા. આ પ્રસંગે સમૂહ મહાપૂજા તથા અન્નકૂટ તથા સત્સંગીને જમાડવાનો લ્હાવો મણીલાલભાઈએ લીધો હતો. ગાંધીનગરથી શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીએ આ પ્રસંગે પધારીને સભામાં કથા-વાર્તાનો લાભ આપ્યો હતો. સહુ હરિભક્તો ખૂબ રાજી થયા હતા.

(વિષ્ણુ મણીભાઈ પટેલ)

વિદેશ સત્સંગ સમાચાર

સીડની શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O. ઓસ્ટ્રેલીયા ચેપ્ટર)

અત્રે સીડની આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સત્સંગની પ્રવૃત્તિ ખૂબજ સરસ ચાલે છે. નીચેના હરિભક્તો તરફથી સત્સંગ સભાનું આયોજન થયુ હતું. પ.ભ. રજનીકાંત પટેલ, પ.ભ. ચંદ્રકાંતભાઈ પટેલ, પ.ભ. ધર્મેશભાઈ, પ.ભ. કૃણાલભાઈ પટેલ, પ.ભ. સચીન પટેલ, પ.ભ. અમીતભાઈ, પ.ભ. ડિમ્પેશભાઈ, પ.ભ. ચિરાગભાઈ વિહોલ, પ.ભ. મહેન્દ્રભાઈ અમીન આદિ હરિભક્તોએ યજમાન પદનો લાભ લીધો

હતો. દિવાળીના અન્નકૂટની અવનવી વાનગીઓ ઘરેથી બહેનોએ બનાવીને અત્રે લાવીને અન્નકૂટ પૂર્યો હતો. દરેક સભામાં હરિભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કથા-વાર્તા નિત્ય નિયમ-ધૂન ભજન થાળ આદિ કરીને સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનને અતિ રાજી કર્યા હતા. ભુજના આપણા સંત સ.ગુ. સ્વામી ઘનશ્યામજીવનદાસજીના અક્ષરવાસ નિમિત્તે મહામંત્ર ધૂન કરવામાં આવી હતી.

(તેજસ બી. પટેલ)

બુવી મેરીલેન્ડ (વોશિંગ્ટન ડી. સી. I.S.S.O. ચેપ્ટર)

અત્રે ૨૧ ઓકટોબરના શનિવારના સાંજે ૪-૦૦ કલાકે સત્સંગ સભા કરવામાં આવી હતી. જેમાં વનચામૃત (૨૭૩) વાચન ભજન-કીર્તન-નિત્ય નિયમ થાળ-આરતી હરિભક્તોએ સમૂહમાં કર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી સત્સંગની પ્રવૃતિ સારી ચાલે છે.

(કનુભાઈ એમ. પટેલ)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	શ્રી જગદીશકુમાર પરસોત્તમદાસ પટેલ નવું મકાન ખરીદ્યું તે નિમિત્તે	સોજાવાળા
૧૫૧-૦૦	શ્રી નિમેષકુમાર અમૃતભાઈ હિરાભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	લાલોડા
૧૫૧-૦૦	શ્રી રાજેશકુમાર જયંતીભાઈ હિરાભાઈ પટેલ બેબીના જન્મ નિમિત્તે	લાલોડા
૧૧૧-૦૦	શ્રી વાસુદેવ મગનલાલ જોષી શ્રીજી પ્રસન્નાર્થે	કોઠંબા
૧૦૧-૦૦	શ્રી નીતાબેન જયંતીલાલ સુથાર શિક્ષકની જોબ મળવા નિમિત્તે	બાકરપુર
૧૦૧-૦૦	શ્રી રામભાઈ મોહનદાસ પટેલ અમેરિકાનો પ્રવાસ પૂર્ણ કર્યો તે નિમિત્તે	મોખાસણ
૧૦૧-૦૦	શ્રી ધવલ પુરૂષોત્તમભાઈ ગઢીયા શ્રીજી પ્રસન્નાર્થે	બાપુનગર
૧૦૧-૦૦	શ્રી દશરથભાઈ મણીલાલ પટેલ ટાટા કું.ની ગાડી લાવ્યા તે નિમિત્તે	વડુવાળા
૧૦૧-૦૦	શ્રી નિરલબહેન હરેશભાઈ મોદી વિઝા એજન્ટ બન્યા તે નિમિત્તે	વિસનગર
૨૦૦-૦૦	શુભ રશ્મિભાઈ પટેલ જન્મદિન પ્રસંગે	બારેજા
૧૦૧-૦૦	શ્રી મિતેશકુમાર વિષ્ણુભાઈ પટેલ પુત્રના જન્મ દિન નિમિત્તે	નાંદોલ
૧૫૧-૦૦	શ્રી દિલીપભાઈ કનુભાઈ પટેલ તેમના પિતાશ્રી કનુભાઈના સ્મરણાર્થે	
૧૦૧-૦૦	શ્રી શૈલેષકુમાર ટી. પટેલ (શ્રધ્ધા કેસેટ કું.) પ.પૂ. માતુશ્રીની સ્મરણાંજલિ સભા નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી વનમાળીભાઈ જીવણભાઈ પટેલ બોપલમાં નવું મકાન લીધું તે નિમિત્તે	ધરમપુર
૧૦૧-૦૦	શ્રી ચિમનલાલ મણીલાલ કા. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૫૦૧-૦૦	શ્રી તરૂણભાઈ રાવલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ચંદુભાઈ જે. ચાવડા મહેન્દ્ર કું.ની જીપને એક વર્ષ પૂર્ણ થવા નિમિત્તે	બળોલવાળા-મુંબઈ
૧૦૧-૦૦	શોલક્ષ એન્ટર પ્રાઈઝના ઉદ્‌ઘાટન નિમિત્તે ચંદુભાઈ જે. ચાવડા	બળોલવાળા-મુંબઈ
૧૫૧-૦૦	શ્રી સુભાષભાઈ રાવજીભાઈ પટેલ ચિ. દેવલને યુ.કે. ભણવાના વિઝા મળ્યા તે નિમિત્તે	ઉવારસદવાળા
૧૦૧-૦૦	શ્રી સુભાષભાઈ રાવજીભાઈ પટેલ રંગ મહોલ (અમદાવાદ) શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ નિમિત્તે	ઉવારસદવાળા
૩૫૦-૦૦	ભાણપુર (તા. વિજાપુર) ગામના હરિભક્તોએ ભાણપુરથી શ્રી નરનારાયણદેવના દર્શને પદયાત્રા કરી તે નિમિત્તે	
૧૦૧-૦૦	શ્રી પ્રદિપભાઈ લાલજીભાઈ પટેલ શુભ લગ્ન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૨૫૧-૦૦	શ્રી અંજના બહેન વિજયકુમાર પટેલ કેનેડાની ફાઈલ નિમિત્તે	ડઢાળા (રાણીપ)
૧૫૧-૦૦	અ.નિ. અંબારામ શિવરામ પટેલ ફટ્ટી પુણ્યતિથિ નિમિત્તે	માણેકપુર
૧૦૦-૦૦	શ્રી મહેશ બાબુભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૧૦૧-૦૦	શ્રી નારણભાઈ રણછોડભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ડાંગરવા
૧૦૧-૦૦	શ્રી પુષ્પાબેન નારણદાસ રણછોડદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ડાંગરવા
૧૦૦-૦૦	શ્રી ધીરજભાઈ બબાભાઈ ચૌધરી શ્રીજી પ્રસન્નાર્થે	માણેકપુર
૨૦૧-૦૦	શ્રી મેહુલસિંહ ઘનશ્યામસિંહ (શ્રીજી કિરાણા સ્ટોર્સ) વાઘેલા દેવ દિવાળી નિમિત્તે	ગોધાવી
૧૦૧-૦૦	શ્રી નારાયણભાઈ બાબુભાઈ ચૌધરી ચિ. ઉત્સવના જન્મદિન નિમિત્તે	બાલવા
૧૫૦-૦૦	શ્રી સંજયકુમાર ગોવિંદભાઈ પટેલ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	(ઈટાદરા વાળા)
૧૫૦-૦૦	શ્રી રાકેશકુમાર હરિભાઈ પટેલ પુત્ર જન્મ પ્રસંગે	ઈટાદરા
૧૦૧-૦૦	શ્રી કિશનકુમાર રાજેશભાઈ પરમાર નવી ઘંટી લાવ્યા તે નિમિત્તે	કાલીયાણા
૧૫૧-૦૦	શ્રી પ્રકાશભાઈ પથાભાઈ મોરી બેંકમાં નોકરી મળી તે નિમિત્તે	કાલીયાણા
૧૦૧-૦૦	શ્રી હિંમતલાલ નાગજીભાઈ મીસ્ત્રી નવા મકાન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી વિમલકુમાર હિંમતલાલ પરમાર અરવિંદ મીલમાં નોકરી મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી નિતિનકુમાર ગિરધરલાલ કવા ટેન્ઝન કું.માં જોબ મળી તે નિમિત્તે	અમદાવાદ

૧૦૧-૦૦	શ્રી પીયુષકુમાર કનૈયાલાલ સોની ને ત્યાં તા. ૯-૧૧-૦૬ના પુત્ર જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી કલ્પેશકુમાર કનૈયાલાલ સોની તેમને ત્યાં તા. ૧-૧૧-૦૬ના રોજ પુત્ર જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	અ.નિ. શાંતિબહેન દલસુખરામ રાવલના સ્મરણાર્થે હા. શ્રી પ્રવિણચંદ્ર ડી. રાવલ	કાલીયાણા
૧૦૦-૦૦	શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ ભાવસાર ૫૩ મી વર્ષ ગાંઠ નિમિત્તે	ઘાટલોડીયા
૧૦૧-૦૦	શ્રી પદમાબેન હરિકૃષ્ણ મચ્છર ચિ. પ્રિતીબહેનના લગ્ન પ્રસંગે	વિરમગામ
૧૦૦-૦૦	શ્રી ચંદુલાલ મહાદેવભાઈ પટેલ ચિ. દેવના જન્મદિન નિમિત્તે	ધરમપુર
૧૧૧-૦૦	ચિ. શિલ્પાબહેન મણીલાલ પટેલ એમ.એ.બી.એડ., એલ.એલ.બી. એડવોકટ થયા તે નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	ચિ. અનુપમા (લાલી) વિપુલકુમાર ને ત્યાં પુત્ર જન્મ પ્રંસગે (હા. શ્રી રમેશચંદ્ર એસ. દોરડાવાળા)	સુરત
૧૦૧-૦૦	શ્રી ભાવિન નવિનચંદ્ર પાઠક શુભ લગ્ન પ્રસંગે	લંડન
૧૦૦-૦૦	શ્રી જસુભાઈ જેશંગભાઈ ચાવડા છપૈયા-હરિદ્વાર-ઉત્તરભારત યાત્રા નિમિત્તે	બળોલવાળા-નવાવાડજ
૧૦૧-૦૦	શ્રી બાબુભાઈ શામળભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ખેરોલ
૧૦૧-૦૦	શ્રી દિપસંગભાઈ નારણભાઈ સિંધવ ચિ. ચેતનાબેનને C.P. Ead માં એડ. નિમિત્તે	સુ.નગર (બળોલ)
૧૦૧-૦૦	શ્રી રામુભાઈ કરમણભાઈ (રામપરાવાળા) નિવૃત થયા તે નિમિત્તે	જોરાવરનગર
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ નવિનચંદ્ર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૨૫૦-૦૦	શ્રી ધનજીભાઈ નારણભાઈ ધીનૈયા શ્રીજીપ્રસન્નાર્થે	બોયસર
૧૦૧-૦૦	શ્રી કાંતિભાઈ નારણભાઈ પટેલ ચિ. પ્રિતીબેનના લગ્ન નિમિત્તે	કનીપુરવાળા
૧૦૧-૦૦	શ્રી વસંતકુમાર કાંતિભાઈ પટેલ ચિ. તીર્થની બાબરી નિમિત્તે	કનીપુરવાળા
૧૦૧-૦૦	શ્રી કાંતિભાઈ નારણભાઈ પટેલ તેમના મોટા બહેન સવિતાબહેનના સ્મરણાર્થે	કનીપુરવાળા
૧૦૧-૦૦	શ્રી અરવિંદભાઈ તુલસીદાસ ભાવસાર સગાઈ નિમિત્તે	વિસનગર
૧૦૧-૦૦	શ્રી રમેશભાઈ ઈશ્વરલાલ ભાવસાર સગાઈ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ચારૂબેન ગીરીશકુમાર બી. પટેલ નવા હાઉસમાં રહેવા ગયા અને મહાપૂજા કરાવી તે નિમિત્તે	ન્યુયોર્ક
૨૦૧-૦૦	શ્રી અંકિતભાઈ બંસીલાલ મીસ્ત્રી શ્રીજી પ્રસન્નાર્થે	નવાવાડજ
૧૦૦-૦૦	શ્રી બાબુભાઈ મોહનભાઈ ગજેરા ચિ. સંદિપભાઈ ઓસ્ટ્રેલીયા ગયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મહેશકુમાર અમૃતલાલ પટેલ પુત્ર જન્મ પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે	લખતર
૧૧૧-૦૦	શ્રી રતીલાલ ઈશ્વરભાઈ પટેલ ચિ. હાર્દિકને ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	સાબરમતી
૨૦૦-૦૦	શ્રી માવજીભાઈ જીવાભાઈ ટાંક છપૈયા રજત દ્વિશતાબ્દી યાત્રા નિમિત્તે	લેસ્ટર (જીરાગઢ)
૧૦૧-૦૦	શ્રી દિપેશ રસિકભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦	શ્રી જીનલભાઈ ગીરીશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	પરઢોલ (ઓસ્ટ્રેલીયા)
૧૦૧-૦૦	શ્રી બહાદુરસિંહ ચનુભા ઝાલા બાઈક લીધું તે નિમિત્તે	પંચાસર
૧૦૧-૦૦	શ્રી હાર્દિક હસમુખભાઈ ભાવસાર નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૨૫૧-૦૦	શ્રી પ્રકાશભાઈ જીવાભાઈ પટેલ ઈઝરાઈલથી સ્કોટલેન્ડ લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી કપુપરા અતુલભાઈ ગોપાલભાઈ વિજયા દશમીના દિને નવું બાઈક લીધુ તે નિમિત્તે	અમદાવાદ
૫૦૧-૦૦	અ.નિ. શ્રી પરાગભાઈ નટવરભાઈ મફતભાઈ પટેલ પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે (તા. ૨૦-૧૧-૦૬) શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે.	સાબરમતી (ઉનાવા)

અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ (માણેકબાગ) : પ.ભ. દયાળજીભાઈ ગગજીભાઈ પટેલ (નિરમા વાળા ગામ અખિયાણા) જેઓ સર્વોપરિ શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન અને વરસોથી કાલુપુર મંદિરમાં પોતા-વાળવાની અને ધૂન-ભજન કરવાની સેવાની ટેકવાળા ઉકાખાચર જેવું જેમનું અંગ હતું. જેઓના અક્ષરવાસથી સત્સંગમાં "નીચી ટેલ મળે તો માને મોટા ભાગ્ય જો" આવા ભક્તની મોટી ખોટ પડી છે. અક્ષરવાસ તા. ૯-૧૧-૨૦૦૬


અમદાવાદ (મેઘાણીનગર) : આપણા કાલુપુર મંદિરમાં બાળકો માટેની બાળ સભાનું ઘણા વરસોથી સંચાલન સંભાળતા પ.ભ. હરિપ્રસાદ મહાશંકર જોષી તા. ૧૧-૧૧-૨૦૦૬ના શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

બાવળા : પ.ભ. નગીનભાઈના મોટાભાઈ પ.ભ. કનૈયાલાલ હરજીવનદાસ તા. ૯-૧૧-૨૦૦૬ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ (વહેલાલવાળા) : પ.ભ. કનુભાઈ હરિભાઈ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સરસપુર-અમદાવાદ : આપણા સરસપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારી (ટ્રસ્ટી) પ.ભ. રમેશચંદ્ર શંકરલાલ ગજ્જર શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

શ્રી સ્વામિનારાયણ



શ્રી જન્મભૂમિમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ અન્નકૂટ દર્શન



શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડરમાં ઠાકોરજી સમક્ષ અન્નકૂટ દર્શન




ઐતિહાસિક નોંધપાત્ર ૨૨૫ કિલોની કેક કાપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનિયા (યુ.એસ.એ.)માં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો પ્રાક્ટ્યોત્સવ ધામધુમથી ઉજવ્યો હતો.



શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનિયા (યુ.એસ.એ.)માં સભામાં ધૂન-ભજનમાં તન્મય હરિભક્તો



છપૈયાની પરિક્રમામાં હજારોની સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા.



નારણઘાટ મંદિર "સહજાનંદ ચરિત્ર" પુસ્તકનું વિમોચન કરતા પ.પૂ.મહારાજશ્રી


Registered under RNI - No - applied Followed by words " Permitted to post at Ahd PSO on 11 the every month
under postal Regd. No. GAMC. 003 issued SSP Ahd Valid up to 31-12-08



સિસલ્સ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાની આરતી ઉતારતા આપણાં
પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી



મોરેશીયસ મંદિરમાં પ.પૂ. મહારાજશ્રીના સાંનિધ્યમાં યજમાન
કે.કે.પટેલ અને પરિવાર



એલાઈડ બિલ્ડર્સની સાઈટોનું નિરીક્ષણ કરતાં આપણા
પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી



એલાઈડ બિલ્ડર્સ યોજીત કથાનો પ્રારંભ થઈ રહ્યો છે.



સિસલ્સ મંદિરમાં પ.પૂ.મહારાજશ્રીના દર્શનાર્થે ઉમટેલ
હરિભક્તોની સભા.



એલાઈડ બિલ્ડર્સવાળા પ.ભ.શ્રી હરિશભાઈ તથા
પ.ભ.પ્રવિણભાઈ પ.પૂ.મહારાજશ્રીની આરતી ઉતારી રહ્યાં છે.